بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-માર્ચ-૨૦૧૦**

રબીઉલ અવ્વલ શરીફ-રબીઉલ આખર શરીફ

હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૭, અંક : ૦૩, સળંગ અંક : ૭૫



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## અનુક્રમણિકા


૦૧ રાજકર્તાઓ પર ગૌષ પાક رضی اللہ عنہ નો દબદબો ! ૦૨

૦૨ **બંને જહાનની ભલાઈ ચાહતા હોઉ તો ગૌષ પાક رضی اللہ عنہ ને અનુસરો !** ૦૩

૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૦૯

૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૧

૦૫ કામયાબ થવું છે તો કુર્આનને મજબૂતીથી થામો ! ૧૩

૦૬ કુર્આન વિરોધી ગલત પ્રોપેગન્ડાનો પર્દાફાશ ! ૧૭

૦૭ સરવરે કાએનાત صلی اللہ علیہ وسلم અને સાહિબૈન رضی اللہ عنہما નાં મુબારક શરીરોની ચોરીનાં ષડયંત્રો ૨૧

૦૮ રશિયામાં ઈસ્લામની આગેકૂચ ! ૨૭

૦૯ હ઼દાઈકે બખ્શિશ ૩૦

૧૦ હઝરત અલ્લામા અબ્દુર્રહમાન જામી رحمۃ اللہ علیہ ૩૩

૧૧ પાસબાને મિલ્લત હઝરત અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી رحمۃ اللہ علیہ ૩૭

૧૨ યહૂદીઓની શાંતિ વિરોધી પોલીસીઓ કાલે અને આજે ૪૦

૧૩ દહેજની માંગણી કરનારાઓ સાવધાન! ૪૩

૧૪ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૬


## મન્ક઼બત દર શાને રઝા

લબોં પર હૈ મેરે તરાના રઝા કા
નિગાહોં મેં હૈ આસ્તાના રઝા કા
ઉઠા કર મૈં આંખેં જિધર દેખતા હૂં
નુમાયાં હૈ ઈલ્મી ખઝાના રઝા કા
હમેં ધુપ ક્યૂં ગુમરહી કી જલાએં
હૈ સરપે હમારે શામિયાના રઝા કા
કિતાબેં ઈમામો મુજદ્દિદ કી દેખેં
હૈ કિતના હસીન કારનામા રઝા કા
ધંસા જબ ઝમીં મેં તો ફિર ઉઠ ન પાયા
લગા જિસ્કો ભી તાઝિયાના રઝા કા
મહલ બદ્અક઼ીદોં કે ઢાએ ગએ હૈં
ન ચૂકા કભી ભી નિશાના રઝા કા
ગુલામી મેં ઉન્કી નહીં સિર્ફ હમતુમ
હૈ મદ્દાહ સારા ઝમાના રઝા કા

**રજૂકર્તા : મુહમ્મદ રફીક દાઊદ-દહેગામ**

# રાજકર્તાઓ પર ગૌષ પાક رضی اللہ عنہનો દબદબો !

કાર્યાલય

વર્તમાન ભ્રષ્ટાચારી ફાસિક઼, ફાજિર બલ્કે કોઈ કાફિર રાજકરણી કે હિરો તથા હિરોઈનોમાંથી કોઈ ક્યાંક કદીક બુઝુર્ગના આસ્તાના પર આવી ચઢે તો મોટા ભાગે તે આસ્તાનાના વર્તમાન સંચાલકો તેને ગર્વની વાત સમજે છે અને તેની સામે ખૂબ જ આજીજીથી પેશ આવે છે અને તેના સમાચારો જગતભરમાં પ્રસિધ્ધ કરવામાં પોતાનું સન્માન તથા ગૌરવ સમજે છે ! જ્યારે કે અલ્લાહના વલીઓ આ નીતિથી તદ્દન વિપરિત હતા. એના સંબંધે ગૌષ પાક رضی اللہ عنہના હાલાત અહીં વર્ણન કરીએ છીએ જે હાલના આસ્તાનાના સંચાલકો માટે ઈબ્રતનો સામાન બને.

અવલિયાએ કિરામનો નિયમ રહ્યો છે કે તેમનું ખુદાની બારગાહમાં ઝુકેલુ માથુ સુલ્તાનો તથા રાજાઓ સામે ન નમ્યુ અને ન તો તખ્તો તાજવાળા સાથે સંબંધ તેમના માટે ગર્વની વાત રહી. સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہના બારામાં હઝરત ખિઝરનું બયાન છે કે હું તેર વર્ષ શયખની ખિદમતમાં હાજર રહ્યો, મેં નથી જોયું કે તે કોઈ મોટા માણસ માટે ઉભા થયા હોય કે બાદશાહના દરવાજે ગયા હોય અથવા શાહી બિછૌના પર બેઠા હોય. એક વખત સિવાય બાદશાહનું ખાણુ કદી ન ખાધુ. સમયના રાજાઓ તથા અમીરોના નરમા નરમ બિસ્તરો પર બેસવાને એવી સજા ઠરાવતા હતા જે માણસને દુનિયામાં જ આપી દેવામાં આવી હોય. બાદશાહ, વઝીર તથા અન્ય સલ્તનતના કર્તાહર્તાઓ હાજર થતા પહેલાં જ આપ ઉઠીને ઘરે તશરીફ લઈ જતા, જ્યારે તે લોકો આવીને બેસી જતા તો આપ તશરીફ લાવતા. આ રીતે કરવાનો હેતુ એ હતો કે ઉભા થઈને તેમનું સ્વાગત ન કરવું પડે. એમની સાથે ચર્ચા દરમ્યાન આપનો લબો લેહજો કડક રહેતો અને અસરકારક અંદાઝમાં તેમને નસીહત કરતા અને તે લોકો આજીજી તથા ઈન્કેસારીના પયકર બનીને આપની સામે હાજર રહેતા. *(કલાઈદુલ જવાહિર, પેજ–૧૯–૨૦, બહવાલા અહલે સુન્નતકી આવાઝ–૨૦૦૭)*

એકવાર સમયનો ખલીફા મુસ્તન્જદ બિલ્લાહ અબુલ મુઝફફર યૂસુફ મુલાકાતના માટે આવ્યો. સલામ કરી અને દરખાસ્ત કરી કે મને કાંઈક નસીહત ફર્માવો અને સાથે જ દિરહમો તથા દીનારોની દસ થેલીઓ રજૂ કરી જેને દસ ખાદિમોએ ઉઠાવેલ હતી. આપે ક઼બૂલ કરવાથી ઈન્કાર કરી આપ્યો. ખલીફાના આગ્રહ પર થેલીઓને હાથોમાં લઈને દબાવી તો એમાંથી લોહી ટપકવા લાગ્યું. આપે ફર્માવ્યું : હે અબૂ મુઝફફર ! તમને અલ્લાહ તઆલાથી શરમ નથી આવતી કે લોકોનાં લોહી ચૂસીને લાવો છો અને મને પેશ કરો છો ?! ખલીફા એ જોઈને બેહોશ થઈ ગયો. હઝરત શયખે ફર્માવ્યું : ખુદાની કસમ ! જો રસૂલુલ્લાહ ﷺના સંબંધનો લેહાઝ ન હોત તો આ લોહી વહેતુ વહેતુ ખલીફાના મહેલ સુધી જાત. *(ઉપર મુજબ, પેજ–૩૦)*

હઝરત શયખ જાહેરમાં મિમ્બર પર સુલ્તાનો તથા અમીર ઉમરાવોને ભલાઈનાં કામો કરવાનો હુકમ આપતા અને બુરાં કામોથી રોકતા. જાલિમોને ગવર્નર બનાવવા પર વિના કશાય ડરે ઈન્કાર કરતા. જ્યારે સમયના ખલીફા મુક઼્તદા અમ્રુલ્લાહે અબુલ વફા યહયા ઈબ્ને સઈદ ઉર્ફે ઈબ્ને મઝાહિમ જાલિમને ક઼ાઝી (ન્યાયધીશ) નિમ્યો તો આપે જાહેરમાં મિમ્બર પર ખલીફાને સંબોધીને ફર્માવ્યું : ''તેં એક અતિ જાલિમ શખ્સને ક઼ાઝી નિમ્યો છે ! કાલે ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાને શું જવાબ આપીશ ?'' તો ખલીફા કાંપી ઉઠયો અને તેની આંખોએથી અશ્રુધારા વહેવા માંડી અને તે જ વખતે તે ક઼ાઝીને બરતરફ કરી દીધો. *(પેજ–૯, ઉપર મુજબ)*

સમયના ખલીફાને પત્ર લખતા તો આ અંદાઝમાં કે : ''અબ્દુલ ક઼ાદિર તમને આ હુકમ આપે છે ! તેનો હુકમ તમારા પર લાગુ છે અને તેનું પાલન તમારા પર વાજિબ છે. એ તારા મુક઼્તદા અને તારા માટે હુજ્જત (દલીલ) છે.'' ખલીફાને પત્ર મુબારક મળતો તો ઉભો થઈને તેને બોસો આપતો ! *(ઝુબ્દતુલ અસ્રાર, પેજ–૫૪, ઉપર મુજબ)*

આ છે શાને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ અને તેમના નામ લેવાઓ દરેકના માટે એમાં ઘણો બધો ઈબ્રતનો સામાન છે. અલ્લાહ હિદાયત આપે. (આમીન)

# બંને જહાનની ભલાઈ ચાહતા હોઉ તો ગ઼ૌષ પાક رضی اللہ عنہ ને અનુસરો !

તંત્રી લેખ

આ હિ.સ. ૪૭૪ ઈ.સ. ૧૦૭૯નો આશ્ચર્યજનક બનાવ છે કે એક ખુશનસીબ ખૂબસૂરત નૂરાની બાળકને ચાર વરસની ઉંમર થતાં ઈસ્લામી રસ્મો રિવાજ પ્રમાણે તેના મુત્તક઼ી તથા પરહેઝગાર, ખુદાના અતિ નેક બંદા એવા પિતા પોતાના પુત્રની બિસ્મિલ્લાહખ્વાનીની રસ્મની અદાયગીના માટે તથા મકતબમાં દાખલ કરવા માટે લઈ ગયા. તે બાળક ઉસ્તાદ સામે ગુથણોવાળી બાઅદબ બેસી ગયું. ઉસ્તાદે કહ્યું, પઢો ! بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ તો તે બાળકે બિસ્મિલ્લાહ શરીફ પઢવાની સાથોસાથ અલિફ–લામ–મીમથી લઈને **સંપૂર્ણ ૧૮ સીપારા મોઢે પઢી નાખ્યા !** ઉસ્તાદે આશ્ચર્યમાં ગરકાવ થઈને પૂછયું કે આ તેં ક્યારે પઢયું અને કેવી રીતે યાદ કર્યું ?! ફર્માવ્યું, **મારાં વાલિદા (માતા) ૧૮ સીપારાનાં હાફિઝા હોવાથી તેને તે મોટાભાગે પઢયા કરતાં હતાં. જ્યારે હું માના પેટમાં હતો તો એ ૧૮ સીપારા સાંભળી સાંભળીને મને યાદ થઈ ગયા. સુબ્હ઼ાનલ્લાહ !** આ ખુશ નસીબ બાળક તે હઝરત ગ઼ૌષે આ'ઝમ સૈયદના મુહીયુદ્દીન અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہ અને પિતા હઝરત સૈયદના શૈખ અબૂ સાલેહ મૂસા જંગી દોસ્ત رضی اللہ عنہ અને માતા હઝરત ફાતિમા ઉમ્મુલ ખૈર رضی اللہ عنہا.

### ★ મા બાપ નેક હશે તો બાળકો જરૂર નેક થશે ! ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! ઉપરોક્ત બનાવ પરથી જણાય આવે છે કે મા બાપ નેક હશે તો ઔલાદમાં પણ એની અસર જાહેર થાય છે. વિના શંકાએ ગ઼ૌષ પાક رضی اللہ عنہ તો માદરઝાદ વલી હતા જ પણ મા પણ કેવી મહાન વલીય્યા તથા બાપ કેવા મહાન તક઼વાવાળા, ખૌફે ખુદાવાળા બુઝુર્ગ હતા તેને પણ સંક્ષિપ્તમાં સમજી લો.

કિતાબોમાં છે કે એક પાક સીરત નવ યુવાન નદી કિનારે ચાલી રહ્યો હતો. ભૂખની સખ્ત હાજત હતી એવામાં પાણીની સપાટી પર એક સફરજન તરતુ જોવા મળે છે તો તે યુવાન તીવ્ર ભૂખના કારણે તેને ઉઠાવીને ખાય જાય છે. પણ તરત જ દિલમાં ખુદાનો ખૌફ જાગે છે કે આ સફરજન કોઈ અન્યની માલિકીનું હતું અને મેં વિના ઈજાઝતે ખાઈ લીધું ! મારે તેના માલિકથી માફી માંગવી જોઈએ. જેથી આપ નદી કિનારે ચાલતા રહે છે તો ઘણે દૂર જતાં એક ફળોનો બાગ નજરે ચઢે છે. આપ વિચારે છે કે આ જ બાગથી સફરજન પાણીમાં આવ્યું હશે જેથી તેના માલિકથી માફી માંગી લઉં જેથી ક઼યામતમાં મારી પકડ ન થાય. બાગના માલિકને મળીને માફીનો પ્રસ્તાવ રાખે છે. બાગનો માલિક પણ અલ્લાહનો નેક બંદો હતો તે સમજી જાય છે કે આટલી વાતમાં માફી માંગવા આવનાર કોઈ મામૂલી બંદો નથી હોઈ શકતો, જેથી તે યુવાનને કહેવામાં આવે છે કે અમુક અરસા સુધી મારા બાગની રખેવાળી કરવી પડશે પછી માફી માટે વિચારીશું. તો તે યુવાન એ વાત પણ સ્વીકારી રખેવાળીમાં લાગી જાય છે. સમય પૂર્ણ થતાં ફરી માફી માટે કહે છે તો કહેવામાં આવે છે કે એ રીતે માફ નહીં થાય પણ તારે મારી એક

પુત્રી સાથે શાદી કરવી પડશે જે જીભે ગુંગી, આંખે આંધળી, કાને બહેરી અને પગે લંગડી છે. તો એ યુવાન સ્વીકારી લે છે, પણ શાદી બાદ છોકરી જુએ છે તો સ્થિતિ કાંઈક જુદી જ હતી, જેથી બાગના માલિકને તે યુવાન જણાવે છે કે તમે આંધળી, બહેરી, લુલી, ગુંગી છોકરી વિશે કહેલું પણ છોકરીમાં એવું કાંઈ જ નથી ! તો તેમણે જણાવ્યું કે મારી પુત્રીએ કદી ખરાબ વાત સાંભળી નથી એટલે એને બહેરી કહી, ખરાબ જોયું નથી, ખરાબ બોલી નથી, ખરાબ કામ હાથ પગો વડે કર્યા નથી જેથી આંધળી, ગુંગી, લૂલી કહી, મારી દીકરીને મેં દીની ભરપુર તા'લીમ આપીને નેક સીરત તથા ખુદાના ખૌફમાં જીવનારી બનાવી છે, અને તમારામાંનો ખુદાનો ખૌફ જોઈને જ મેં મારી નેક દીકરી તમારા નિકાહમાં આપી છે.

સુબ્હાનલ્લાહ ! આ નેક અતિશય ખૌફે ખુદાવાળો નવયુવાન તે ગૌષ પાક رضی اللہ عنہના પિતા અબૂ સાલેહ મૂસા જંગી દોસ્ત رضی اللہ عنہ અને એ નેક દીકરી તે આપનાં વાલિદા હઝરત ફાતિમા ઉમ્મુલખૈર رضی اللہ عنہا અને એ બાગના માલિક તે આપના નાનાજાન સૈયદ અબ્દુલ્લાહ સુમઈ رضی اللہ عنہ.

### ★ આપણી જિંદગી પ્રતિ પણ એક નજર કરીએ ! ★

આજે આપણો શો હાલ છે ?! ગૌષ પાક رضی اللہ عنہની ચાહતનો દમ ભરનારા ભાઈઓ તથા બહેનો ! ગૌષ પાક رضی اللہ عنہની જિંદગીમાંથી આપણે ક્યો બોધ અપનાવ્યો ? તેમનાં મા બાપની તક્વાની હાલત તો એટલી હદે હતી કે મુબાહ ગણાતી ચીજો તેમના માટે તેમની નજરમાં ગુનાહમાં ગણાતી જેની માફી માટે વરસો સુધી કષ્ટો વેઠીને પણ માફ કરાવવા તત્પર રહેતા હતા, જ્યારે આપણી હાલત તો એવી થઈ ગઈ છે કે **ગુનાહોની એવી વણઝાર આપણે ખડી કરી દીધી છે કે જાણે ગુનાહને ગુનોહ જ નથી સમજતા** ! ગૌષ પાક رضی اللہ عنہની ન્યાઝની સેંકડો ને હજારો દેગો મહોબ્બતના દાવા સાથે ખતમ કરી નાખનારા **આશિક઼ોના લગભગ દરેક ઘરમાં નામેહરમ સ્ત્રી પુરૂષોના ડાન્સ તથા ફિલ્મોના તથા સ્ત્રી પુરૂષોની રમાતી રમતોનાં દશ્યો T.V. ઉપર નિઃસંકોચ કશાય ખુદાના ખૌફ વિના સૌ મર્દ ઔરત ઘરનાં બહારનાં ભેગાં બેસીને જોઈ રહ્યાં છે** ! શાદીઓમાં ફોટા જાણે હલાલ હોય એ રીતે પડે છે અને વીડીઓ તો સ્ત્રી પુરૂષોની ભીડ સાથે વિવિધ એક્ટિંગોવાળી ફિલ્મો ઉતરી રહી છે જેને જગતભરમાં પછીથી જોવામાં આવે છે. અને શાદીઓમાં તથા અન્ય પ્રસંગો પર આપણી મુસ્લિમ સ્ત્રીઓ તદન હયાસોઝ તથા બદ્ચલન સ્ત્રીઓના જેવા, શરીરનાં અંગો ઝલકે તેવા પાતળા તથા અંગો ઉપસી આવે તેવા ભડકીલા, સર્વ લેસ લેસ કરતા બેક લેસ, ટોપ લેસ, સ્લીવ લેસવાળા તથા ફીટો ફીટ ડ્રેસો પહેરી વટથી સરેઆમ ઘૂમી રહી છે, **પર્દાનું તો નામોનિશાન નથી જણાતુ ! બલ્કે ઓઢણીઓ પણ અદશ્ય થઈ ગઈ.** અને મા બાપ શરમાવાને બદલે પોતાની આવી છેલબટાઉ આવારા ફરતી ઔલાદ પર ગર્વ કરી રહ્યાં છે, અને કોઈ સારી સલાહ આપવા જાય તો તેને દુશ્મન સમજી તેના પર વરસી પડે છે ! પછી જ્યારે ઔલાદ તરફથી મુસીબતો ઊભી થાય છે તો કહે છે કે, "કોઈએ કાંઈક કરાવી દીધું !" ને આ બાપુ તથા પેલા બાપુ પાસે દોડદોડ કરવા લાગે છે. વિચારતા નથી કે આપણે જ દીની સમજ ન આપીને આપણી ઔલાદનું કરાવી નાખ્યું છે તેનું આ પરિણામ છે !

જ્યારે આ છે ગૌષ પાક رضی اللہ عنہનાં વાલિદા કે **કદી કોઈ ગૈર મેહરમની એમના પર નજર નથી પડી કે ન કદી તેમણે બુરી ચીજ જોઈ, ન કદી ગુનાહો તરફ ક઼દમ ઉઠયા, ન કદી જીભથી કોઈ બિભત્સ કે ગુનાહિત શબ્દો નીકળ્યા.** તો મુસલમાનો ! તમે તેમનો સૂચવેલ જન્નતી માર્ગ

ત્યજીને યહૂદ તથા ક્રિશ્ચન નગ્ન સંસ્કૃતિવાળી શૈતાની કૌમના રવાડે ચઢી જહન્નમી માર્ગે જઈ રહ્યા છો?! ક્યાં છે તમારા કિરદારમાં, રહેણી કરણીમાં, વાણીમાં, અખ્લાક઼માં આ બુઝુર્ગોના તરીક઼ાની ઝલક? છતાં "ગ઼ૌષ કા દામન નહીં છોડેંગે"ના નારા લગાડો છો! તૌબા કરી લો! હે પ્યારા મુસલમાન ભાઈઓ બહેનો! સાચો દામન પકડવું એ છે કે એમની જીવન પધ્ધતિને અપનાવો અને શરીઅત મુજબ જીવન જીવો તો તેમની રૂહ પણ ખુશ થશે અને ફયઝ પણ મળશે અને રબ્બે કરીમ પણ રાજી થઈ રહમો કરમથી નવાઝશે.

## ★ પાકીઝા માની પાકીઝા તા'લીમનું ભલુ પરિણામ ! ★

રબ્બે કરીમનું ફર્માને આલીશાન છે કે, لَعۡنَتُ اللّٰهِ عَلَى الۡكٰذِبِيۡنَ "જૂઠાઓ પર અલ્લાહની લઅનત!" "લઅનત" એટલે "અલ્લાહની રહમતથી દૂર" થવું. હવે વિચારો કે અલ્લાહની રહમતથી વંચિત થઈ જાય તેનો શો અંજામ થશે? વળી હદીષે પાકમાં છે કે, "**સાચુ** બોલવુ નેકી છે અને નેકી **જન્નતમાં લઈ જાય** છે અને **જૂઠુ** બોલવું ફિસ્ક઼ો ફુજૂર (ગુનોહ) છે અને ફિસ્ક઼ો ફુજૂર **જહન્નમમાં લઈ જાય** છે." *(મુસ્લિમ શરીફ)* અન્ય હદીષમાં છે કે, "જ્યારે બંદો જૂઠુ બોલે છે તો તેની બદબૂથી ફરિશ્તો એક માઈલ દૂર ખસી જાય છે." *(તિર્મિઝી શરીફ)*

આ પણ એક અતિ ઈબ્રતનાક હદીષ છે કે હઝરત સફવાન ઈબ્ને સુલૈમ رضي الله عنهથી રિવાયત છે કે હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું કે, શું મોમિન ડરપોક હોય છે? હુઝૂરે ફર્માવ્યું, હા! (હોય શકે છે) પછી અર્ઝ કરી, શું મોમિન બખીલ (કંજૂસ) હોય શકે છે? ફર્માવ્યું, હા! પછી પૂછયું કે **શું મુસલમાન કઝ્ઝાબ એટલે જૂઠો હોય શકે છે? ફર્માવ્યું, નહીં!** *(બયહકી, મિશ્કાત બહવાલા અન્વારુલ હદીષ)*

આ છે કુર્આન હદીષની તા'લીમ જેનો સબક દરેક મુસલમાને પોતાની ઔલાદને આપવો જોઈએ. ગ઼ૌષ પાક رضي الله عنهનાં મા બાપે આપને એના વિશે એવી તા'લીમ આપી કે જ્યારે આપ બગદાદ શરીફ ઈલ્મે દીન હાંસલ કરવા રવાના થયા તો માતાએ ૪૦ દીનાર ખીસ્સામાં સીવી આપ્યા સાથે નસીહત કરી કે, **"બેટા! કદી જૂઠુ ન બોલશો."** કારણ કે ઉપર મુજબનાં કુર્આન હદીષના હુકમો આપની નજરો સમક્ષ હતા. અને કઈ માતા હશે કે પોતાના બાળક પર અલ્લાહની લઅનત પડે અને તે તેણીને પસંદ હોય? કઈ માતા પોતાની ઔલાદ માટે ખુદાની રહમતની તલબગાર ન હોય? અને જહન્નમથી ઔલાદનો છૂટકારો ન ચાહતી હોય?!

પ્રસંગ ખૂબ મશહૂર છે, આપ જાણતા જ હશો કે માર્ગમાં કાફલાવાળાઓ પર ડાકૂઓ ત્રાટકયા અને સર્વનો માલ લૂટી લીધો છેવટે આપને પૂછયું તો આપે સાચે સાચુ કહી આપ્યું કે, "મારી પાસે ૪૦ દીનાર છે અને મારી માએ મને કદી જૂઠ ન બોલવાની તા'લીમ આપી છે જેથી હું સાચે સાચુ કહી રહ્યો છું." તો આ એક બાળકના સત્યની બરકતથી ડાકૂઓના સરદાર સહિત સર્વ ડાકૂઓ સૌનો માલ પરત આપી તૌબા કરી ઈસ્લામી જીવન અપનાવી બુલંદ મર્તબાઓ પર પહોંચી જાય છે. એક પાકીઝા માની પાકીઝા તા'લીમનું આ છે ભલુ પરિણામ!

**હે મુસલમાનો**! તમે તમારી ઔલાદને શું શીખવાડયું? વળી તમે પોતે તમારા જીવનમાં કેટલા સાચાબોલી છો?! જો તમે ગ઼ૌષ પાક رضي الله عنهના ચાહક છો તો જૂઠુ બોલીને રોજી કમાવાથી કે કોઈનો હક઼્ક઼ કે માલ હડપ કરવાથી કે કોઈની અમાનતમાં ખયાનત કરવાથી તૌબા કરી લો. જ્યારે બાળકને

પતાવવા કે જાનવરને બોલાવવા જૂઠી એક્ટિંગ કરવી જાઈઝ નથી, એ પણ જૂઠ જ છે, **મઝાકમાં પણ જૂઠુ બોલવાની મનાઈ છે** કે એ પણ જૂઠ જ છે, તો વેપાર ધંધામાં તથા અન્ય વહેવારમાં જૂઠ બોલીને તમે ક્યાંથી ભલાઈ પામી શકવાના ?! માટે ગમે તે થઈ જાય પણ જૂઠ કદી ન બોલશો.

## ★ લાઈલાહ ઈલ્લલ્લાહ દાવો અને નેક અમલો તેની દલીલ ★

સરકાર ગૌષ પાક رضی اللہ عنہની ઈબાદતનો આલમ એ હતો કે, **૪૦ વરસ સુધી પાબંદીની સાથે ઈશાના વુઝૂથી આપ ફજરની નમાઝ અદા કરતા રહ્યા.** એટલે કે આખી રાત ઈબાદતમાં રહેતા, એક દિવસ બે દિવસ કે એક મહિનો બે મહિના કે વરસ બે વરસ નહીં ! ૪૦ વરસો સતત એ રીતે ગુજાર્યા. અને **૧૫ વરસો સુધી આપની રોજનીશીમાં ઈશાની નમાઝ બાદ પૂર્ણ કુર્આન ખત્મ** ફર્માવવાનું સામેલ રહ્યું. તેમજ ૨૫ વરસો સુધી જંગલોમાં એવા એકાંતમાં પસાર કર્યા કે કોઈ માનવીનો ચહેરો સુદ્ધાં જોવા ન મળ્યો.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપણા જે ભાઈઓ બહેનો પોતાની રાતોને શાદીઓના નાચગાનના તથા અન્ય મનોરંજનના પ્રોગ્રામો કે નાઈટ મેચો જેવા ખેલકૂદમાં ગુજારી રંગીન તથા મદમસ્ત બનાવી શરીઅત વિરુદ્ધ કામોમાં પસાર કરે છે અને ફજરના સમયે ગાઢ નિદ્રામાં પોઢી જઈને સૂરજ તપતા સુધી નચિંત બની ઊંઘતા રહે છે, તેઓ વિચારે કે જે સરકાર ગૌષ પાક رضی اللہ عنہના આપણે દીવાના હોવાનો દાવો કરીએ છીએ તે રબના કેવા ફર્માંબરદાર હતા, તેમની રાતો રબની ઈબાદતમાં જતી, રબને રાજી કરવામાં, નમાઝમાં, ઝિક્રમાં, તિલાવતે કુર્આનમાં પસાર થતી, જ્યારે એમનાથી તદ્દન ઉલ્ટુ જીવન જીવીને આપણે કઈ રીતે કામયાબ થઈ શકીશું ?!

ખૂદ ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે, "હે યુવાન તને દુનિયામાં એશ આરામના માટે નથી પેદા કરવામાં આવ્યો. અલ્લાહ તઆલાના નાપસંદીદા કામોને બદલી નાખ. તેં સમજી લીધું છે કે અલ્લાહના આજ્ઞાપાલન માટે **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** પઢી લેવું પૂરતુ છે, એ તારા માટે ત્યારે ફાયદાકારક થશે જ્યારે તું એની સાથે કાંઈક અન્ય કામો (નેક અમલો) મિલાવી લઈશ. "ઈમાન" **ઈક઼રાર** તથા **અમલ**નું નામ છે. **જ્યારે તું ગુનાહો લગઝિશોમાં સપડાયેલ અને અલ્લાહના હુકમોના વિરુદ્ધ વર્તવામાં લાગેલો રહીશ, તેને સતત કરતો જઈશ, નમાઝ, રોઝા, ઝકાત અને નેક કામો ત્યજી દઈશ તો આ બે ગવાહીઓ (કલ્માની) તને શો લાભ આપશે ?!**

જ્યારે તેં **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું તો એ **એક દાવો** છે, તને કહેવામાં આવશે કે આ દાવા પર દલીલ શું છે ? **અલ્લાહ તઆલાએ જે ચીજોનો હુકમ આપ્યો છે તેને અદા કરવું, જેનાથી મના કર્યું તેનાથી દૂર રહેવું, આફતો પર સબ્ર કરવી તથા તક઼દીરે ઈલાહીને સ્વીકારી લેવી, એ આ દાવાની દલીલ છે.** જ્યારે તેં આ અમલો કર્યા તો અલ્લાહ તઆલાના માટે ઈખ્લાસના વિના (રિયાકારી કે દેખાડવાનો અમલ) ક઼બૂલ થશે નહીં. "ક઼ૌલ" અમલ વિના અને "અમલ" ઈખ્લાસ તથા સુન્નતની પયરવી વિના ક઼બૂલને પાત્ર નથી. *(ફત્હે રબ્બાની, પેજ–૧૦)*

## ★ શરીઅત તથા સુન્નતના પાબંદ થવા ગૌષ પાક رضی اللہ عنہનો આદેશ ★

હે ગૌષ પાક رضی اللہ عنہના ચાહકો ! આપ ખરેખર મહોબ્બતના દાવેદાર છો તો આપનાં ફર્માનો પણ સાંભળો અને તેના પ્રમાણે જીવન પદ્ધતિ અપનાવો તો જ સાચા આશિક઼ કહેવાશો. આપ ફર્માવે છે :–

"જે શખ્સ શરીઅતના નિયમો (આદાબ) નથી અપનાવતો તેને કયામતના દિવસે આગ અદબ શીખવાડશે ! તે હકીકત બેદીની છે જેના માટે શરીઅત ગવાહી ન આપે. જે શખ્સ નબી કરીમ ﷺની પયરવી નથી કરતો, **એક હાથમાં આપની શરીઅત તથા બીજા હાથમાં કુર્આને પાક નથી થામતો તેની પહોંચ અલ્લાહની બારગાહ સુધી નથી થઈ શકતી, તે તબાહ તથા બર્બાદ થઈ જશે.** ગુમરાહી તથા ઝલાલત તેનું મુકદ્દર હશે. આ બંનેવ બારગાહે ઈલાહી સુધી તારા માર્ગદર્શકો છે. કુર્આને પાક તેમને ખુદાના દરબાર સુધી અને સુન્નત બારગાહે મુસ્તફા સુધી પહોંચાડશે. ﷺ

તમે તમારી નિસ્બત તમારા નબી ﷺ સાથે સહીહ કરી લો. જે સાચા અર્થમાં આપને અનુસરનારો થયો તેની નિસ્બત સહીહ છે. **અનુસરણ વિના તમારું એવું કહી દેવું ફાયદામંદ નથી કે હું હુઝૂર ﷺનો ઉમ્મતી છું.** જ્યારે તમે વાણી તથા વર્તનમાં હુઝૂરે અન્વર ﷺનું અનુસરણ કરશો તો આખેરતમાં આપની સોહબતમાં રહેશો. *(ફત્હે રબ્બાની, ૯૦-૯૧)*

## ★ ગૌષ પાક رضی اللہ عنہ અને ખૌફે ખુદા ★

**પ્યારા દીની ભાઈઓ !** ગૌષ પાક સરકારે બગદાદ رضی اللہ عنہ અલ્લાહ તઆલાના આટલા મહાન વલી તથા શરીઅતના અતિ પાબંદ હોવા છતાં આપનો બારગાહે રબમાં ખૌફે ખુદાનો તથા આજીજીનો આલમ શું હતો તે પણ જાણી લો. હઝરત શયખ મુસ્લિહુદ્દીન સઅદી શીરાઝી ફર્માવે છે કે લોકોએ શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہને હરમે કા'બામાં જોયા કે કાંકરીઓ પર ચેહરો રાખીને અર્ઝ કરી રહ્યા હતા, **"હે માલિક ! બખ્શી આપ ! અને જો હું સજાને પાત્ર છું તો કયામતના દિવસે મને નાબીના ઉઠાડજે જેથી નેક લોકો સામે મારે શર્મિંદા ન થવું પડે !"** *(ગુલિસ્તાં, ૨/૬૭)*

**દોસ્તો !** શું સબક લેશો આ પ્રસંગ પરથી ?! **રબની બારગાહમાં આ તેની આજીજી છે જેને ખૂદ રબ તઆલાએ "મુહીયુદ્દીન" (દીનને જીવંત કરનાર) બનાવ્યા અને વલીઓના સરદારનો મહાન મર્તબો એનાયત કર્યો, પુષ્કળ કરામતો અતા કરી,** તો પછી આપણી જેવા ગુનેહગારોએ તો કેટલી આજીજી કરવી જોઈએ અને કેટલી તૌબા કરવી જોઈએ ! ગૌષ પાક رضی اللہ عنہની તા'ઝીમ તથા સન્માન કરેલું તેને જ કહેવાશે કે તમો તેમનાં ફર્માનો પર ચાલો, તેમના નકશે કદમને અનુસરો, જે જેને જેટલો વધુ ચાહે છે તેટલો અધિક તેમના પડતા બોલ ઝીલી લે છે, તેની વાતોને માની લઈને તે પ્રમાણે જ અમલ કરે છે, એ જગતનો દસ્તૂર છે તો **તમે ગૌષ પાક رضی اللہ عنہની મહોબ્બતમાં કેટલા સાચા છો એ તમારા કિરદાર, અખ્લાક, અમલો જાહેર કરી રહેલ છે તેના પરથી સમજી લો. નહીં તો કેવળ દાવો તથા જોશ જઝબાત એ ઝબાની દાવાથી વિશેષ કાંઈ મહત્વ ધરાવશે નહીં !**

## ★ સાચા આશિક છો તો ગૌષ પાક رضی اللہ عنہના ગુસ્તાખોથી સંબંધ કટ કરો !★

હાલમાં જ સઊદી સ્થિત વહાબી ત્રાસવાદી જમાઅતના એક બદ્બખ્ત ખુંખાર મોલ્વીનાં નબી વલીની ગુસ્તાખી કરતાં બયાનો નેટ પર પ્રસિદ્ધ થયાં તથા મુંબઈ ખાતે પણ તેણે બકવાસ કર્યો અને ત્યાંના જાગૃત સુન્નીઓના પ્રેશરથી તથા "રઝા એકડમી"ના પ્રયત્નોથી તેણે ધરપકડથી બચવા બેંગ્લોર તાત્કાલિક ભાગવું પડયું, તે "મિરાજ રબ્બાની" નામના ગુસ્તાખ મોલ્વીએ **"યા રસૂલલ્લાહ ! યા અલી ! યા ગૌષ, યા ખ્વાજા ગરીબ નવાઝ...."** વગેરેથી પોકારવા સંબંધે તેમનો કુખ્યાત અકીદો

જાહેર કર્યો અને તદ્દન નાસ્તિકો જેવી ભૌતિક દલીલો રજૂ કરી. કુર્આન હદીષ થકી જેની રદ વારંવાર આપણી કિતાબો જેમ કે જાઅલ્ હક્ક, સલ્તનતે મુસ્તફા, રહમતે ખુદા બવસીલએ ઔલિયા, નિદાએ યા રસૂલલ્લાહ, રાહે હક્ક, રહનુમાએ હક્ક વગેરેમાં આવી ચૂકેલ છે. એ જ પ્રમાણે વહાબી દેવબંદી ફિર્કાવાળાઓની કિતાબોમાં સતત નબી વલીની શાનની વિરુદ્ધ, ઈદે મીલાદુન્નબી ﷺને મનાવવા વિરુદ્ધ, ૧૧મી શરીફની, છટ્ઠી શરીફની, મુહર્રમમાં યાદે હુસૈનની મેહફિલો તથા ન્યાઝ વિરુદ્ધ, સુન્નીઓની શરીઅત મુજબ થતી સર્વ રસમો વિરુદ્ધ ઝહેર ઓકવામાં આવે છે, છતાં **પટેલ, મેમણ, ઘાંચી, વહોરા, સૈયદ, પઠાણ, ખત્રી સર્વ જમાઅતોવાળા પોતાની જમાઅતના તથા બહારના આ બદ્અકીદાવાળાઓથી દૂર થવાને બદલે અમને જણાય છે કે રોજ બરોજ અધિક નજીક થતા જાય છે !** સાંભળો ! આપણે જેને જમાઅત કહીએ તે કોઈ ચીજ નથી, **આપણે સૌ અસલમાં "અહલે સુન્નત વ જમાઅત" છીએ ચાહે પટેલ હોય, મેમણ હોય, ઘાંચી હોય....વગેરે, અને જે "અહલે સુન્નત વ જમાઅત"થી અલગ વહાબી, દેવબંદી, અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી.... વગેરે અકીદાવાળો બને તેમનાથી દૂરી અપનાવવામાં આવે, જો સૌ એવા થઈ જાય તો ખૂદ તેમનામાંથી નીકળી જવું! એનું નામ જ સુન્નિયત છે,** અને **એ જ કુર્આન** તથા **હદીષ**નો તથા **બુઝુર્ગો**નો **આદેશ** છે. "સમાજ" તેને કહેવાશે જેને ઈસ્લામી શરીઅત માન્ય રાખે, અને જો એનાથી અલગ ચાલે ચાલી "સુલેહકુલ્લી" બનીને સૌને ગળે લગાડવાના હોય તો તે સમાજ નથી પણ એ **જહન્નમમાં જવાનો સામાન કરવાનો "શંભૂમેળો"** તથા **"પચરંગી મેળાવડો"** છે.

તેમજ **કુર્આનમાં** પણ છે કે, **"તમારા બાપ તમારા ભાઈ જો ઈમાન છોડી કુફ્રને પસંદ કરતા હોય તો તેમને દોસ્ત બનાવશો નહીં...."** *(સૂરએ મુમ્તહિના-૧)*

આપણા પ્યારા **નબી કરીમ ﷺનું ફર્માન** બદ્ અકીદાવાળાઓ માટે છે કે, **"તમે એમનાથી દૂર ભાગો અને એમને તમારાથી દૂર કરો ! ક્યાંક એ તમને ફિત્નામાં ન નાખી દે."** અને ખૂદ ગૌષ પાક رضی اللہ عنہએ "ગુન્યુત્તાલિબીન"માં હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہના હવાલાથી લખ્યું છે કે, **"જો કોઈ બદ્મઝહબ સામેથી આવતો હોય તો તમે રસ્તો બદલો."** આ સર્વની વિરુદ્ધ જઈને **તમે એ કેવા નબી પાક ﷺ તથા ગૌષ પાક رضی اللہ عنہના આશિક છો કે તમારી શાદીઓમાં તથા મૈયતોમાં ૫૦ થી ૬૦% વહાબીઓની હાજરી હોય અને તેમને તમે ખુશી ખુશી નિમંત્રો, જમાડો ને સગાઈ તથા દોસ્તી ચાલુ રાખો ! અને બીજી બાજુ સુન્ની બનીને પણ ફરો !** આ ડબલ પોલીસીથી તમે લોકોને ધોકો આપી શકો છો ! તમારી જાતને ધોકો આપી શકો છો, પણ યાદ રાખો ! **ખુદાને નથી છેતરી શકતા ! ખુદાને ત્યાં તમારી જબરદસ્ત પકડ થવાની છે તે ભૂલશો નહીં.**

વળી કેટલાકને તો બદ્મઝહબોથી દૂરી અપનાવવાની વાતો પણ બુરી લાગે છે, બલ્કે તેમનાથી સંબંધ કટ કરવાની વાતો કહેનારથી તેઓ નારાજ થઈ જાય છે ! પણ એઓ એ ન ભૂલે કે આ હુકમ કોઈ માણસનો નથી પણ કુર્આન-હદીષનો જ છે, તો વિચારો કે તમે કોનાથી નારાજ થઈ રહ્યા છો ?!

**અપને ભી ખફા મુઝસે હૈં બેગાનેં ભી નાખૂશ**
**મૈં ઝહરે હલાહલ કો કભી કેહ ન સકા કન્દ**
*(કન્દ : મધ)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહની તફસીર

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ
اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ لَا يُتْبِعُوْنَ مَآ اَنْفَقُوْا
مَنًّا وَّلَآ اَذًى ۙ لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا
خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۲۶۲﴾ قَوْلٌ مَّعْرُوْفٌ
وَّمَغْفِرَةٌ خَيْرٌ مِّنْ صَدَقَةٍ يَّتْبَعُهَآ اَذًى ۗ
وَاللّٰهُ غَنِيٌّ حَلِيْمٌ ﴿۲۶۳﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُبْطِلُوْا
صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى ۙ كَالَّذِيْ يُنْفِقُ
مَالَهٗ رِئَآءَ النَّاسِ وَلَا يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ۗ
فَمَثَلُهٗ كَمَثَلِ صَفْوَانٍ عَلَيْهِ تُرَابٌ فَاَصَابَهٗ
وَابِلٌ فَتَرَكَهٗ صَلْدًا ۗ لَا يَقْدِرُوْنَ عَلٰى شَيْءٍ
مِّمَّا كَسَبُوْا ۗ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿۲۶۴﴾
وَمَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ ابْتِغَآءَ مَرْضَاتِ
اللّٰهِ وَتَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ كَمَثَلِ جَنَّةٍۭ بِرَبْوَةٍ
اَصَابَهَا وَابِلٌ فَاٰتَتْ اُكُلَهَا ضِعْفَيْنِ ۚ فَاِنْ لَّمْ
يُصِبْهَا وَابِلٌ فَطَلٌّ ۗ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۲۶۵﴾

### ત.....ર્જુ.....મો.....

"જે લોકો ખર્ચ કરે છે પોતાના માલ અલ્લાહની રાહમાં પછી[૩૫૬] જે ખર્ચ કર્યું તેની પાછળ ન એહસાન જતાવે છે અને ન દુઃખ આપે છે તેમના માટે સવાબ છે તેમનો તેમના રબની પાસે, ન કાંઈ ડર છે તેમના માટે અને ન તેઓ ગમગીન થશે. સારી વાત કરવું[૩૫૭] અને (ગલતી) માફ કરી દેવું બેહતર છે એ સદક઼ાથી જેના પાછળ દુઃખ પહોંચાડવામાં આવે, અને અલ્લાહ તઆલા બેનિયાઝ (બેપરવા) ઘણો સંયમવાળો છે. હે ઈમાનવાળાઓ ! ન વેડફો તમારા સદક઼ાઓને એહસાન જતાવીને અને દુઃખ પહોંચાડીને એ માણસની જેમ[૩૫૮] જે ખર્ચ કરે છે પોતાનો માલ લોકોને દેખાડવાના માટે અને યક઼ીન નથી રાખતો અલ્લાહ પર અને ક઼યામતના દિવસ પર, એનું દૃષ્ટાંત એવું છે જેમ કે કોઈ ચીકણી ચટ્ટાન હોય જેના પર માટી પડી હોય પછી વરસે તેના પર જોરથી વર્ષા અને છોડી જાય તેને સફાચટ સાફ પથ્થર. (રિયાકાર) હાંસલ કરી શકશે નહીં કાંઈપણ એમાંથી જે એમણે કમાયું. અને અલ્લાહ તઆલા હિદાયત નથી આપતો કુફ્ર અપનાવનારાઓને. અને દૃષ્ટાંત એ લોકોનું જેઓ ખર્ચ કરે છે પોતાના માલને[૩૫૯] અલ્લાહની ખુશ્નુદીઓ હાંસલ કરવાના માટે અને એટલા માટે કે જેથી મજબૂત થઈ જાય તેમનાં દિલ[૩૬૦] એમનું દૃષ્ટાંત એ બાગ જેવું છે જે એક ઉચ્ચ જમીન પર હોય વરસ્યો હોય એના પર ભારે વરસાદ તો લાવ્યો હોય તે બાગ બમણુ ફળ, અને જો ન વરસે એના પર તો શબનમ જ પૂરતુ થઈ જાય અને અલ્લાહ તમે જે કરી રહ્યા છો તે સર્વ જોઈ રહ્યો છે.

### તફસીર...............

**૩૫૬.** એટલે કે ખર્ચ પણ અલ્લાહના માર્ગમાં થાય અને તેના જ માટે હોય તો બદલાની શક્યતા છે. અને જો ખર્ચ પછી એહસાન જતાવવાનું કે સતાવવાનું

શરૂ કરી આપ્યું તો અલ્લાહની નજીક તેને કોઈ સવાબ મળશે નહીં. જંગે તબૂકના મોક઼ા પર હઝરત ઉષ્માન رضی اللہ عنہ એક હજાર દીનાર લઈને હાજર થયા અને હુઝૂર ﷺની જોલીમાં નાખી દીધા. રહમતે આલમ ﷺની ઝબાને પાકથી હઝરત ઉષ્માન رضی اللہ عنہના હક્ક઼માં એવી દુઆ નીકળી જેના પર હઝરત ઉષ્માન رضی اللہ عنہ જેટલો પણ નાઝ કરે યોગ્ય છે, અને જેટલો શુક્ર કરે ઓછો છે હુઝૂરે ફર્માવ્યું :–

**ماضر عثمان ماعمل بعد اليوم اللهم لاتنس هذا ليوم لعثمان**

''હવે ઉષ્માન જે કાંઈ કરે તેને નુકસાન આપશે નહીં, હે અલ્લાહ ! ઉષ્માનના આજના દિવસની કુર્બાની ભૂલવામાં ન આવે.''

**૩૫૭.** કેટલાક કમ બુધ્ધિવાળા લોકો જો થોડીક રકમ કોઈ નેક કામમાં ખર્ચ કરી બેસે છે તો પછી એહસાન જતાવે છે, જાત જાતની રીતે તકલીફ પહોંચાડે છે. મુસલમાનોને આવી નીચ હરકતથી દૂર રહેવાની સૂચના આપવામાં આવી રહી છે અને તેમને જણાવવામાં આવે છે કે આવા ખર્ચ કરવાથી તો કોઈથી હસતા મુખે વાત કરવી અને કોઈની કટુ વાણી વગેરેથી દરગુઝર કરવું ઘણુ જ બેહતર છે. દીનનો મક઼સદ તો એ છે કે તમારી જીવન શૈલી સંવરી જાય. જો થોડીક રકમ આપીને તમારામાં ગર્વ પેદા થઈ ગયો છે, તો આ રીતે જીવન શૈલી ઓર બગડી ગઈ. હુઝૂર ﷺએ ફર્માવ્યું, **''પાકીઝા વાત પણ સદક઼ો છે. અને ઈસ્લામમાં એ પણ મહાન નેકી છે કે તું પોતાના ભાઈ સાથે ખુશ ચહેરે મુલાકાત કરે.''**

**૩૫૮.** આ મુનાફિક તથા રિયાકારના અમલનું દષ્ટાંત છે કે જેવી રીતે પથ્થર પર માટી નજર આવે છે પરંતુ જ્યારે વરસાદ વરસે છે તો એ માટી વહાવીને લઈ જાય છે અને પથ્થર ફરીથી સફાચટ ને સફાચટ જ રહી જાય છે. એ જ પ્રમાણે મુનાફિક઼ના નેક અમલોની હાલત છે કે જાહેરી રીતે જોવામાં તો ખૂબ જ સારા જણાય છે પણ ક઼યામતના દિવસે તે એ રીતે નષ્ટ થઈ જશે જેવી રીતે વરસાદ પછી પથ્થરથી માટી નષ્ટ થઈ જાય છે.

**૩૫૯.** આ આયતમાં મોમિન મુખ્લિસ (નિખાલસ)ના અમલોનું દષ્ટાંત વર્ણન કર્યું કે જેવી રીતે ઉચ્ચ વિસ્તારની બેહતરીન જમીનનો બાગ દરેક સ્થિતિમાં ખૂબ ફલે ફુલે છે ભલે વરસાદ ઓછો હોય, એ જ રીતે નિખાલસ મોમિનનો સદક઼ો તથા ખયરાત ઓછો હોય કે વધારે તો અલ્લાહ તઆલા તેને ખૂબ વધારે છે. રિબવા જમીનના તે વિસ્તારને કહે છે જે અન્ય જમીનો કરતાં ઊંચી હોય અને તેની માટી અધિક ફળદ્રુપ હોય.

**الربوة : المكان المرتفع ارتفاعا يسيرامعه فى الاغلب كثافة تراب** (قرطبی)

**૩૬૦.** આ શબ્દો ઘણા જ વિચારપાત્ર છે. માલ ખર્ચ કરવાથી અલ્લાહના મુખ્લિસ અને પાકબાઝ બંદાઓનો એક હેતુ તો એ હોય છે કે તેમનો રબ્બે કરીમ તેમનાથી રાજી થઈ જાય. અને એના સિવાય બીજો હેતુ એ પણ હોય છે કે દિલોમાં અલ્લાહની રાહમાં જાનમાલ કુર્બાન કરવાની ક઼ાબેલિયત તથા આદત મજબૂત થઈ જાય. માલ ઘણી પ્રિય ચીજ છે તેને ખર્ચ કરવું પ્રારંભમાં બેશક ! અઘરુ લાગે છે, પરંતુ જ્યારે માનવી ખર્ચ કરવાનું શરૂ કરી દે છે તો દિલ ક્રમે ક્રમે તેનું આદી અને તેની લિજ્જતોથી અનુભવી થઈ જાય છે અને ખુદાની રાહમાં સર્વ કાંઈ લૂટાવવાથી મજબૂત થઈ જાય છે, પછી માલ તો માલ પણ પ્રિય જાન સુધ્ધાં નિછાવર કરવાને સૌથી મહાન સદ્‌નસીબી યક઼ીન કરવા લાગે છે.

**બરકાતે ખ્વાજા લેખ હરીફાઈમાં ભાગ લો**

**વિષય : એલાને હક્ક઼ સંબંધે બુઝુર્ગોનો કિરદાર અને આપણે**

તા. ૧૦–૦૩–૨૦૧૦ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો

**નોંધ : ''અમ્ર બિલ મઅરૂફ નહી અનિલ મુન્કર''** સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું એ કાર્ય સહાબા, બુઝુર્ગો તથા પૂર્વજ ઉલમાના જીવનનું ચમકતુ પાસુ રહ્યું છે. શરીઅતની હક્ક઼ વાતનું એલાન કરવામાં બુઝુર્ગો તથા ઉલમાના વાક઼્યા બયાન કરીને હાલમાં ચાલતી ઢીલી નીતિ તથા શરીઅતની હક્ક઼ વાત કહેવાથી વિમુખતાની એવી ચર્ચા રજૂ કરવામાં આવે કે લોકો બોધગ્રહણ કરી હક્ક઼ કહે અને હક્ક઼ સ્વીકારી હક્ક઼ પર અમલ કરે. *–તંત્રી*

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ :** અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ અમારી સામે એક લીટી દોરી પછી ફર્માવ્યું કે આ અલ્લાહનો માર્ગ છે[૧]. પછી એની ડાબે જમણે અન્ય લીટીઓ દોરી અને ફર્માવ્યું, આ વિવિધ માર્ગો છે જેમાંથી દરેક માર્ગ પર શૈતાન છે જે એ તરફ બોલાવી રહ્યો છે[૨]. અને આ આયત તિલાવત ફર્માવી : اِنَّ هٰذَا صِرَاطِیْ مُسْتَقِیْمًا فَاتَّبِعُوْهُ ... الآیۃ એને અહમદ, નસાઈ તથા દારમીએ રિવાયત કરી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ એ સમય સુધી મોમિન નથી થઈ શકતો જ્યાં સુધી કે એની ઈચ્છા મારા લાવેલાના તાબે ન થાય[૩]. એને શરહે સુન્નહમાં રિવાયત કરી. નવવીએ પોતાની ચહલ હદીષમાં[૪] ફર્માવ્યું કે આ હદીષ સહીહ છે જેને અમે સહી અસ્નાદથી કિતાબુલ હજ્જમાં રિવાયત કરી.

હઝરત બિલાલ ઈબ્ને હારિષ મુઝનીથી[૫] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે મારી મુર્દા સુન્નતને ફના થઈ ગયા બાદ ઝિંદા કરે[૬] તેને તે સર્વના જેટલો સવાબ થશે જેઓ એના પર અમલ કરે, એના વિના કે તે અમલ કરનારાઓના સવાબમાંથી કાંઈ ઓછુ ન થાય[૭]. અને જે ગુમરાહીની બિદઅત ઉપસ્થિત કરે જેનાથી અલ્લાહ રાજી નથી[૮] તેના પર તે સૌના બરાબર ગુનાહ થશે જેઓ એના પર અમલ કરતા હોય અને તે એમના ગુનાહોમાંથી કાંઈ ઓછુ નહીં કરે. એને તિર્મિઝીએ રિવાયત કરી. અને ઈબ્ને માજહએ કષીર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી, તેમણે પોતાના પિતાથી તેમણે પોતાના દાદાથી રિવાયત કરી[૯].

## સ....મ....જૂ....તી....

**૧.** સુબ્હાનલ્લાહ ! શું ઉમદા તાલીમ છે. દીને હક્કને કુર્આન પાકમાં 'સિરાતે મુસ્તકીમ' કહેવામાં આવ્યો એટલે કે સીધો રસ્તો જે ખૂબ જ સરળતાથી રબ સુધી પહોંચાડી આપે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ લીટી દોરીને તેનું દષ્ટાંત દર્શાવી આપ્યું. અહીં સબીલિલ્લાહથી મુરાદ સાચા અકીદાઓ અને નેક અમલો છે. યાદ રાખશો કે શરીઅત તથા તરીકતના ચારેવ સિલસિલા હનફી, શાફઈ કે કાદરી, ચિશ્તી વગેરે એક જ માર્ગ છે જેને અહલે સુન્નત કહેવામાં આવે છે, કેમ કે એમના અકીદા સરખા છે. અમલોમાં ફુરૂઈ (ઉપર ઉપરનો) મતભેદ જેમ કે સહાબીઓનો આપસમાં મતભેદ થતો રહેતો હતો. આ ઈમાનના કેન્દ્ર (નબી صلی اللہ علیہ وسلم) ના ચાર માર્ગો છે અથવા નબુવ્વતના સમુદ્ર સુધી પહોંચાડનાર ચાર નહેરો છે. એના સિવાયના અન્ય મઝહબો વાંકા માર્ગો છે કે તેઓ અકીદાઓમાં વિવિધતા ધરાવે છે.

**૨.** અહીં શૈતાનથી મુરાદ ક્યાં તો તે મઝહબોને ઉપસ્થિત કરનારા છે જેમ કે કાદયાનિયતના માટે ગુલામ અહમદ અને ચકડાલ્વિયતના માટે અબ્દુલ્લાહ અથવા એ બંનેવના પ્રચારકો. અથવા એનાથી મુરાદ ખૂદ ઈબ્લીસ જ છે. કુર્આને સરકશ (નાફર્માન) જિન્નાત તથા ગુમરાહ કરનારા માનવીઓને શયાતીન કહ્યા છે.

**૩.** એટલે કે મો'મિન તે છે કે જેનો અમલ મારા હુકમોને પસંદ કરે અને એના સિવાયનાને નાપસંદ કરે. એમાં કુર્આન હદીષના સર્વ હુકમો દાખલ છે,

કેમ કે સૌ રબની તરફથી આવ્યા છે. અને ઈમાનથી મુરાદ અસલ ઈમાન છે, અને ખરેખર **જે કોઈ દીની ચીજને બુરી જાણે તે કાફિર છે** અને આ સ્થિતિમાં હદીષ પર ન કોઈ વાંધો છે ન કોઈ અર્થ ઘટન (તાવીલ)ની જરૂરત છે. **ગુનેહગાર, ફાસિક, બદકાર ગુનાહોને સારા અને નેકીઓને બુરી નથી જાણતો, જેથી તે મોમિન રહે છે, ભલે તે ફાસિક હોય.**

**૪.** અમુક રિવાયતોમાં આવ્યું છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **જે કોઈ મારી ઉમ્મત સુધી ૪૦ હદીષો પહોંચાડે તેની કયામતમાં બખ્શિશ થશે.** એટલા માટે ઉલમા તથા મુહદ્દિષોએ ૪૦ (ચેહલ) હદીષો લખી. ઈમામ નવવી શારેહે મુસ્લિમે પણ ૪૦ હદીષો એકત્ર કરી જેનું અહીં વર્ણન છે.

**૫.** આપ સહાબી છે હિ.સ. ૫ માં વફદે મદીનામાં હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને ઈસ્લામ લાવ્યા. ૮૦ વરસની વય પામીને હિ.સ. ૬૦ માં વફાત પામ્યા. મદીના મુનવ્વરાની પાસે મકામે સતગરીમાં સ્થાયી હતા.

**૬.** એટલે કે જે સુન્નતને લોકોએ છોડી આપી હોય એના પર પોતે પણ અમલ કરે અને અન્ય લોકોને પણ અમલના માટે પ્રોત્સાહિત કરે. જેમ કે વર્તમાનકાળમાં દાઢી રાખવી.

**૭.** કેમ કે એ અલ્લાહનો બંદો એ સુન્નતને જીવંત કરવામાં લોકોના મહેણા ટોણા અને મઝાક સહન કરે છે, સુન્નતના ખાતર સર્વ તકલીફો વેઠે છે જેથી મહાન ગાઝી છે. જે ભલાઈ ઉપસ્થિત કરનારને સવાબ મળે છે તે જ ભલાઈના ફેલાવનારને મળે છે.

**૮.** અહીં બિદઅત મૌસૂફ છે અને ઝલાલત સિફત, અને જ્યારે નકરા નકરથી સિફત હોય તો તખ્સીસનો ફાયદો હાંસલ થાય છે. અહીં ઝલાલતની શર્ત બિદઅતે હસનાને કાઢવાના માટે છે. *(મિર્કાત)* એટલે કે બુરી બિદઅતોનો કાઢનાર મુજરિમ છે જેમ કે ઉર્દૂમાં નમાઝ તથા અઝાન કે અન્ય સુન્નત વિરૂધ્ધ કામો. અને સારી બિદઅતોનો કાઢનાર સવાબનો હક્કદાર છે, જેમ કે ઈલ્મે સરફ તથા નહ્વ છે. એનું વર્ણન કિતાબુલ ઈલ્મમાં પણ આવશે.

**૯.** કષીર ઈબ્ને અમ્ર એકમતિએ ઝઈફ રાવી છે. ઈમામ શાફઈ ફર્માવે છે કે એ ઘણો જ જૂઠો માણસ હતો, એના દાદા અમ્ર ઈબ્ને ઔફ સહાબી છે, કદીમુલ ઈસ્લામ છે. એમના જ બારામાં આ આયતે કરીમા ઉતરી تَوَلَّوا وَّاَعْيُنُهُمْ تَفِيْضُ مِنَ الدَّمْعِ આપ મદીના મુનવ્વરામાં રહ્યા અને હઝરત અમીર મુઆવિયાના જમાનામાં વફાત પામ્યા. જંગે બદરમાં હુઝૂર ﷺની સાથે રહ્યા.

## ફત્વા વિભાગ : વારસાનો મસ્અલો

શું ફર્માવે છે દીનના ઉલમા તથા માનનીય મુફ્તીઓ આ મસ્અલાના બારામાં કે :–

એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. તેણે દુનિયામાં **પાંચ** પુત્રો અને **સાત** પુત્રીઓ પાછળ દોડી. તો મરનારનો વારસો એમનામાં કઈ રીતે વહેંચવામાં આવશે. વળી સાત પુત્રીઓમાંથી એક પુત્રીનો પિતાના મૃત્યુ બાદ ઈન્તેકાલ થઈ ગયો. તે પુત્રીના બે છોકરા અને ચાર છોકરીઓ હાલ હયાત છે. તો હવે મરનાર બાપની મિલ્કત કઈ રીતે વહેંચાશે ?

**અલ્જવાબ** : મરનાર બાપને પાંચ પુત્રો અને સાત પુત્રીઓ હયાત હતી જેથી કુલ મિલ્લતના ૧૭ હિસ્સા પાડવામાં આવશે જેમાંથી ૨–૨ હિસ્સા પુત્રોને અને ૧–૧ હિસ્સો મરનાર બાપની પુત્રીઓને મળશે.

હવે જે પુત્રી પાછળથી મરી ગઈ તેનો જે એક હિસ્સો નીકળ્યો છે, તેના આઠ હિસ્સા કરવામાં આવશે જેમાંથી બે બે હિસ્સા તે મરનાર પુત્રીના પુત્રોને તથા એક એક હિસ્સો તે પુત્રીની છોકરીઓને આપવામાં આવશે. *(હવાલો : આમ કુતુબે ફિકહ)*

**લખનાર** : (મૌલાના) કલીમુલ્લાહ નિઝામી *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*
**અલ્જવાબ સહીહ** : (મૌલાના) ફીરોઝ અહમદ અશરફી *(ખાદિમ દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

## કામયાબ થવું છે તો.....



# કુર્આનને મજબૂતીથી થામો !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

કુર્આન મજીદ અલ્લાહ તઆલાનું મુકદ્દસ કલામ છે જે મો'મિનો અને પરહેઝગારો માટે સંપૂર્ણ હિદાયત છે. એમાં દરેક વસ્તુનું સ્પષ્ટ વર્ણન છે. દરેક મુસલમાન પર એનું અનુસરણ અનિવાર્ય છે. એના પર અમલ કર્યા વિના આપણે કદાપિ સિદ્ધિ અને સફળતા મેળવી શકતા નથી, જેણે પણ એની આજ્ઞાઓનું પાલન કર્યું તે સફળ થયો અને જેણે એના આદેશોને ત્યજી મનમાની કરી એના ભાગ્યમાં બેઈજ્જતી અંકિત કરી દેવામાં આવી.

**નબીએ કરીમ ﷺનું ફર્માન છે :** "બેશક ! અલ્લાહ તઆલા આ કિતાબ (કુર્આન) દ્વારા લોકોને બુલંદ ફર્માવે છે અને એના (જ) દ્વારા બીજા કેટલાય લોકોને પસ્ત કરે છે." *(મુસ્લિમ, ૨/૨૭૩)*

હદીષે પાકથી સ્પષ્ટ થયું છે કે જે અલ્લાહ તઆલાની આ કિતાબ પર ઈમાન લાવી એના હુકમો પર અમલ કરે અલ્લાહ તઆલા તેના દરજ્જા બુલંદ ફર્માવી દે છે અને જે એના વિરુદ્ધ કરે છે અલ્લાહ તઆલા તેને દુનિયા તથા આખેરતમાં ઝલીલ અને બેઈજ્જત કરે છે. માટે જો દુનિયા અને આખેરતમાં સફળ અને સરબુલંદ થવા ઈચ્છો છો તો કુર્આનને મજબૂતીથી થામી લો અને તેના હુકમો પર સંપૂર્ણ ઈમાન અને યકીન સાથે અમલ કરતા થઈ જાવ, સવાર સાંજ તેની તિલાવત કરો, તેને સમજવાની કોશિશ કરો, કુર્આનથી લગાવ અને તેમાં ચિંતન મનન એ જ બંદા માટે અલ્લાહ તઆલાની નિકટતા અને સફળતાની ચાવી છે. કુર્આન તે પવિત્ર કલામ છે જેમાં અલ્લાહ તઆલાએ પોતાના નેક બંદાઓને કેટલીયે મહાન બશારતો તથા ખુશખબરીઓ સંભળાવી તથા નાફર્માન બંદાઓ માટે સખત ધમકીઓ તથા ચેતવણીઓ પણ વર્ણવી.

આવો ! આપણે કુર્આનની એવી આયતો જોઈએ જેમાં અલ્લાહ તઆલાએ પોતાના નેક બંદાઓ માટે બશારતો અને ખુશખબરીઓ બયાન ફર્માવી છે.

અલ્લાહ ﷻ ફર્માવે છે :–

★ "અને જે અલ્લાહ અને અલ્લાહના રસૂલનો હુકમ માને તેને અલ્લાહ બગીચાઓમાં લઈ જશે જેમના નીચે નહેરો વહે, હમેશાં તેમાં રહેશે અને એ જ મહાન સફળતા છે." *(સૂ. નિસાઅ–૧૩)*

★ "અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને અને અલ્લાહથી ડરે અને પરહેઝગારી કરે તો એ લોકો જ સફળ છે." *(સૂ. નૂર–૫૨)*

★ "અને જે અલ્લાહ અને તેના રસૂલનું કહ્યું માને તેણે મહાન સફળતા મેળવી." *(સૂ. અહ્ઝાબ–૭૧)*

★ "અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને તો અલ્લાહ તેને બગીચાઓમાં લઈ જશે જેમની નીચે નહેરો વહે, અને જે ફરી જશે તેને દુઃખદાયક અઝાબ કરશે." *(સૂ. ફત્હ–૧૭)*

અલ્લામા સૈયદ સઆદત અલી કાદરી (પાકિસ્તાન) આ આયતોની તફસીર કરતાં લખે છે :

હે ઈમાનવાળાઓ ! તમારી હકીકી મતાઅ (સરમાયો) અલ્લાહ છે, અને અલ્લાહ ﷻ ની ફર્માબરદારીનું માધ્યમ તેના રસૂલ ﷺ છે, માટે બીજાઓથી ભીખ માંગવાના બદલે અલ્લાહ ﷻના બંદા અને તેના રસૂલ ﷺ ના ગુલામ બની જાવ, સમગ્ર જગત તમારા દ્વારનું ભિખારી બની જશે. જુઓ એમને જેઓ ગુમરાહીના અંધકારમાં ભટકી રહ્યા હતા, માનવતાથી ઘણા દૂર થઈ ચૂક્યા હતા, તેમની

આંખો પર ઘમંડ અને તકબ્બુરના પડદા હતા, ભોગ વિલાસ અને મોજ મસ્તી તેમની જિંદગીનો મૂળ હેતુ હતો, લોકોને લૂટવા, સતાવવા, જુલ્મો સિતમ કરવો એમનો ધંધો હતો, પરંતુ જ્યારે આક઼ાએ રહમત ﷺનું નૂર ચમક્યું તો જેમનાં ભાગ્ય જાગ્યાં તેઓ સીધા રસ્તા તરફ વળી ગયા, દુનિયાના આક઼ાઓને ઠુકરાવી એ આક઼ાના ચરણોમાં આવી ગયા જેણે તેમને આક઼ા બનાવી દીધા. આ નબીએ કરીમ ﷺની ઈતાઅત અને ફર્માબરદારીનું જ પરિણામ છે કે આજ સુધી બિલાલ હ઼બ્શી, ઝૈદ બિન ષાબિત, સુહૈબ રૂમી, સલ્માન ફ઼ારસી, આમિર બિન ફુહૈરા رضی اللہ عنہ આપણા આક઼ા છે, આપણા માથાના તાજ છે, એમની તા'ઝીમ આપણા ઈમાનનો ભાગ છે, હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને આજ ગુલામીએ "અફઝલુલ ખલ્કે઼ બાદ અંબિયા" (નબીઓ પછી મખ્લૂક઼માં સર્વશ્રેષ્ઠ)નો શર્ફ અતા ફર્માવ્યો, આ જ ગુલામીના પ્રતાપે હઝરત ઉમર ફ઼ારૂક઼ દુનિયાની સૌથી મોટી ઈસ્લામી હુકૂમતના એવા હુકમરાં બન્યા કે દુનિયાને હુકમરાનીનો ઢંગ શીખવી ગયા, હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ આજ ગુલામી પર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું, પોતાના જાનની કુર્બાની પણ અર્પી દીધી. મૌલાએ કાએનાત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને આ જ ગુલામીએ અબૂ તુરાબ, અસદુલ્લાહ, હૈદરે કર્રાર બનાવ્યા, અને આ જ ગુલામી તમામ સહાબાએ કિરામ માટે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તરફથી રઝામંદી અને ખુશ્નુદીના એલાનનું કારણ બની. *(યા અય્યુહલ્લઝીન આમનૂ, ૧/૫૨૮)*

ઉપરોક્ત આયતોથી જણાયું કે દરેક બંદાએ મો'મિન માટે અલ્લાહ તઆલા અને તેના પ્યારા હબીબ ﷺની ઈતાઅત અને ફર્માબરદારી અનિવાર્ય છે. અને એની સાથે જ અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને પોતાનો ખૌફ અને પરહેઝગારી અપનાવવાનો પણ હુકમ ફર્માવ્યો. જે અલ્લાહ جل جلالہ અને રસૂલ ﷺની ઈતાઅત સાથે પરહેઝગારી અપનાવે એના માટે અલ્લાહ તઆલાએ જન્નતનો વાયદો ફર્માવ્યો છે અને એ જન્નતની સાથે બીજી બશારતો પણ અતા ફર્માવી.

હવે એવી આયતો જોઈએ જેમાં અલ્લાહ તઆલાએ મો'મિનો માટે જન્નતની નેઅમતોની બશારત તથા ખુશખબરી આપી અને એ નેઅમતોનું વર્ણન પણ કર્યું.

★ "બેશક ! અલ્લાહ જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા તેમને બગીચાઓમાં પ્રવેશ આપશે જેમની નીચે નેહરો વહે." *(સૂ. મુહમ્મદ–૧૨)*

★ "અને જે લોકો ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં નજીકમાં જ અમે તેમને બગીચાઓમાં લઈ જઈશું જેમની નીચે નહેરો વહે." *(સૂ. નિસાઅ–૫૭)*

★ "બેશક ! અલ્લાહ તેમને જેઓ ઈમાન લાવ્યા અને સદ્કર્મો કર્યાં, બગીચાઓમાં દાખલ કરશે જેમની નીચે નેહરો વહે. બેશક઼ ! અલ્લાહ જે ઈચ્છે તે કરે છે." *(સૂ. હજ્જ, ૧૪)*

★ "અને તેમને બગીચાઓમાં લઈ જશે જેમની નીચે નહેરો વહે તેમાં હમેશાં રહેશે." *(મુજાદિલા–૨૨)*

આ આયતોની તફસીરમાં અલ્લામા સૈયદ સઆદત અલી ક઼ાદરી લખે છે :–

"અલ્લાહ તઆલાએ ઈમાનવાળાઓ સાથે જે વાયદા ફર્માવ્યા છે એમાં દરેક મુશ્કેલીને સરળ કરી દે એવો એ ઈમાન અફરોઝ વાયદો જન્નતનો પણ છે જેને વિવિધ શબ્દો વડે કુર્આનમાં વર્ણવવામાં આવ્યો છે.

કુર્આન શરીફમાં જે રીતે આ નેઅમતોનું વર્ણન થયું છે એનાથી જણાયુ છે કે જન્નતની નેઅમતોમાં સૌથી મહત્વ એ નહેરોનું છે જે જન્નતની નીચે વહી રહી છે. કારણ કે કુર્આનમાં લગભગ દરેક જગ્યાએ જન્નતનું વર્ણન એ નહેરો સાથે જ છે. આ નહેરો જન્નતની ખૂબસૂરતીનો એક વિશેષ ભાગ હશે, આ ચાર નહેરો છે. *(યા અય્યુહલ્લઝીન આમનૂ, ૨/૫૦૫)*

હવે ટૂંકમાં એ નહેરો વિશે જાણીએ જન્નતમાં પરવરદિગારે આલમ جل جلالہ જન્નતીઓને વિવિધ પ્રકારની નહેરોથી સૈરાબ (તૃપ્ત) ફર્માવશે, આ નહેરો પાણી, દૂધ, શરાબે તહૂર અને મધની હશે.

**પાણીની નહેરો :** જન્નતમાં પાણીની એવી નહેરો હશે જે જાહેરમાં તો દુનિયાની નહેરો જેવી હશે પરંતુ તેના પાણીનો સ્વાદ દુનિયાના પાણીથી અલગ હશે. જન્નતના પાણીની સૌથી મોટી ખૂબી એ છે કે તેનો રંગ, સ્વાદ અને સુગંધ કદી નહીં બદલાય, જ્યારે કે દુનિયાના પાણીને થોડા દિવસ રાખવામાં આવે તો એનો સ્વાદ, સુગંધ અને રંગ બદલાય જાય છે.

**દૂધની નહેરો :** અલ્લાહ તઆલાએ જન્નતમાં દૂધની એવી નહેરો બનાવી છે જેનું દૂધ દુનિયાના દૂધથી ઘણુ જ સારું અને સ્વાદિષ્ટ હશે. એનો સ્વાદ કદી નહીં બદલાય.

**શરાબની નહેરો :** જન્નતીઓ માટે અલ્લાહ તઆલાએ શરાબે તહૂરની નહેરો જારી ફર્માવી છે, આ શરાબ સ્વાદિષ્ટ અને સુગંધી હશે, બરફથી વધુ ઠંડી, મધથી વધુ મીઠી, દૂધથી વધુ સફેદ હશે.

**મધની નહેરો :** જન્નતમાં જન્નતીઓ માટે મધની નહેરો પણ બનાવવામાં આવી છે, જે અત્યંત સાફ, શુદ્ધ અને દુનિયાના મધથી અધિક સ્વાદિષ્ટ છે.

વિચારો ! જન્નત અલ્લાહ તઆલાની કેટલી મોટી નેઅમત છે કે જન્નતી જ્યારે તેમાં પ્રવેશી જશે તો કોઈ પ્રકારની તકલીફ નહીં થાય, ન કદી બીમાર થશે, ન વૃદ્ધ થશે, ન મૃત્યુ પામશે, બલ્કે હમેશાં હમેશ માટે એમાં રહેશે, જે ખાવાપીવાની ઈચ્છા થશે તુરંત પૂરી કરવામાં આવશે, ખિદમત માટે હૂરો-ગિલ્માન હશે, જન્નતી જન્નતમાં રબની નેઅમતોથી ખૂબ ખૂબ ફયઝયાબ થશે અને એમના માટે સૌથી મહાન નેઅમત જન્નતમાં પોતાના રબનો દીદાર હશે.

અલ્લાહ તઆલા આપણને પણ નેકીઓ કરી જન્નતના હક્કદાર થવાની તૌફીક આપે અને જન્નતની નેઅમતોથી માલમાલ ફર્માવે. (આમીન)

હવે કુર્આનની એ આયતો રજૂ કરવામાં આવે છે જેમાં અલ્લાહ તઆલાએ નાફર્માન બંદાઓ માટે વાયદો અને જહન્નમના દર્દનાક અઝાબનું વર્ણન ફર્માવ્યું છે :-

★ "બેશક ! જેમણે કુફ્ર કર્યું અને હદથી વધ્યા, અલ્લાહ કદાપિ તેમને માફ નહીં કરે અને ન તેમને કોઈ માર્ગ બતાવે પણ જહન્નમનો રસ્તો તેમાં કાયમ માટે રહેશે. *(સૂ. નિસાઅ, ૧૬૮/૧૬૯)*

★ "તેમના માટે આગ જ પથારી, અને આગ જ ઓઢવાનું, અને જુલ્મીઓને અમે એવો જ બદલો આપીએ છીએ." *(સૂ. અઅ્રાફ-૪૧)*

★ "અને બેશક ! અમે જહન્નમ માટે ઘણા માનવીઓ અને જિન્નાત પેદા કર્યા છે તેઓ (એવાં) હૃદયો ધરાવે છે જેમાં સમજ નથી, અને એવી આંખો જેનાથી દેખતા નથી અને એવા કાનો જેનાથી સાંભળતા નથી. તેઓ પશુઓની જેમ છે બલ્કે એનાથી વધારે માર્ગ ભૂલેલા, તેઓ જ ગફલતમાં પડયા છે." *(સૂ. અઅ્રાફ-૧૭૯)*

★ "અને જેમણે કુફ્ર કર્યું તેમના માટે જહન્નમની આગ છે. ન તો તેમને મોત આવે કે (જેથી) મરી પરવારે, અને ન તો તેમના પરથી એનો અઝાબ કંઈક હળવો કરાય. અમે પ્રત્યેક મહા અપકારીને આવી જ સજા આપીએ છીએ નાશુક્રાઓને. અને તેઓ એમાં બૂમો પાડતા હશે, અય અમારા રબ! અમને કાઢ કે (જેથી) અમે સારાં કામો કરીએ પહેલાં જે કરતા હતા તેનાથી ઉલ્ટાં. અને શું અમે તમને તે ઉંમર આપી ન હતી જેમાં જેને સમજવું હોત તે સમજી લેત ? અને ડર સંભળાવનાર (તો) તમારી પાસે પધાર્યા હતા, તો હવે ચાખો કે જાલિમોનો કોઈ મદદગાર નથી." *(સૂ. ફાતિર, ૩૬/૩૭)*

★ "તો આ મહેમાની સારી કે થોળીયાનું ઝાડ ! બેશક ! અમે જાલિમોની કસોટી બનાવી છે. બેશક ! તે એક વૃક્ષ છે જે જહન્નમના તળીયેથી નીકળે છે તેનું ઝિંડવું જાણે માથાં દેવોનાં પછી બેશક ! તેઓ એમાંથી ખાશે પછી તેનાથી પેટ ભરશે. પછી બેશક ! તેમના માટે એના પર ઉકળતા પાણીનું પીણું છે." *(સૂ. સાફફાત, ૬૨ થી ૬૭ સુધી)*

★ "બેશક ! થોળનું ઝાડ ગુનેહગારનો ખોરાક છે. ઓગળેલા તાંબાની જેમ પેટોમાં ઉભરો ખાય છે. જેવું કે ઉકળતુ પાણી ખદબદતુ હોય. એને પકડો ! બરાબર ભભુકતી આગ તરફ બળજબરીથી ઘસેડીને લઈ જાવ, પછી એના માથા પર ઉકળતા પાણીનો અઝાબ નાખો. ચાખ ! હા, હા તું જ મોટો આબરૂદાર કૃપાળુ છે. બેશક ! આ છે તે જેના વિશે તમે શંકા કરતા હતા."

*–(સૂ. દુખાન, ૪૩ થી ૫૦ સુધી)*

★ "બેશક઼ ! જહન્નમ તાકમાં છે. બંડખોરોનું ઠેકાણુ તેમાં યુગો રહેશે. તેમાં કોઈ જાતની ઠંડકનો સ્વાદ નહીં પામે અને ન તો કશું પીવાનું, પણ ઉકળતુ પાણી અને દોઝખીઓનું દઝાડતુ પરૂ, જેવાને તેવો બદલો." *(સૂ. નબઅ, ૨૧ થી ૨૬)*

ઉપરોક્ત આયતોથી જણાયું કે જહન્નમનો અઝાબ હક્ક઼ છે અને તેનો મુન્કિર કાફિર છે એટલા માટે કે જહન્નમનો અઝાબ કુર્આનથી સાબિત છે અને કુર્આનનો મુન્કિર કાફિર છે.

**જહન્નમ શું છે :** જહન્નમ એક એવી જગા છે જે બેઈજ્જતી અને રૂસ્વાઈનો અઝાબ છે. અલ્લાહ તઆલાએ કાફિરો, મુશ્રિકો અને પોતાના નાફર્માન ગુનેહગાર બંદાઓ માટે બનાવી છે, જેમ કે જૂગારી, શરાબી, બદકાર, વ્યાજખોર, લાંચ લેનાર, બે નમાઝી, માં બાપના નાફર્માન, અને યતીમનો માલ નાહક઼્ક઼ ખાનાર વગેરે, આવા લોકો જહન્નમમાં નાખવામાં આવશે. જહન્નમમાં આગ જ આગ છે જેનો રંગ કાળો છે, તેમાં પ્રકાશ નામ માત્ર પણ નથી, જહન્નમની આગ એટલી તેજ છે કે સોયના નાકા બરાબર દુનિયાવાળાઓ પર ખોલી દેવામાં આવે તો સૌ તેની ગરમીથી મૃત્યુ પામી જાય. જ્યારે જહન્નમીઓને તેમાં નાખવામાં આવશે તો તેઓ જહન્નમનો અઝાબ સહન નહીં કરી શકે અને અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરશે, હે મૌલા ! અમને જહન્નમથી કાઢી ફરીવાર દુનિયામાં મોકલ અમે તારી જ બંદગી કરીશું, એક પળ પણ તારી નાફર્માની નહીં કરીએ, દુનિયાની સર્વ દોલત તારી રાહમાં ખર્ચ કરીશું. પરંતુ એમને કોઈ જવાબ નહીં મળે અને હુકમ થશે કે હટી જાવ ! જહન્નમમાં પડયા રહો ! મારી સાથે વાત ન કરો !

જહન્નમીઓને જહન્નમમાં સખત અઝાબ આપવામાં આવશે, મહાકાય સાપ, વિંછી એમને દંશ મારશે, ભારે ભારે પથ્થરો વડે એમનાં માથાં કચડી નાખવામાં આવશે, તેમને સખત ભૂખ અને તરસ લાગશે, જ્યારે તેઓ ખાણુ કે પાણી માંગશે તો એમને થોળ અને કાંટાવાળા ઝેરીલાં ફળ ખાવામાં આપવામાં આવશે, જ્યારે એને ખાશે તો એ એમના ગળામાં અટકી જશે, એને નીચે ઉતારવા માટે પાણી માંગશે તો તેલની તલછટના જેવું ઉકળતુ પાણી અને પરૂ આપવામાં આવશે, જેને પીતાંની સાથે જ આંતરડાં ટુકડા ટુકડા થઈ જશે.

જહન્નમી જહન્નમના અઝાબથી તંગ આવી મૌતની તમન્ના કરશે પરંતુ એમને મૌત પણ નહીં આવે બલ્કે એમાં હમેશાં માટે રહેવાનું છે. જહન્નમીઓના ચેહરા એવા ભયાનક હશે કે કોઈ જહન્નમીને એ સૂરતમાં દુનિયામાં લાવવામાં આવે તો સર્વ લોકો એની બદસૂરતી અને દુર્ગંધથી હલાક થઈ જાય.

અલ્લાહ તઆલા આપણને જહન્નમના અઝાબથી બચાવે આમીન.

**જહન્નમનો સૌથી હલ્કો અઝાબ :** સરકાર ﷺ ફર્માવે છે : જહન્નમનો સૌથી ઓછો અઝાબ એને થશે જેને જહન્નમની આગના બે પગરખાં પહેરાવવામાં આવશે જેનાથી એનું દિમાગ હાંડલીની જેમ ઉકળશે. એ સમજશે કે સૌથી વધુ અઝાબ એને થઈ રહ્યો છે, જ્યારે કે એનો અઝાબ સૌથી હલ્કો હશે. *(યા અય્યુહલ્લઝીન આમનૂ, ૨/૫૨૨)*

**જહન્નમીઓનો ખોરાક :** ઝકૂમ (થોળ) જહન્નમીઓનો ખોરાક હશે, ઝકૂમ એક ઘણુ જ બદશકલ, કડવું અને બદબોદાર જહન્નમનું ઝાડ છે. એનું અનુમાન કરવા સરકાર ﷺએ ફર્માવ્યું કે જો ઝકૂમના રસનું એક ટીપું દુનિયાવાળાઓ પર ટપકાવવામાં આવે તો એમની જિંદગી બર્બાદ થઈ જાય ! તો વિચારો, જેનું વધુ પેજ નં. ૨૯....પર



# કુર્આન વિરોધી

## ગલત પ્રોપેગન્ડાનો પર્દાફાશ !

**કાર્યાલય**

ઈસ્લામના ઉદય પછી તેની હક્કાનિયત તથા ખૂબીઓના આકર્ષણથી ઈસ્લામ અરબની સીમાઓ પાર કરીને વિશ્વભરમાં ફેલાતો ગયો તો તેની સાથોસાથ હક્કથી આંખો મીંચી ચૂકેલા યહૂદીઓ તથા ઈસાઈઓના કેટલાક હઠધર્મીઓ તેની પ્રગતિ સહન ન કરી શક્યા અને તેમણે તેની વિરુદ્ધ ગલત પ્રોપેગન્ડા શરૂ કર્યા. જાત જાતના જૂઠા આક્ષેપો ઈસ્લામ પર લગાડયા કે ઈસ્લામ સ્ત્રીઓને હક્કો નથી આપતો, ઈસ્લામના કાનૂનોમાં સખ્તાઈ છે..... વગેરે વગેરે. તેનાથી કામ ન બન્યું તો કુર્આની આયતો પર જૂઠા આક્ષેપો લગાડયા કે કુર્આન લડાઈ ઝઘડાની અને મારવા કાપવાની તા'લીમ આપે છે અને ઈસ્લામી જેહાદનો ગલત અર્થ રજૂ કરી તેને બદ્‌નામ કરવાની કોશિશો કરવામાં આવી. યહૂદી તથા ઈસાઈના પગલે ચાલી હિંદમાં પણ વિહિપ, આર.એસ.એસ., બજરંગદળ જેવી કોમવાદી તથા કટ્ટરવાદી સંસ્થાઓએ કુર્આન સામે હોબાળો મચાવેલો અને તેની અમુક આયતો રજૂ કરી તેના પર વાંધા દર્શાવી દેશના એકતામય શાંત વાતાવરણને દહોળવવાનો પ્રયત્ન કરેલો. અને હાલમાં પણ એક કિતાબ હિંદીમાં *''ચૌદહવી કા ચાંદ''* નામની રાજસ્થાનથી આર્ય સમાજવાળા તરફથી પ્રસિદ્ધ થઈ છે, **આ તે પુસ્તક છે જેના પર વર્ષો પહેલાં ગવર્નમેન્ટ તરફથી પ્રતિબંધ હતો. જેમાં પણ એ રીતે કુર્આની આયતોનું ખોટુ અર્થઘટન કરી પબ્લિકને ગેરમાર્ગે દોરી ઉશ્કેરણી કરી દેશનું વાતાવરણ કલૂષિત કરવાનો પ્રયાસ થયો છે જેથી એના પર ફરી પ્રતિબંધ લદાવો જોઈએ, જાગૃત મુસ્લિમો તથા અન્ય નાગરિકો આ માટે આગળ આવે.** અહીં અમે સમજીએ છીએ કે એવી અમુક આયતો વિશે ખુલાસા રજૂ કરી કુર્આન વિરુદ્ધના ગલત પ્રોપેગન્ડાને રદિયો આપવામાં આવે જેથી પબ્લિકને સાચુ માર્ગદર્શન મળે અને દેશની એકતા તથા શાંતિમાં ખલેલ ન પડે. અને ઈસ્લામ કે જે શાંતિનો સલામતીનો મઝહબ છે તેની હક્કાનિયત સ્પષ્ટ થાય. નીચેના લખાણમાં કેટલીક આયતોના તર્જુમા રજૂ કરી તેનો ખુલાસો આપીએ છીએ :–

**આયત–૧ :** *''હે નબી ! મુસલમાનોને જેહાદની તરગીબ (ઉત્તેજન, આકર્ષણ, લાલચ) આપો, જો તમારામાંના વીસ સબ્રવાળા હશે તો બસો પર ગાલિબ થશે. જો તમારામાંના સો હોય તો કાફિરોના હજાર પર ગાલિબ આવશે, એટલા માટે કે તેઓ સમજ નથી ધરાવતા.''*
*(આયત–૬૫, સૂરએ અન્ફાલ, પારા–૧૦)*

**સાચી સમજૂતી :** આ સૂરએ અન્ફાલ મદીનામાં નાઝિલ થઈ, જ્યારે મક્કાના લોકોએ મુસલમાનોની જિંદગી મુશ્કેલ કરી આપી હતી અને રાતોરાત ઈસ્લામના પયગંબર હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺને હિજરત કરીને મદીના જવુ પડયું હતું. મક્કાવાળા વિરોધીઓ મદીનામાં પણ મુસલમાનોને ચૈનથી જીવવા દેતા ન હતા, પ્રપંચ, ફિત્નો તથા પીછો કરીને ત્યાંથી પણ તેમને કાઢવા તથા કઢાવવા ચાહતા હતા, એટલે સુધી કે મોટી સંખ્યામાં શસ્ત્ર સરંજામની સાથે મદીના પહોંચીને તેમના પર હુમ્લો પણ કરી આપ્યો. સર સામાન વિનાના મુસલમાન તેમના મુકાબલામાં જ્યારે આવ્યા તો તેઓની કુલ સંખ્યા ૩૧૩ હતી. તે જંગનું નામ ગઝવાએ બદર છે જે ઈસ્લામી ઈતિહાસનો પ્રથમ જંગ છે. એ લડાઈથી પહેલાં ઉપરોક્ત આયતો ઉતરી જેમાં પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺને અલ્લાહે હુકમ આપ્યો કે તમે આ થોડી સંખ્યાવાળા મુસલમાનોને મુકાબલા માટે તૈયાર તથા પ્રોત્સાહિત કરો, તેમનામાં ઉત્સાહ તથા હિંમત પેદા કરો, તેમનો હોંસલો વધારો. ઈમાની તથા રૂહાની શક્તિ વડે જ્યારે તેઓ હુમ્લાખોરો સમક્ષ આવશે તો તેમાંનો એક જ એમના બેના મુકાબલામાં પૂરતો થઈ પડશે. અને અલ્લાહની મદદથી અશક્ય નથી કે એનાથી વધારે લોકો પર પણ એક જ મુજાહિદ ભારે પડી જાય.

આજની કે કાલની દુનિયા આંખો ખોલીને જુએ અને જણાવે કે **જો દુશ્મનની ફૌજ લડાઈની તૈયારી કરી રહી હોય, ચઢાઈના માટે કૂચ કરી રહી હોય, તેના ઘોડા હણહણાટી બોલાવી રહ્યા હોય, તેના હાથી છીંકારી રહ્યા હોય,**

**તેમની તલ્વાર તથા ભાલા ચમકી રહ્યા હોય, તેમની બંદૂકો તથા મશીનગનો આગ ઓકવા અને તેની તોપોનાં મુખ લાશોનાં ચિથડાં ઉડાડવાના માટે વ્યાકૂળ હોય અને વિરોધી લશ્કર કતારબંધ ઉભુ રહીને આંખો દેખાડી રહ્યું હોય, તો પછી તે સમયે પોતાના માણસો પોતાના જવાનો અને પોતાના વૃધ્ધોના સીનામાં હિંમત તથા બહાદુરીની સાથે મુકાબલો અને જંગનો ઈરાદો તથા હોંસલો ન પેદા કરવામાં આવે તો પછી શું કરવામાં આવે** ? અને જે એવું ન કરી શકે તે કૌમ તથા દેશની દીની તથા કૌમી તથા મુલ્કી તથા મિલ્લી ગૈરત (શરમ)ને કયા ખાડા તથા ખાઈમાં નાખવામાં આવશે ?!

૧૪૦૦ વરસ પહેલાં નહીં બલ્કે આજની ૨૧મી સદી ઈસ્વીમાં દુનિયાનો કયો દેશ, કઈ જાતિ, કયો કબીલો અને કયો ધર્મ છે જે વિના કશા પ્રતિકારે પોતાના દુશ્મનની સામે નમન કરીને પોતાના અસ્તિત્વનો નાશ કરવા તૈયાર છે ?!

**આયત–૨** : *"હે નબી ! કાફિરો પર અને મુનાફિકો પર જેહાદ કરો, અને તેમનું ઠેકાણુ જહન્નમ છે અને કેટલોયે બુરા અંજામ. (આયત–૯, સૂરએ તહરીમ, પારા–૨૮)*

**સાચી સમજૂતી** : સૂરએ તહરીમ પણ મક્કાથી હિજરત પછી મદીનામાં જ નાઝિલ થઈ (ઉતરી) જ્યારે કે મુસલમાન પોતાના કપરા તથા કઠિન દિવસો કાપી રહ્યા હતા. તેની આયત ૯ માં કાફિરો તથા મુનાફિકો માટે આપવામાં આવેલો જેહાદનો હુકમ પણ અગાઉ જેમ જ છે. તેઓની સાથે સખ્તાઈપૂર્વક વર્તવું અને તેમની ચાલો નિષ્ફળ બનાવવું જરૂરી હતું. તેમની આંત્રિક તથા બાહ્ય સાઝિશો મુસલમાનોના હક્કમાં દિન પ્રતિ દિન ખતરો બનતી જઈ રહી હતી, જેને બ્રેક લગાડવી સમયની સખ્ત માંગ હતી. અને સ્પષ્ટ છે કે અલ્લાહ તથા રસૂલના નાફર્માનો અને કુર્આનનો ઈન્કાર કરનારાઓનો અંજામ જહન્નમ જ છે અને જહન્નમમાં જવા કરતાં અધિક બુરો અંજામ શો હોઈ શકે છે ?!

**આયત–૩** : *"ફિટકાર થયેલા જ્યાં ક્યાંક મળે પકડવામાં આવે અને ગણી ગણીને કત્લ કરવામાં આવે. અલ્લાહનો દસ્તૂર ચાલ્યો આવે છે તે લોકોમાં જેઓ પહેલાં વહી ગયા. અને તમે અલ્લાહનો દસ્તૂર હરગિઝ બદલતો પામશો નહીં." (આ. ૬૧, ૬૨, સૂ. અહઝાબ, પારા–૨૨)*

**સાચી સમજૂતી** : સૂરએ અહઝાબની આયત નં. ૬૧ અને ૬૨ આ બંને આયતોની પહેલીવાળી આયત પણ નકલ કરી આપવામાં આવત તો વાત સાફ થઈ જાત, પણ કટ્ટરવાદી તત્વો અને ઈસ્લામ દુશ્મન તાકતોને તો બદ્ગુમાની ફેલાવી અને વિખવાદ ઉભો કરીને આમ તથા ખાસ લોકોમાં અજંપો પેદા કરવો છે એટલા માટે તેઓ પૂરી વાત શાથી નકલ કરે ? તે આયત આ છે :–

"અને જો ઠેકાણે ન આવ્યા મુનાફિક અને જેમનાં દિલોમાં બીમારી છે અને મદીનાની અંદર જૂઠ ઉડાડનારા, તો જરૂર અમે તેમના પર ઢીલ આપીશુ તો મદીનામાં તમારી પાસે થોડાક દિવસો રહેવા પામશે." *(આયત–૬૦, સૂરએ અહઝાબ)*

મદીનામાં રહીને જે લોકો મુસલમાનો વચ્ચે વિખવાદ પેદા કરવાની કોશિશ કરશે, જૂઠી ખબર ફેલાવશે, અફવા ફેલાવશે કે મુસલમાનોની હાર થવાની છે, તેમની પાસે કોઈ શક્તિ નથી, તેઓ કમજોર તથા બેઅસર છે. અને દુશ્મનનું લશ્કર ચઢાઈ કરતુ આવી રહ્યું હોય તો જાહેર છે કે એવા મુનાફિક પ્રપંચી લોકોનો અંજામ એ જ થશે કે તેમનો ખાત્મો કરી દેવામાં આવે. ચેતવણી તથા હિદાયત કરવા છતાં પોતાની હરક્તોથી દૂર ન રહેનારા મુનાફિક આ જ સજાના હકદાર છે. આગલી ઉમ્મતોમાં પણ એ જ દસ્તૂર હતો, અત્યારે પણ એ જ દસ્તૂર ચાલે છે અને એનામાં ભાવિમાં પણ કોઈ તબદીલી આવશે નહીં.

એ મુનાફિકોએ એવી એવી દગાબાજીઓ તથા પ્રપંચો કર્યા કે મુસલમાનોનું જીવન તંગ કરી મૂકયું હતું. ગઝવએ ઓહદમાં રઈસુલ મુનાફિકીન અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુસલમાનોની સાથે જંગના મેદાનની નજીક ગયો અને પછી ખતરનાક સંજોગોમાં સાથ છોડીને પોતાના ૩૦૦ માણસો લઈને ત્યાંથી અલગ થઈ ગયો. ગઝવએ ખંદકના મોકા પર જ્યારે કે દસ હજાર દુશ્મનોનું વિશાળ લશ્કર મુસલમાનોના મુકાબલામાં હતું. આ જ મુનાફિકો એવી રીતે મુસલમાનોમાં બદ્ દિલી ફેલાવવાની કોશિશ કરી રહ્યા હતા કે :–

"અને જ્યારે કહેવા લાગ્યા મુનાફિક તથા જેમના દિલમાં બીમારી હતી કે અલ્લાહ અને તેના રસૂલનો

વાયદો એક ધોકો હતો. અને જ્યારે તે મુનાફિકોના એક ગિરોહે કહ્યું કે, હે મદીનાવાસીઓ ! અહીં તમારે રોકાવાની જગા નથી, તમે ઘરોએ પાછા ચાલો. અને તેમનામાંથી એક ગિરોહ નબી પાસે પાછા ફરવાની ઈજાઝત માંગી રહ્યો હતો કે અમારાં ઘરો રક્ષા વિનાનાં છે જ્યારે કે તે રક્ષા વિનાનાં ન હતાં. આ મુનાફિકો તો બસ ભાગવા ચાહતા હતા." *(આયત–૧૨, સૂ. અહઝાબ, પારા–૨૨)*

**આયત–૪** : *"પછી જ્યારે હુર્મતવાળા મહીના નીકળી જાય તો મુશ્રિકોને મારો જ્યાં પામો, અને તેમને પકડો અને કેદ કરો અને દરેક જગાએ તેમની તાકમાં બેસો. પછી જો તેઓ તૌબા કરે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત આપે તો તેમનો માર્ગ છોડી દો. બેશક ! અલ્લાહ બખ્શનારો મહેરબાન છે." (આયત–૫, સૂરએ તૌબા, પારા–૧૦)*

**આયત–૫** : *"હે ઈમાનવાળાઓ ! જેહાદ કરો એ કાફિરો સાથે જેઓ તમારી નજીક છે, અને જોઈએ કે તેઓ તમારામાં સખ્તી પામે અને જાણી રાખો કે અલ્લાહ પરહેઝગારોની સાથે છે. (આયત–૧૨૩, સૂરએ તૌબા, પારા–૧૧)*

**આયત–૬** : *"તો એમની સાથે લડો અલ્લાહ એમને અઝાબ આપશે તમારા હાથો વડે અને તેમને રુસ્વા કરશે અને તમને એના પર મદદ આપશે અને ઈમાનવાળાઓનાં દિલ ઠંડાં કરશે." (આયત–૧૪, સૂરએ તૌબા, પારા–૧૦)*

**સાચી સમજૂતી** : સૂરએ તૌબા મદીનામાં નાઝિલ થઈ (ઉતરી) મુસલમાનો અને મુશ્રિકોની વચ્ચે કરાર હતો અને મુશ્રિકોએ કરાર ભંગ કરીને તેને તોડી નાખ્યો. થોડાક મુશ્રિકોએ કરારભંગ નથી કર્યો. એવા જ કરાર ભંગ કરનારા અને લડવા તૈયાર મુશ્રિકોના વિશે આ હુકમ છે કે તેમને જ્યાં પામો ત્યાં મારો. અને કરાર (વાયદા)ના પાબંદ મુશ્રિકો માટે કુર્આન ફર્માવે છે :

"પણ તે મુશ્રિક જેમની સાથે તમારો કરાર હતો પછી તેમણે તમારા કરારમાં કાંઈ કમી ન કરી અને તમારા મુકાબલામાં કોઈને મદદ ન આપી તો તેમનો કરાર ઠરાવેલી મુદ્દત સુધી પૂરો કરો. બેશક ! અલ્લાહ પરહેઝગારોને દોસ્ત રાખે છે. *(આયત–૪, સૂરએ તૌબા, પારા–૧૦)*

એના પછી જ તે આયત આવેલી છે કે, "મુશ્રિકોને જ્યાં પામો પકડો કૈદ કરો, દરેક જગ્યાએ તેમની તાકમાં બેસો." **આ હુકમ કરાર ભંગ, બગાવત તથા સરકશી, ખૂદ જંગ કરવા તથા અન્ય કોઈ દુશ્મનને મદદ કરવાના કારણે છે. અને કરાર મુજબ વાયદો પૂરો કરનારાઓની સાથે કરારની મુદ્દત પૂર્ણ કરવાનો હુકમ છે.** વધુમાં કુર્આને એ પણ કહ્યું કે :–

"જો કોઈ મુશ્રિક તમારાથી પનાહ (શરણ) માંગે તો તેને આપો કે તે અલ્લાહનું કલામ સાંભળે પછી તેને અમાનની જગાએ પહોંચાડી આપો. *(આયત–૬, સૂરએ તૌબા, પારા–૧૦)*

નજીકના કાફિરો સાથે લડવાના બારામાં જે હુકમ છે તેનો મલતબ એ છે કે દૂર તથા નજીકના કાફિરોમાં સૌની સાથે એક જ સાથે જંગ નથી કરી શકાતો. નજીકના તે લોકો જે તમારી દુશ્મની માટે તૈયાર છે, તમારા માર્ગમાં કાંટા બિછાવી રહ્યા છે, તમારા પયગામો સાથે ઠઠ્ઠા મશ્કરી કરી રહ્યા છે, તમારું અપમાન તથા તૌહીન કરી રહ્યા છે, તમારા દોસ્તોને તંગ કરી રહ્યા છે અને તમારા દુશ્મનો સાથે મળી ગયેલા છે, પ્રથમ તેમની સુધારણા કરી લો, તેમની સાથે નિપટી લો, પછી આગળની વાત સોચો. યાદી **આયત–૬**માં આવા જ દુશ્મનો સાથે લડવાનો હુકમ છે, જેના બાદ તેઓ તાબામાં આવશે અને બેઈજ્જત થશે. મુસલમાનોને અલ્લાહની મદદ મળશે અને તેમનાં દિલો ઠંડાં થશે.

મક્કાની ફતહના એક વરસ પછી હિ.સ. ૯ માં સૂરએ તૌબા ઉતરી છે, દસ ઝુલ હજ્જએ મક્કાની નજીક જમરાએ ઉકબા (મોટા શૈતાન)ની પાસે ચોથા ખલીફા હઝરત અલી મુર્તઝાએ સૂરએ તૌબાની ત્રીસ કે ચાળીસ આયતો તિલાવત કરી અને મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના આ ચાર પયગામો હાજીઓને પહોંચાડયા.

"તે વરસ પછી કોઈ મુશ્રિક ખાનાએ કા'બાની પાસે ન આવે, કોઈ વ્યક્તિ નગ્ન થઈને ખાનાએ કા'બાનો તવાફ ન કરે. જન્નતમાં કેવળ ઈમાનવાળા દાખલ થશે. રસૂલે કરીમ ﷺની સાથે જેમનો કરાર છે તે કરાર પોતાની મુદ્દત સુધી રહેશે અને જેની કોઈ મુદ્દત નિશ્ચિત નથી તેની હદ ચાર માસ પર પૂર્ણ થઈ જશે."

મુશ્રિકોએ આ સાંભળી કહ્યું, હે અલી ! તમારા કાકાના પુત્ર (પયગંબરે ઈસ્લામ મુહમ્મદ ﷺ)ને ખબર આપી દો કે અમે કરાર પીઠ પાછળ રાખી દીધો છે. નેઝાબાઝી તથા તલ્વારબાઝી સિવાય અમારી અને તેમની વચ્ચે કોઈ કરાર નથી.

**નેઝાબાઝી તથા તલ્વારબાઝીની ચેલેન્જ આપીને લડાઈ ઉભી કરનારાઓ અને જંગના મેદાનની તરફ કદમ વધારીને આગ અને લોહીની વર્ષા કરનારાઓ સાથે ન દોસ્તીનો હાથ મિલાવવામાં આવે છે ન તો તેમના ગળામાં ફૂલોની માળા લાદવામાં આવે છે.** બલ્કે આગળ વધીને તેની સાથે ટક્કર લેવામાં આવે છે અને પોતાની તલ્વારથી અને બની શકે તો તેની તલ્વારથી તેમની ગરદન ઉડાડી દેવામાં આવે છે, આ એક સામાન્ય નિયમ જંગનો છે. અને આખા વિ□ની બહાદુર તથા ગૈરતમંદ (સ્વમાની) જાતિઓ આ જ નિયમ પર અમલ કરી રહેલી છે. કાલે પણ એ જ ઉસૂલ હતો અને આજે પણ એ જ નિયમ છે, અને ભવિષ્યમાં પણ આ જ નિયમ વિ□ભરમાં ચાલતો અને કામ કરતો રહેશે.

આ જ પ્રમાણે અન્ય કુર્આની આયતોની ગલત રજૂઆત કરીને કુર્આન વિરુદ્ધ દુષ્પ્રચાર જગતભરમાં કરવામાં આવે છે, પણ સાદી સમજ માટે સમજી લો કે આજે અમેરિકા તથા બ્રિટને જે રીતે "અલ કાયદા"ને ત્રાસવાદી સંગઠન જાહેર કરેલ છે તથા તાલિબાનોને ત્રાસવાદી જાહેર કર્યા છે તથા તેમના લીડરો ઓસામા બિન લાદેન તથા અન્ય ત્રાસવાદી જાહેર કરાયેલાઓ જેમનાથી આમ પબ્લિકને ખતરો છે તેમને જીવતો કે મરેલો પકડે તેના માટે લાખો ડોલરોનાં ઈનામો જાહેર કર્યાં છે તથા તેમને પકડવાના નામ પર આખુ અફઘાનિસ્તાન ખેદાન મેદાન કરી નાખ્યું અને લાખો નિર્દોષોનાં લોહી વહાવ્યાં. જયારે કે ઈસ્લામમાં નિર્દોષોનાં લોહી વહાવવાની સખ્ત મનાઈ કરવામાં આવેલી છે. જેમ કે કુર્આનમાં છે :–

"જેણે કોઈ જાન કત્લ કરી વિના જાનને બદલે અથવા જમીનમાં ફસાદના વિના તો જાણે તેણે સર્વ લોકોને કત્લ કર્યા. અને જેણે એક જાનને બચાવી લીધી તેણે જાણે સર્વ લોકોને જિંદગી બખ્શી." *(આયત–૩ર, સૂરએ માઈદા, પારા–૬)*

માનવી તો માનવી છે પણ પ્રાણીઓના વિશે પણ ઈસ્લામની તા'લીમ દયા તથા પ્રેમભાવનો એક ઉચ્ચ નમૂનો છે. પયગંબરે ઈસ્લામ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

"એક સ્ત્રીને કેવળ એટલા માટે અઝાબ આપવામાં આવ્યો કે તેણે એક બિલાડીને કેદ કરી દીધી હતી અને તે ભૂખથી મૃત્યુ પામી. તેના કારણે તે સ્ત્રીએ જહન્નમમાં જવું પડયું." *(બુખારી)*

એક માણસ કયાંક જઈ રહ્યો હતો તેને સખત તરસ લાગી. તે કૂવામાં ઉતર્યો અને તેમાંથી પાણી પીને બહાર નીકળ્યો. એટલામાં તેણે જોયું કે એક કૂતરો તરસની તકલીફના કારણે હાંફી રહ્યો છે અને માટી ચાટી રહ્યો છે. તેણે પોતાના દિલમાં વિચાર્યું કે આ કૂતરાને મારી જેમ જ તરસ લાગી છે, તે ફરી કૂવામાં ગયો અને પોતાના મોજાઓમાં પાણી ભરીને તેને મોઢા વડે પકડીને કૂવા બહાર નીકળ્યો અને કૂતરાને પાણી પીવડાવ્યું. અલ્લાહ તઆલાને તેની એ વાત પસંદ આવી અને તેની મગફેરત ફર્માવી દીધી.

લોકોએ પૂછયું, યા રસૂલુલ્લાહ ! ﷺ શું જાનવરોની સાથે ભલાઈ કરવાથી પણ અમને સવાબ મળશે ? આપે ઈર્શાદ ફર્માવ્યો, દરેક તર જિગરવાળા (જીવંત)માં બદલો તથા સવાબ છે. *(બુખારી)*

પ્રોપેગન્ડો એ કરવામાં આવે છે કે દરેક કાફિર તથા મુશ્રિક સાથે મુસલમાન દરેક સમયે જેહાદ કરવા ચાહે છે ! જ્યારે કે જિંદગીના સામાન્ય વહેવારના બારામાં પણ કુર્આનનો હુકમ એ છે કે :–

"અલ્લાહ તમને તે લોકોની સાથે એહસાન તથા ઈન્સાફ કરવાથી મના નથી કરતો જેઓ દીનમાં (ધર્મમાં) તમારાથી ન લડયા અને તમને તમારાં ઘરોએથી ન કાઢયા. બેશક ! ઈન્સાફ કરનારાઓને અલ્લાહ પસંદ કરે છે, અલ્લાહ તમને તેમની સાથે મિત્રતા કરવાથી મના કરે છે જેઓ દીનમાં તમારી સાથે લડયા અથવા તમને તમારાં ઘરોએથી કાઢયા અથવા તમને કાઢવા માટે મદદ કરી. અને જેઓ તેમની સાથે દોસ્તી કરે તેઓ જ જાલિમ છે." *(આયત–૯, સૂરએ મુમ્તહિના, પારા–૨૮)*

વધુ ખુલાસા માટે વાંચો કિતાબ **"૨૪ આયતોનો કુર્આની ભાવાર્થ"** (અઝ : યાસીન અખ્તર મિસ્બાહી)

# સરવરે કાએનાત ﷺ અને સાહિબૈન رضی اللہ عنہما નાં મુબારક શરીરોની ચોરીનાં ષડયંત્રો

**રજૂકર્તા : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

મુસલમાનોની મહોબ્બતોના મર્કઝ નબી કરીમ ﷺ તથા સાહિબૈન (હઝરત અબૂબક્ર તથા ઉમર) رضی اللہ عنہما જેઓ આપની સાથે ગુંબદે ખદરામાં આરામ ફર્માવી રહ્યા છે તેમના પવિત્ર મુબારક શરીરોને કાઢી જવાની યહૂદી , ઈસાઈ તથા અન્ય મુનાફિકો થકી જે કોશિશો થઈ તેનો ચિતાર અત્રે સંક્ષિપ્તમાં રજૂ કરીએ છીએ.

***(પ્રથમ કાવતરૂ)***

## યહૂદી વંશ ફાતિમી ગવર્નર થકી

પાંચમી સદી હિજરીના આરંભમાં રસૂલે અકરમ ﷺ અને સાહિબૈન (હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અને હઝરત ઉમર رضی اللہ عنہ)નાં મુબારક શરીરોને મિસ્ર લઈ જવાનું કાવતરૂ ઘડવામાં આવ્યું તેમાં મિસ્રના ફાતિમી ઉબૈદી ગવર્નર બેઅમરિલ્લાહનો આદેશ સામેલ હતો અને મક્કા તથા મદીનાના ગવર્નર અબુલ ફુતૂહ હસન બિન જાફર થકી તેને પાર પાડવાનું હતું. આ મલઊન ઉબૈદી છઠ્ઠો ગવર્નર હતો. ઘણો સખ્ત દિલ અને ખૂંખાર હતો. લિબનાનના દરોજી હજુ પણ તેને ઘણો પવિત્ર માને છે. તેની અંદર અલ્લાહ તઆલાના હુલૂલ (અલ્લાહનું પ્રવેશવું, મઆઝલ્લાહ !)ના માનનારા છે, વધુ એ માને છે કે તે દુનિયામાં પાછો પરત આવશે. (لعنہم اللہ واخزاہم)

ઈબ્ને નજ્જારની તારીખે બગદાદમાં આ બનાવ લખેલો છે. અબુલ કાસિમ અબ્દુલ હલીમ બિન મુહમ્મદ મગરિબીથી રિવાયત છે. તે ઉબૈદી ગવર્નરે પોગ્રામ બનાવ્યો કે રસૂલુલ્લાહ ﷺ અને હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہ ના મુબારક શરીરોને મદીના મુનવ્વરાથી મિસ્ર લઈ જવામાં આવે જેથી આખી દુનિયાનો ચેહરો મિસ્ર તરફ થઈ જાય જે ત્યાં વસવાટ ધરાવતા લોકો માટે ઘણી ઈજ્જત અને શાનની વાત રહેશે. હાકિમે એ ઈરાદાને પાર પાડવા માટે મિસ્રમાં એક ચાર દિવાલવાળુ મકાન બનાવ્યું અને ઘણી દૌલત ખર્ચ કરી અને પોતાની હુકૂમતના અફસર અબુલ ફુતૂહને સંદેશો મોકલાવ્યો કે પવિત્ર હુજરામાંથી મુબારક શરીરોને કાઢવામાં આવે. અબુલ ફુતૂહ મદીના શરીફ આવ્યો અને એક જગ્યાએ બેસી ગયો. મદીનાવાળાઓને એ કાવતરાનું જ્ઞાન થઈ ગયું હતુ જેથી તેઓ તેની પાસે આવ્યા. તેમનામાં ઝલબાની નામના એક કારી હતા તેમણે તે મજલિસમાં કુર્આન મુકદસની નીચે દર્શાવેલ આયતે કરીમાની તિલાવત શરૂ ફર્માવી દીધી :–

**وَاِنْ نَّكَثُوْا اَيْمَانَهُمْ مِنْ بَعْدِ عَهْدِهِمْ وَطَعَنُوْا فِيْ دِيْنِكُمْ فَقَاتِلُوْا اَئِمَّةَ الْكُفْرِ اِنَّهُمْ لَا اَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنْتَهُوْنَ ٥ اَلَا تُقَاتِلُوْنَ قَوْماً نَّكَثُوْا اَيْمَانَهُمْ وَهَمُّوْا بِاِخْرَاجِ الرَّسُوْلِ وَهُمْ بَدَؤُوْكُمْ اَوَّلَ مَرَّةٍ اَتَخْشَوْنَهُمْ فَاللّٰهُ اَحَقُّ اَنْ تَخْشَوْهُ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ**

''જો તે લોકોએ વચન આપ્યા પછી પોતાની કસમોને તોડી નાખી છે અને તમારા દીનમાં ટીકા ટીપ્પણ શરૂ કરી દીધી છે તો તે કુફ્રના આગેવાનો સાથે જંગ કરો, હકીકતમાં તેમની કસમોનો કોઈ ભરોસો નથી, જેથી તેઓ રોકાઈ જાય. તમો એવા લોકો સાથે શા માટે જંગ નથી કરતા જેઓએ પોતાની કસમોને તોડી નાખી અને રસૂલને કાઢવા તૈયાર થઈ ગયા. પ્રારંભ તેઓ તરફથી થયો, શું તમે તેમનાથી ડરો છો ? હક્ક એ છે કે અલ્લાહથી ડરો જો તમે મોમિન છો''

ઉપરોક્ત આયતોની તિલાવતથી તે લોકોમાં ઘણો જોશ પૈદા થઈ ગયો. જણાતુ હતુ કે તેઓ અબુલ ફુતૂહ અને તેના સિપાહીઓને કત્લ કરી દેશે. અબુલ ફુતૂહે જ્યારે પબ્લિકની આ કૈફિયત જોઈ તો કહેવા લાગ્યો કે

અલ્લાહથી જ ડરવું જોઈએ, ખુદાની ક઼સમ ! જો હાકિમ બેઅમરિલ્લાહ મારી જાન પણ કાઢી લે તો પણ હું એવું કાર્ય નહીં કરું. અને વિચારવા લાગ્યો, તેણે કઈ રીતે આ બેઈજ્જત કરનાર કાર્યનો ઈરાદો કરી લીધો હતો ! સાંજ થતાં જ એવી આંધી ચાલી કે જમીનને ધ્રુજાવી દીધી, બાંધેલા ઘોડા અને ઊંટો એવાં ગબડી રહ્યાં હતાં જેવી રીતે દડો ગબડે છે, તેમાં ઘણા જાનવરો અને ઈન્સાનો એ જ હાલતમાં મૌતના મોઢામાં ચાલ્યા ગયાં. અબુલ ફુતૂહને આ જોઈ પોતાની જાન બચાવવાનો મોક઼ો મળી ગયો અને ગવર્નરનો ખૌફ તેના દિલમાંથી નીકળી ગયો અને તે પરત ફરી ગયો. અલ્લાહ તઆલાએ આ રીતે પોતાના રસૂલ ﷺ અને આપના સાથીઓની હિફાઝત ફર્માવી. *(સૂરએ માએદહ–૨૭, તેહક઼ીક઼ુન્નુસરત ૧૪૬, વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૬૫૨)*

### (બીજુ કાવતરૂ)

### એ જ મલઊન ફાતિમી થકી

એ મલઊન (લાઅનતી) હાકિમ બેઅમરિલ્લાહ ઉબૈદીએ બીજી વેળા સાઝિશ (કાવતરૂ) કરી પરંતુ તેમાં પણ તેને બેઈજ્જતી વેઠવી પડી. એ ઘટનાનું વર્ણન ઈબ્ને સઅદૂન ક઼ેરવાનીએ પોતાની કિતાબ "તઅસી અહલુલ ઈમાન ફીમા જરી અલા મદીનતુલ ક઼ુર્આન"માં કર્યું છે કે હાકિમ બેઅમરિલ્લાહે મુબારક ક઼બ્રોને ખોદવા માટે અમુક લોકો મોકલ્યા. તેઓ મસ્જિદની નજીક એક મકાનમાં રહેવા લાગ્યા અને સુરંગ ખોદવાનું શરૂ કરી દીધું જેથી રસૂલુલ્લાહ ﷺની ક઼બ્ર મુબારક સુધી પહોંચી શકાય. તે જ વેળા એક ઉત્તેજીત રોશની પ્રગટ થઈ અને અવાજ આવ્યો, કોઈ ભારે અવાજમાં કહી રહ્યું છે, હે લોકો ! તમારા નબીની ક઼બ્રને ખોદવામાં આવી રહી છે ! લોકો દોડયા અને પૂછતાછ કરી અને તે બધા લોકોને પકડીને ક઼ત્લ કરી જહન્નમ ભેગા કરી દીધા. *(વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૬૫૩)*

### (ત્રીજુ કાવતરૂ)

### ઈસાઈ બાદશાહો થકી

અમુક ઈસાઈ બાદશાહોએ આ સાઝિશ કરી હતી અને ૫૫૭ હિજરીમાં બે મરાકશના ઈસાઈઓ થકી તેને વાસ્તવિક રૂપ આપવાની કોશિશ કરવામાં આવી. પોતાના તરફથી તે કાવતરામાં ઘણી ચાલાકી અને નિપૂણતાથી કામ લીધુ હતું પરંતુ અલ્લાહની ક઼ુદરત અને તાક઼ત દરેક વસ્તુ પર ગાલિબ (સર્વોપરિ) છે, અલ્લાહ તઆલાએ આપ ﷺની હિફાઝતનો વાયદો કરી લીધો છે એટલા માટે અલ્લાહ તઆલાએ ખૂબ હિફાઝત ફર્માવી અને ઈસાઈઓના કાવતરાને નિષ્ફળ કરી દીધું. ઈતિહાસકારોએ આ કાવતરાનું વિસ્તારથી વર્ણન કર્યું છે. અલ્લામા સમહૂદી કહે છે કે અલ્લામા જમાલુદ્દીને એક કિતાબ લખેલ છે જેનો વિષય એ છે કે ઈસાઈઓને નોકર ન રાખવા જોઈએ, તેમાં તેમણે વર્ણન કર્યું કે મિસ્રના એક ન્યાયી ગવર્નર નૂરૂદ્દીન જંગીના યુગમાં ઈસાઈઓએ એક ઘણુ મોટુ કાવત્રુ કર્યું અને તેઓને પાકુ યક઼ીન હતું કે તેઓ તેમાં કામયાબ થઈ જશે. બનાવ આ પ્રમાણે છે કે :–

સુલ્તાન નૂરૂદ્દીન જંગી તહજ્જુદ ગુઝાર હતા અને વિર્દો વઝાઈફના પાબંદ હતા. એક દિવસ તહજ્જુદ પઢીને સૂઈ ગયા તો ખ્વાબમાં રસૂલે અકરમ ﷺની ઝિયારત થઈ. આપ ﷺ બે લાલ રંગવાળી વ્યક્તિઓ તરફ ઈશારો કરી ઈર્શાદ ફર્માવી રહ્યા હતા, "انجدنی انقذنی من ھذین" મને આ બંનેવથી બચાવો ! હઝરત નૂરૂદ્દીન જંગી ગભરાઈને બેઠા થઈ ગયા. વુઝૂ કર્યું, નમાઝ પઢી અને સૂઈ ગયા તો તે જ સ્વપ્ન બીજીવાર જોયું. આંખ ખુલી ગઈ તો ફરી વુઝૂ કર્યું નમાઝ પઢી અને સૂઈ ગયા. પછી ત્રીજીવાર પણ એ જ સ્વપ્ન આવ્યું તો તેમની ઊંઘ ઉડી ગઈ. તેમનો એક વઝીર જમાલુદીન મૂસલી ઘણો નેક શખ્સ હતો તેને તે જ રાત્રે બોલાવી લીધો અને તેની સમક્ષ સ્વપ્નનો બનાવ બયાન કર્યો. તેણે કહ્યું કે પછી શા માટે બેસી રહો છો ? હમણા જ મદીના મુનવ્વરા જવા નીકળી જાવ અને કોઈને ખ્વાબની વાત ન બતાવતા. તેમણે રાતોરાત તૈયારી કરી વીસ સાથીઓ લઈ મામૂલી સવારીઓ પર રવાના થઈ ગયા. વઝીર જમાલુદ્દીન પણ સાથે હતો. ઘણો બધો માલ પણ સાથે લીધો. સોળ દિવસમાં મદીના મુનવ્વરામાં પહોંચી ગયા. શહેરની બહાર ગુસ્લ કર્યું. મસ્જિદ શરીફમાં હાજર થઈ રિયાઝુલ જન્નતમાં નફલ નમાઝો અદા કરી અને બારગાહે નબુવ્વતમાં સલામ અર્ઝ કરી અને બેસીને વિચારમાં

પડી ગયા કે હવે શું કરે ?! વઝીરે ઉઠીને એલાન કરી દીધું જે વખતે મદીનાવાળા મસ્જિદમાં ભેગા થઈ ગયા હતા કે સુલ્તાન હુઝૂરે અકરમ ﷺની ઝિયારત માટે હાજર થયા છે, ખૈરાત માટે માલ પણ લાવ્યા છે જેથી બધા મદીનાવાળાઓની લિસ્ટ બનાવવામાં આવે. પછી બાદશાહે બધાને હાજરીનો આદેશ આપ્યો. જે વ્યક્તિ પણ આવતો બાદશાહ તેને ઘણા ધ્યાનથી જોતા જેથી જે વ્યક્તિઓને હુઝૂર ﷺએ સ્વપ્નમાં દેખાડયા હતા તેઓને પકડવામાં આવે. પરંતુ તે શક્કલોવાળા ન મળ્યા. દરેક વ્યક્તિને માલ આપતા અને વિદાય કરી દેતા ત્યાં સુધી કે મદીનાવાળાઓમાંથી કોઈ બાકી ન રહ્યું. હવે સુલ્તાને પૂછયું, કોઈ રહી તો નથી ગયું ને ? તો બધાએ કહ્યું, ના ! સુલ્તાને કહ્યું, વિચારો અને ખૂબ દિમાગ દોડાવો ! છેવટે લોકોએ બતાવ્યું, કોઈ બાકી તો નથી પરંતુ બે મરાકશી બુઝુર્ગ છે જેઓ કોઈની પાસેથી કશું નથી લેતા, તેઓ ઘણા નેક અને માલદાર છે તથા જરૂરતમંદોને ઘણો સદક઼ો અને ખૈરાત આપે છે, હમેશાં રોઝા રાખે છે, તહજ્જુદગુઝાર છે. રિયાઝુલ જન્નતમાં નમાઝ અદા કરે છે. રોજ સવારે હુઝૂર ﷺની બારગાહમાં સલાતો સલામ પેશ કરે છે, રોજ જન્નતુલ બકીઅમાં હાજરી આપે છે. અઠવાડિયામાં એક વેળા મસ્જિદે કુબા જાય છે. ટૂંકમાં કે મદીનાવાળાઓએ તેમની ઘણી પ્રશંસા કરી. બાદશાહે એ સાંભળી સુબ્હાનલ્લાહ ! કહ્યું અને તેમને ખ્વાબનો બનાવ ન બતાવ્યો અને હુકમ આપ્યો કે તેઓને મારી પાસે લાવો. તેઓને બોલાવવામાં આવ્યા તો તેમણે જવાબ આપ્યો કે અમે દૌલતમંદ છીએ, સદક઼ો ક઼બૂલ કરતા. સુલ્તાનના આગ્રહ પર જ્યારે તેઓને લાવવામાં આવ્યા તો તેમણે તરત જ એમને ઓળખી લીધા કે આ તો તે જ છે જે સ્વપ્નમાં દેખાડવામાં આવ્યા હતા અને નબીએ કરીમ ﷺએ તેમની તરફ ઈશારો કરી ફર્માવ્યું હતું, "મને આ બંનેવથી બચાવો !" બાદશાહે પૂછયું કે ક્યાંના રહેવાસી છો ? તો તેમણે કહ્યું, મરાકશથી અમે હજ્જ માટે આવ્યા હતા. આ વરસ રસૂલુલ્લાહ ﷺના પડોસમાં રહેવાનું નક્કી કરી લીધુ છે. બાદશાહે કહ્યું, સાચે સાચુ બતાવો ! તેઓ તેના પર ચુપ થઈ ગયા. બાદશાહે તેમના ઠેકાણા બાબત પૂછયું તો બતાવ્યું કે એક મુસાફિરખાનામાં જે હુજરા મુબારકની પાસે છે. સુલ્તાન તેમને પકડી તે મકાનમાં લઈ ગયા ત્યાં ઘણો માલ પડેલો હતો. સુલ્તાન એકલા તે ઘરમાં ફરતા રહ્યા. એક જગ્યાએથી બિસ્તર ઉઠાવ્યું તો તેની નીચે સુરંગ જોવામાં આવી જે તાજી ખોદેલી હતી અને હુજરા મુબારક સુધી જતી હતી. લોકો આ જોઈ ભયભીત થઈ ગયા ! સુલ્તાને કહ્યું, હવે મને સાચે સાચુ બતાવી દો ! અને તેઓને ખૂબ જ ફટકાર્યા તો છેવટે તેમણે ક઼બૂલ કરી લીધું કે તેઓ ઈસાઈ છે અને તેમના બાદશાહે તેમને મરાકશના હાજીઓના વેશમાં મોકલ્યા છે, અને ઘણો બધો માલ સામાન આપ્યો છે અને એક ખતરનાક કામ અંજામ આપવાનું કહ્યું છે જેના વિશે તેમનો ખ્યાલ હતો કે આ કામ પૂરું થઈ જશે. અને કામ એ હતું કે હુઝૂર ﷺની ક઼બ્ર મુબારક સુધી પહોંચે અને જે કાર્ય શૈતાને તેમના દિમાગમાં નાખેલું હતુ તેના ઉપર અમલ કરે અને આપ ﷺને અહિંયાથી કાઢીને લઈ જઈએ, તેનું જે પરિણામ થશે તે થશે. એટલા માટે તેઓ મસ્જિદની ઉત્તર બાજુ નજીકના મુસાફરખાનામાં રોકાયા અને પોતાના પ્લાનને પૂરો કરવાનું એ રીતે શરૂ કર્યું કે રાત્રે ખોદતા હતા અને તેમની પાસે મરાકશી લોકોના થેલાની જેમ થેલા હતા જેમાં માટી ભરી એ દેખાવ કરતા હતા કે તેઓ બક઼ીઅ શરીફની ઝિયારત માટે જઈ રહ્યા છે. ત્યાં જઈને માટી ક઼બ્રોની વચમાં નાખી દેતા આ કાર્ય તેઓ ઘણા સમયથી કરતા હતા. જ્યારે તેઓ હુજરા શરીફની નજીક પહોંચ્યા તો આકાશ ખૂબ ગાજયું અને વીજળી ચમકી અને એવો ધરતીકંપ આવ્યો કે એવું લાગતુ હતું કે પહાડ પોતાની જગ્યાએથી હટી જશે, તે જ રાતની સવારે તમો આવી પહોંચ્યા અને અમને પકડીને ગુનોહ ક઼બૂલ કરાવી લીધો. જ્યારે તેમણે જુર્મ ક઼બૂલ કરી લીધો અને સુલ્તાન થકી આ કાવતરુ પકડાઈ ગયું તો સુલ્તાને કહ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! અલ્લાહ તઆલાએ આ કાર્ય માટે મને પસંદ કર્યો, કોઈ બીજાની પસંદગી ન કરી.

ત્યાર બાદ સુલ્તાન પર ધ્રુજારી છવાઈ ગઈ અને તે ખૂબ રડયા અને તે બંનેવને ક઼ત્લ કરી દેવાનો આદેશ આપ્યો. હુજરા મુબારકથી મળેલી જે ખિડકી જન્નતુલ બક઼ીઅ બાજુ ખુલે છે તેના નીચે તેમની ગરદન ઉડાવી દીધી પછી સુલ્તાન નૂરૂદ્દીન જંગી પોતાના મુલ્ક પરત ચાલ્યા ગયા અને ઈસાઈઓના વિરૂધ્ધ જંગી કાર્યવાહી

વધારી દીધી અને તેમને સરકારી નોકરી પર ન રાખવાનો આદેશ આપ્યો.

ઈબ્ને અષીર કહે છે, સુલ્તાન નૂરૂદ્દીન જંગી ઘણા નેક અને આદિલ (ન્યાયી) હાકિમ હતા. *(વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૬૪૮)*

### મુબારક કબ્રોની આસપાસ દિવાલનું બાંધકામ

ઈતિહાસના અભ્યાસથી સ્પષ્ટ થઈ જાય છે કે રસૂલે અકરમ ﷺના જિસ્મેપાકને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જવાની પહેલી અને બીજી સાઝિશ ૩૮૬ થી ૪૧૧ હિજરીના વચ્ચમાં થઈ એ **યહૂદી** નસ્લ ઉબૈદી ઈસ્માઈલી હાકિમ બેઅમરિલ્લાહનો દૌર હતો અને ત્રીજી સાઝિશ ૫૫૭ હિજરીમાં **ઈસાઈઓ**એ કરી અને દરેક સમયે અલ્લાહ તઆલાએ હિફાઝત ફર્માવી. અને ત્રીજી સાઝિશ પછી નૂરૂદ્દીન જંગીએ એ કાર્ય બેહતર સમજ્યું કે હમેશાં માટે સુરંગ ખોદવાના કાવતરાનો દરવાજો બંધ કરી દેવામાં આવે એટલા માટે તેમણે શીશુ પીગળાવીને દિવાલ બનાવવાનો આદેશ આપી દીધો જેથી આવનાર કોઈ બદ કિરદાર સુરંગ ન બનાવી શકે. જ્યારથી આ દિવાલની તામીર થઈ ત્યારથી કોઈથી સુરંગ ખોદવાની હિંમત ન થઈ શકી.

સુલ્તાનના હુકમથી પાણી સુધી ઊંડી ખાઈ ખોદવામાં આવી જે હુજરા શરીફની ચારેબાજુ હતી અને તેમાં શીશુ પીગળાવી નાખી દેવામાં આવ્યું જેથી ભવિષ્યમાં સુરંગ ખોદવાની સાઝિશ ન ચાલી શકે.

સુલ્તાન લોકોને ખૈરાત આપવા માટે જે મશ્હૂર મકાન દારુઝ્ ઝિયાફતમાં રોકાયા હતા અને એ મકાન બાબે ઉમર બિન ખત્તાબ બહાર મસ્જિદના દક્ષિણી ભાગમાં બીજી વારના સઊદીઓએ કરેલ બાંધકામ પહેલાં મૌજૂદ હતું જે હમણા મસ્જિદમાં સામેલ કરી લેવામાં આવ્યું છે, અને જે જગ્યાએ શીશુ પીગળાવવામાં આવ્યું તે બાબુસ્સલામથી અમુક ડગલાં હટીને હતું અને સકીફતુર્રસાસના નામની મશ્હૂર હતું. ૧૮ રજબ ૧૩૯૭ હિજરી સોમવારના દિવસે જ્યારે શોકે કમાસા (એક સ્થળનું નામ)માં આગ લાગી તે પણ નષ્ટ થઈ ગયું અને જે સ્થાને ઈસાઈઓએ સુરંગ ખોદવાનો આરંભ કર્યો હતો તે મસ્જિદની ઉત્તર દિશામાં હતું અને હુજરા શરીફના સામે મસ્જિદની દિવાલમાં મૌજૂદ ખિડકીથી લાગેલું બહારની તરફ હતું. *(વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૬૦, મિરઅતુલ હરમૈન શરીફૈન, ભાગ–૧, પેજ–૪૭૪, તારીખે મઆલિમુલ મદીનતુલ મુનવ્વરા–૮૪)*

### (ચોથુ કાવતરૂ)

### રૂમી ઈસાઈઓ થકી

ઈબ્ને જુબેરે આ સાઝિશનું વિગતવાર વર્ણન કર્યું છે. ૨૯ ઝિલ્કદ હિજરી ૫૭૮ શનિવારના દિવસે મુસાફરી દરમ્યાન હું મિસ્રના એક શહેર ઈસ્કંદરયા પહોંચ્યો અને ૮ ઝિલ્હજ રવિવારના દિવસે ત્યાંથી પરત ફરી ગયો. તેણે જે કાંઈ જોયું તે આ પ્રમાણે છે : જ્યારે અમો ઈસ્કંદરયા પહોંચ્યા તો સૌથી પહેલાં અમોએ એક મોટી ભીડ જોઈ જે રૂમી ઈસાઈ કૈદીઓને જોવા નીકળેલી હતી. જેમને ઊંટો પર ઊંધા બેસાડી શહેરમાં લાવવામાં આવ્યા હતા તેમનું મોઢું ઊંટની પૂછડી તરફ હતું, તેમની આજુબાજુ ઢોલક અને તબલા વાગી રહ્યા હતા. અમારા પૂછવા પર એ લોકોએ એવી વાત બતાવી જેનાથી દિલ ટુકડે ટુકડા થઈ જાય, અને એ વાત એ છે કે શામના ઈસાઈઓએ ભેગા મળી બહરે કુલ્ઝુમ (એક દરિયો)ના સૌથી નજીક હિસ્સામાં નાવડીઓ તૈયાર કરી અને તેને ભાડાના ઊંટો ઉપર મૂકી સમુદ્રના કિનારે પહોંચાડી દીધી પછી તેમને તે નાવડીઓને જંગના જરૂરી સામાનથી તૈયાર કરી અને જ્યારે તૈયારી પૂરી થઈ ગઈ તો નાવડીઓને સમુદ્રમાં નાખી દીધી અને સવાર થઈ ગયા અને હાજીઓના દરિયાઈ કાફલાઓને લૂંટવાનું શરૂ કરી દીધું. ત્યાંથી તેઓ બહરે નઅમ (એક દરિયો) પહોંચ્યા અને સોળ નાવડીઓ સળગાવી દીધી. ત્યાંથી ઈઝાબ પહોંચ્યા અને જિદ્દાથી હાજીઓની એક કશ્તી આવી રહી હતી જેને તેઓએ પકડી લીધી. એવી જ રીતે કૌસથી ઈઝાબ બાજુ એક કાફલો આવતો હતો તેને પણ પકડી લીધો અને બધા લોકોને કત્લ કરી દીધા. યમનથી વેપારીઓના બે વહાણ આવી રહ્યાં હતાં તેને પણ પકડી લીધાં. મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વરાના માટે જે અનાજનો ખજાનો હતો તેને આગ લગાડી સળગાવી દીધો અને એવાં બુરાં કામો કર્યાં જેનું દષ્ટાંત ઈતિહાસમાં નથી મળતું. આજ સુધી કોઈ રૂમી

અહિંયા સુધી ન પહોંચી શક્યો હતો અને હવે તેમનો સૌથી મોટો અને ખૌફનાક પ્લાન એ હતો કે મદીના શરીફમાં દાખલ થઈ સરવરે કાએનાત ﷺને રોઝા મુબારકમાંથી કાઢીને લઈ જવા માંગતા હતા. તેનો તેઓએ એલાન પણ કર્યો અને તેમનામાંથી દરેકની ઝબાન ઉપર એ જ વાત હતી. અલ્લાહ તઆલાએ તેમની આ હિંમત અને બદ કિરદારીની એવી સજા આપી કે જ્યારે મદીના પહોંચવામાં માત્ર એક દિવસની દૂરી રહી ગઈ તો મશ્હૂર હાજિબ "લુઅ લુઅ" નામનો થોડાક મરાકશના બહાદુર નવજવાનોને લઈને આવી ગયો જેઓ સમંદરી જંગના નિષ્ણાત હતા. તેમણે તેઓને ગિરફતાર કર્યા અને તેમનો કત્લેઆમ કર્યો અને અમુક લોકોને કૈદ કરી અલગ અલગ શહેરોમાં કત્લ કરવા માટે રવાના કરી દીધા. થોડાક કૈદી મક્કા અને મદીના મોકલવામાં આવ્યા અને અમુક કૈદી ઈસ્કંદરયા લાવવામાં આવ્યા અને એ બધાને ત્યાં જહન્નમ ભેગા કરી દેવામાં આવ્યા. આ રીતે અલ્લાહ તઆલાએ પોતાના નબીની હિફાઝતનો વાયદો પૂરો ફર્માવી દીધો. *(રહલતો ઈબ્ને જુબેર, ૧૭,૩૧)*

### *(પાંચમુ કાવતરૂ)*

### હલ્બના શીઆઓનું કાવતરૂ

"હે સુવાબ ! રાત્રે અમુક લોકો મસ્જિદનો દરવાજો ખખડાવશે તો દરવાજો ખોલી આપજે, એ જે ઈચ્છે તે કરવા દેજે, તેમની સામે ન થતો" આ તે શબ્દો છે જે મદીના મુનવ્વરાના હાકિમે હલ્બના લોકો વિશે કહ્યા હતા જે હઝરાત શૈખેન (હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما)નાં મુબારક શરીરોને કાઢવા માટે આવ્યા હતા. (હઝરત સુવાબ મસ્જિદે નબવીના ખાદિમોના લીડર હતા) મશ્હૂર ઈતિહાસકાર મુહિબ તબરીએ "અર્રિયાઝુન્નઝરહ ફી ફઝાઈલિલ અશ્રા"માં લખ્યું છે કે મસ્જિદે નબવીના ખાદિમોના લીડર શમ્સુદીન સુવાબ લુમતી હતા જે ઘણા જ ગરીબોના સહાયક અને મહેરબાન હતા. તે ફર્માવે છે કે મારો એક દોસ્ત મદીના શરીફના ગવર્નર સાથે બેસતો હતો, જે કાંઈ પણ ખબર હું પૂછવા ચાહતો તે મને તેની ખબર આપતો હતો. એક દિવસ તે આવ્યો અને કહેવા લાગ્યો, એક મોટી ઘટના થવાની છે ! મેં તેને તેના વિશે પૂછયું તો તેણે બતાવ્યું કે હલબથી અમુક લોકો આવેલા છે અને તેઓએ મદીનાના ગવર્નરને લાંચ રૂપે ઘણો માલ આપ્યો છે અને દરખાસ્ત કરી છે કે હુજરા શરીફ ખોલી સૈયદના અબૂબક્ર અને સૈયદના ઉમર رضی اللہ عنہماને અહિંયાથી લઈ જવાની ઈજાઝત આપવામાં આવે, અને તે મલઊને હા પાડી દીધી છે. સુવાબ કહેવા લાગ્યા કે આ સાંભળી હુ ઘણો ચિંતિત થઈ ગયો. થોડો સમય વિત્યો હતો કે ગવર્નરનો નોકર બોલાવવા આવી ગયો. હું જ્યારે તેની પાસે પહોંચ્યો તો તેણે મને કહ્યું, સુવાબ ! રાત્રે અમુક લોકો મસ્જિદનો દરવાજો ખખડાવશે તો દરવાજો ખોલી આપજે અને તેઓ જે કાંઈ કરે તેમને કરવા દેજે, અને વચમાં ન આવતો. હું "જી હુઝૂર" કહી ચાલ્યો આવ્યો. આખો દિવસ હું હુજરા શરીફની પાછળ બેસીને રડતો રહ્યો. મારા આંસૂંઓ રોકાતાં ન હતાં અને કોઈને પણ ખબર ન પડી કે મને શું થઈ રહ્યું છે. જ્યારે રાત થઈ ગઈ અને ઈશાની નમાઝ અદા કરી લેવામાં આવી, લોકો ચાલ્યા ગયા અને મસ્જિદે નબવીના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા, તો થોડીક વાર પછી દરવાજો ખખડયો જેને બાબુસ્સલામ કહે છે તેના સામે જૂના કિલ્લામાં મદીનાના હાકિમનું મકાન હતું. મેં દરવાજો ખોલી કાઢયો તો ચાલીસ માણસો દાખલ થયા. હું એક એક કરી તેમની ગણત્રી કરતો રહ્યો. તેમની પાસે પાવડા, ચિરાગ અને ઈમારત તોડી પાડવાનાં અને ખોદવાનાં સાધનો હતાં. તેઓ હુજરા શરીફ બાજુ જઈ રહ્યા હતા. હજુ મિમ્બર પાસે જ પહોંચ્યા હશે એવામાં જમીન ફાટી અને એ બધા સામાન સમેટ જમીનમાં દફન થઈ ગયા અને જમીન ઉપર તેઓનું કોઈ નામો નિશાન પણ ન રહ્યું ! મદીનાનો હાકિમ તેમની ઘણી રાહ જોતો રહ્યો, છેવટે મને બોલાવી કહ્યું, સુવાબ ! તારી પાસે પેલા લોકો નથી આવ્યા ? મેં કહ્યું, કેમ નહીં ?! આવ્યા તો હતા પણ તેઓ સાથે આવો બનાવ બન્યો છે. કહેવા લાગ્યો, થોડુ વિચારો ! તમે શું કહી રહ્યા છો ?! મેં કહ્યું, આવું જ થયું છે. ઉઠો અને જાતે જ જોઈ લો ! શું તેમનામાંથી કોઈ છે ? અથવા નિશાન પણ રહ્યું છે ?! તેણે કહ્યું, આ વાત અહિંયાં સુધી જ રહે, જો તેં તેને જાહેર કરી દીધી તો તારું માથુ ઉડાવી દેવામાં આવશે ! અને હું ત્યાંથી પરત આવી ગયો.

અલ્લામા સમહૂદી કહે છે કે આ ઘટના સંક્ષિપ્ત રૂપમાં તારીખે મદીનામાં અબૂ મુહમ્મદ મરજાનીએ પણ લખેલ છે. તેઓ ફર્માવે છે : તેમણે પોતાના બાપ અબૂ અબ્દુલ્લાહ મરજાનીથી અને તેમણે તેમના બાપ અબૂ મુહમ્મદ મરજાનીથી સાંભળ્યું જેમણે હુજરા શરીફના ખાદિમથી સાંભળ્યું. તેમણે વર્ણન કરેલ ઘટના તો આવી જ છે, પરંતુ તેમણે પંદર વીસ માણસોની સંખ્યા બતાવી છે. અને બીજુ એ છે કે તેઓ થોડાક જ કદમ ચાલ્યા હશે એવામાં જમીન તેઓને ગળી ગઈ.

આ વાત સ્પષ્ટ રીતે માલૂમ થવી જોઈએ કે તે દૌર (યુગ) તવાઈફુલ મુલૂકી (દેશની ઉથલ પાથલ)નો હતો. મર્કઝી બગદાદની અબ્બાસી હુકૂમતને તબાહીએ તબાહ અને બરબાદ કરી દીધી હતી. આ સાતમી સદી હિજરીની વચ્ચેનો જમાનો હતો.

આ વાત ખરેખર અજીબ છે કે અમુક લોકો હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہماના મુબારક શરીરોને કાઢવા માટે ખુલ્લમ ખુલ્લા આવે છે, અને સુરંગ ખોદવી તો તે વેળા અશક્ય હતી, કેમ કે જમીનના નીચે શીશાની દિવાલ આડે આવતી હતી, એટલા માટે તે સમયના મદીનાના હાકિમને લાંચ આપી પોતાની સાથે મિલાવી લીધો, પરંતુ તેમની આ સાઝિશ પણ નાકામ થઈ અને અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺના બંનેવ સાથીઓની હિફાઝત ફર્માવી. તે બધા ઉપર સર્વોપરિ હિકમતવાળો છે, જે ચાહે છે તે જ થાય છે. *(અત્તોહફતુલ્લતીફીયહ, ભાગ–૨, પેજ–૨૮૭)*

## શિખામણ તથા બોધ

રસૂલે અકરમ ﷺ અને હઝરાતે સાહિબૈન رضی اللہ عنہماના મુબારક શરીરોની ચોરીના બનાવો ઈતિહાસની સૌથી ખતરનાક ઘટનાઓ છે પરંતુ આ કાવતરાં જે ઘણી છુપી અને વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યા હતાં એ અલ્લાહ તઆલાના નજીક કરોળિયાની જાળથી પણ વધુ કમજોર હતાં તે નિષ્ફળ થયાં અને અલ્લાહ તઆલાએ તેઓને તેમનાં ષડયંત્રોના કારણે બેઈજ્જતીના અઝાબમાં સપડાવ્યા. મક્કાના કાફિરોના કાવતરાઓના વિશે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

وَاِذْ يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ اَوْ يَقْتُلُوْكَ اَوْيُخْرِجُوْكَ وَيَمْكُرُوْنَ وَيَمْكُرُ اللّٰهُ وَاللّٰهُ خَيْرُ الْمَاكِرِيْنَ

"હે મેહબૂબ ! યાદ કરો જ્યારે કાફિર તમારી સાથે મકર (ધોકો) કરતા હતા કે તમને કેદી બનાવી દે અથવા શહીદ કરી દે અથવા કાઢી મૂકે અને તેઓ પોતાની સાથે મકર કરતા હતા અને અલ્લાહ તઆલા પોતાની છુપી તદબીર (તરકીબ) ફર્માવી રહ્યો હતો અને અલ્લાહની છુપી તદબીર સૌથી બેહતર છે." અને પછી મદીના શરીફમાં આ આયત ઉતરી :–

وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ---- "અલ્લાહ લોકોથી તમારી હિફાઝત ખૂદ કરશે."

નિસંદેહ ! અલ્લાહ તઆલાની કુદરત બધા પર સર્વોપરિ છે. તેનાં એવાં એવાં લશ્કરો છે કે જેનાથી જેવાં ચાહે છે કામો લે છે. પહેલા કાવતરામાં અલ્લાહ તઆલાએ અહલે મદીનાને દુશ્મનો સમક્ષ ઉભા કરી દીધા અને પછી સખ્ત આંધી વડે તેમની તાકતને વેરવિખેર કરી દીધી, બીજા કાવતરા વેળા મદીનાવાળાઓએ રોશની પ્રગટ થતી જોઈ અને અવાજ સાંભળ્યો કે તમારા નબીની કબ્રને ખોદવામાં આવી રહી છે, અને અહલે મદીનાએ કાવતરાબાજોને પકડી જહન્નમમાં મોકલી આપ્યા. ત્રીજા કાવતરામાં કાદિરે મુતલકે સુલ્તાન નૂરૂદ્દીન જંગીને જિમ્મેદારી સોંપી કે તેમણે તેમને પકડીને કત્લ કરી નાખ્યા. ચોથા કાવતરામાં મિસ્રના લોકોને અલ્લાહ તઆલાએ તૌફીક આપી કે જે વ્યક્તિઓ બુરી નિય્યતે મદીના શરીફ જઈ રહ્યા હતા તેમને ગિરફતાર કરી તેમનાં ખરાબ કર્મોના બદલા સુધી પહોંચાડે. અને પાંચમુ કાવતરુ જે સાહિબૈન رضی اللہ عنہماના મુબારક શરીરોને કાઢવા બાબતે થયું તેમાં અલ્લાહની કુદરતથી જમીન કાવતરાબાજોને ગળી ગઈ અને તેમનું કોઈ નામો નિશાન ન રહ્યું.

ખુદાવંદે કુદુસે પોતાની સ્પષ્ટ નિશાનીઓ વડે રસૂલુલ્લાહ ﷺ અને આપના સાથીઓની હિફાઝત ફર્માવી. અલ્લાહ તઆલાનું ફર્માન જ સત્ય છે :–

وَمَكَرُوْا وَمَكَرَ اللّٰهُ وَاللّٰهُ خَيْرُ الْمَاكِرِيْنَ "દુશ્મનોએ કાવતરાં કર્યાં આ બાજુ અલ્લાહે તદબીર ફર્માવી અને અલ્લાહ જ સર્વ શ્રેષ્ઠ તદબીર ફર્માવવાવાળો છે."
*(હવાલો : કિતાબ 'મસ્જિદે નબવી શરીફ', ડો. મુહમ્મદ ઈલ્યાસ અબ્દુગની)*

# રશિયામાં ઈસ્લામની આગેકૂચ !

રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)

રશિયા દેશ ધર્મોની દુશ્મનીની દષ્ટિએ અધર્મી નાસ્તિકોની પ્રવૃત્તિઓનું ધામ છે. આમ છતાં દુનિયા બદલાઈ ગઈ છે અને દરેક જગાએ સ્વતંત્ર મતને મહત્વતા આપવામાં આવી રહી છે, પરંતુ રશિયામાં અધાર્મિક્તાનો દોર છવાયેલો છે. લેનિન અને સ્ટાલિનનો આ દેશ ધર્મ વિમુખતા માટે આખા જગતમાં મશહૂર છે. ઈતિહાસનો અભ્યાસ બતાવે છે કે રશિયાની જેમ અધાર્મિક સલ્તનતનો વજૂદ પહેલાં કદાપિ થયો ન હતો. ઈસ્લામના પ્રારંભ પહેલાં રશિયામાં જે કુટુંબો આબાદ હતાં તેઓ અમુક ગૈબી (ગૃપ્ત) તાકતોને માનતા હતાં પરંતુ તે કબીલાઓ (કુટુંબો) પાસે મઝહબનો કોઈ સંપૂર્ણ તથા સ્પષ્ટ ખયાલ મૌજૂદ ન હતો. જ્યારે અરબમાં ઈસ્લામનો સૂરજ ચમક્યો તો આખા જગતમાં તે સૂરજની રોશનીએ ફેલાવાનું શરૂ કર્યું. રશિયામાં પણ તે સૂરજની રોશની પહોંચવા લાગી. અરબના કાફલાઓ જ્યારે વ્યવસાયના હેતુથી રશિયામાં ઉતર્યા તો તેઓએ ત્યાં વસતા કુટુંબોના લોકોને ઈસ્લામિક વિચારોથી આગાહ કર્યા. ઈસ્લામિક વિચારોએ ત્યાંના લોકોને પ્રભાવિત કરવાનું શરૂ કરી દીધું. અરબોની સોહબતથી રશિયાના લોકોએ ઈસ્લામને પોતાના સીનાથી લગાડવાનું શરૂ કરી દીધું, પરંતુ રશિયાના અમુક કબીલાઓએ એ પસંદ ન કર્યું કે તેમના દેશમાં અરબોની સંસ્કૃતિને પ્રગતિ પામવાનો મોકો પ્રાપ્ત થાય અને ઈસ્લામ રશિયાના કુટુંબો પર પ્રભાવ પ્રાપ્ત કરી લે. તેમ છતાં વ્યવસાયી અરબ કાફલાઓ રશિયાના જાહિલ કુટુંબોના લોકોને હક્ક અને સચ્ચાઈનો માર્ગ બતાવતા રહ્યા, ધીમે ધીમે રશિયામાં બે પ્રકારના દષ્ટિકોણની મોરચાબંદી શરૂ થઈ. તેઓ ગણત્રીના હતા જેઓ ઈસ્લામિક વિચારો અને દષ્ટિકોણને પોતાના જીવનમાં જગા આપી રહ્યા હતા, જ્યારે કે વધુ સંખ્યા એવા લોકોની હતી જેઓ સમક્ષ ઈસ્લામ એક અજનબી મઝહબ હતો, તેઓ એવું ઈચ્છતા ન હતા કે અરબોની સંસ્કૃતિ તેમના દેશમાં પ્રભુત્વ હાંસલ કરે, તે પણ એ સ્થિતિમાં કે લોકો અરબોનો મઝહબ અપનાવી લે અને સદીઓથી જે વહેમો અને કાલ્પનિક્તા ચાલતી હતી તેનાથી તૌબા કરી લે. જેથી ધાર્મિક પૂર્વગ્રહ અથવા ઈસ્લામ દુશ્મનીની બુનિયાદ પર અમુક લોકોએ એ વાતને ઉચિત સમજી કે તેઓ મઝહબનો જ ઈન્કાર કરી દે અને સામાજિક બુનિયાદો પર પોતાના સમાજને મજબૂતી આપે.

ઐતિહાસિક અને ભૌગોલિક દષ્ટિએ એવા હાલાત પેદા થતા રહ્યા છે જેમાં ધર્મવિહિનતાના દષ્ટિકોણે અક઼ીદાનું રૂપ અપનાવી લીધું. દુનિયાના હાલાતે તે દષ્ટિકોણને મજબૂતી આપી પશ્ચિમના ફિલોસોફર ઍંગલ્ઝે સામાજિક થીયરીનો પાયો રાખ્યો અને ધર્મને માલદારોનો દાવપેચ ઠરાવી દીધો. તેના કથનાનુસાર ''માલદારો ખેતીની ઉપજના માધ્યમો પર પોતાનો કબજો જમાવી લે અને ગરીબોનું શોષણ કરવામાં આવે છે. ધાર્મિક લોકો પબ્લિક અજ્ઞાનતાનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે અને તેઓમાં ડર પેદા કરી દૌલતનું રુખ પોતાની તરફ કરી દે છે.'' આવા પ્રકારના વિચારોને ભેગા કરી કોમ્યુનિઝમની થીયરી બનાવવામાં આવી અને રશિયામાંથી ઈસ્લામને બહાર કાઢવા માટે જબરદસ્ત પ્રયત્નો કરવામાં આવ્યા. જે લોકો મુસલમાન થઈ ગયા તેમનું જીવવું હરામ કરી દીધું. નાસ્તિકો અને મુસ્લિમોમાં ટકરાવ થવા લાગ્યા. લેનિન્ અને સ્ટાલિન જેવા સત્તાધીશોએ કોમ્યુનિઝમની બુનિયાદ પર ગવર્નમેન્ટની સ્થાપ્ના કરી મુસલમાનો વિરુદ્ધ મોરચો ખોલી દીધો, ત્યાં સુધી કે મુસલમાનો ભુગર્ભમાં છુપાઈ ગયા. રશિયાની ગવર્નમેન્ટ સમજી કે મુસલમાન ખત્મ થઈ ગયા છે, પરંતુ હક઼ીક઼ત એ હતી કે મુસ્લિમો ખત્મ ન થયા હતા

બલ્કે તેઓએ પોતાની જાતને બચાવવા માટે પોતાને છુપાવી દીધા હતા. અધર્મીઓએ આ મોક઼ાનો સંપૂર્ણ લાભ ઉઠાવ્યો અને મુસલમાનોની મસ્જિદોને ધ્વસ્ત કરી દીધી અને તેઓએ જે ધાર્મિક કેન્દ્રો સ્થાપ્યાં હતાં તેમાં અય્યાશીના અડ્ડા સ્થાપી દેવામાં આવ્યા. પરંતુ સમય કદાપી એક સરખો નથી રહેતો, સમય આવ્યો કે રશિયન ક઼ાનૂન નેસ્તોનાબૂદ થઈ ગયો. જે ક઼ાનૂન વિશે કહેવામાં આવતું હતું કે તે લોખંડી પર્દામાં છુપાયેલો છે તે લોખંડી પડદા ગબડી ગયા અને દુનિયાએ જોઈ લીધું કે કોમ્યુનિઝમની અસલ હક઼ીક઼ત શું છે. ઈસ્લામના સૂરજની રોશનીથી બાતિલનો અંધકાર મિટવા લાગ્યો. મુસલમાનો જેઓ મજબૂરીની હાલતમાં છુપાઈ ગયા હતા તેઓ દરેક દિશાએથી નીકળી આવ્યા અને ઈસ્લામના નામથી રશિયાના લોકો જાણકાર થવા લાગ્યા. આ ઘટના રશિયન ગવર્નમેન્ટ માટે ઘણી કઠિન હતી જેના લીધે ચેંચન્યા અને હર્ઝે ગોવીનામાં વસતા મુસલમાનો પર જાતજાતના જુલ્મો કરવામાં આવ્યા. રશિયન ફૌજના જંગલીઓને ઈજાઝત આપી દેવામાં આવી કે તેઓ મુસ્લિમ આબાદીઓમાં જઈ પોતાની હવસખોર જંગલીપણાનું ભરપૂર પ્રદર્શન કરે. મુસલમાન નવયુવકોને ગોળીઓથી ભૂંજી દેવામાં આવ્યા. વૃદ્ધો અને બીમારોને પણ ન બખ્શવામાં આવ્યા. હજારો મુસ્લિમોને ક઼ત્લ કરી તેમની સામૂહિક ક઼બ્રો બનાવી દેવામાં આવી. અઝાન અને નમાઝ ઉપર પાબંદી લાગી કરી દીધી. મુસલમાનોએ દરેક પ્રકારના જુલ્મો બરદાશ્ત કર્યા પરંતુ તેમણે એ કદાપિ ગવારા ન કર્યું કે તેઓ પોતાના ઈમાનની દૌલતથી હાથ ધોઈ નાખે. તેઓ પોતાના મકાનોમાં છુપી રીતે નમાઝો પઢતા રહ્યા, પોતાનાં બાળકોને દીન અક઼ીદાઓથી જાગૃત કરતા રહ્યા. મુસલમાનોની એ કોશિશોનું પરિણામ છે કે આજે રશિયામાં ઈસ્લામ શક્તિભેર ઉભરી રહ્યો છે. દુનિયા ઈસ્લામની આશ્ચર્યજનક શક્તિથી આશ્ચર્યચકિત છે. આજ સુધી દુનિયામાં ન જાણે કેટલાય મઝહબો આવ્યા અને ચાલ્યા ગયા પરંતુ ઈસ્લામ જ એક એવો ધર્મ છે જે કઠિન અને સંઘર્ષપૂર્ણ હાલતમાં પણ ટક્કર લેવાની ભારે તાક઼ત ધરાવે છે જેથી આજે રશિયામાં મુસલમાનો પોતે અધર્મીઓ સમક્ષ પોતાની મૌજૂદગી દર્શાવવામાં કામયાબ થતા દેખાઈ રહ્યા છે, રશિયામાં મસ્જિદોનું બાંધકામ થવા લાગ્યું છે. મોસ્કોમાં જામા મસ્જિદ બનાવવામાં આવી છે જેથી ખબર પડે કે મુસલમાન રશિયામાં મૌજૂદ છે. એક સમય એવો ગુજર્યો છે જ્યારે મોસ્કોમાં મસ્જિદ બનાવવાની કલ્પના પણ ન કરવામાં આવતી હતી, કેમ કે અંતરોને મિટાવીને દુનિયા હવે એક ગ્લોબલ વિલેજ બની ગઈ છે. એટલા માટે રશિયન હુકૂમતને પણ એહસાસ થઈ ગયો છે કે દુનિયામાં મુસલમાન એક મોટી તાક઼ાત છે અને આ મોટી તાક઼ાતને ક઼બૂલ કર્યા વિના વિશ્વના બધા દેશોથી સંબંધ નથી સ્થાપી શકાતો. મોસ્કોમાં જ્યારે કોઈ મુસ્લિમ દેશનો લીડર પહોંચે છે તો તેમને નમાઝ પઢવા માટે મસ્જિદની જરૂરત પડે છે, એ વેળા તેમને મોસ્કોની જામા મસ્જિદ વિશે બતાવવામાં આવે છે કે ત્યાં નમાઝની વ્યવસ્થા છે. તાજા સમાચાર મુજબ મોસ્કોની જામા મસ્જિદની બાજુમાં એક ઈસ્લામિક લાઈબ્રેરી પણ તૈયાર થઈ ગઈ છે. વાસ્તવમાં હવે કોમ્યુનિસ્ટ હુકૂમત વિશ્વના મુસ્લિમ દેશોને એ બતાવવા માંગે છે કે તેઓ ઈસ્લામના શત્રુ નથી, પરંતુ તેનું શું કરવામાં આવે કે ભૂતકાળમાં કોમ્યુનિસ્ટોએ જે જુલ્મો મુસલમાનો પર કર્યા તેમને ભૂલાવી નથી શકતા.

ઈસ્લામના અભ્યાસનો રિવાજ વધી રહ્યો છે. ખાસ કરી નવજવાન પેઢી જાણવા માંગે છે કે ઈસ્લામનો પયગામ શું છે ? જ્યારે નવજવાન પેઢીના સંશોધકોને એ માલૂમ થાય છે કે ઈસ્લામ પુંજી અને મિલ્કતને સમાજમાં સંયુક્ત રીતે વહેંચવા ઈચ્છે છે, અને ઠેકેદારીની હિમાયત (સમર્થન) નથી કરતો તો તેમને ઘણુ આશ્ચર્ય થાય છે અને તેમની બદ્‌ગુમાનીઓ દૂર થવા માંડે છે. અને તેઓ ઈસ્લામમાં એ કારણે પણ આકર્ષણ અનુભવે છે કે ઈસ્લામ રૂહાની (આધ્યાત્મિક) જરૂરિયાતોને પણ પૂરી કરે છે. જ્યારે રૂહાની (આધ્યાત્મિક) જરૂરિયાતોને પૂરી કરવાની કલ્પના અને વિચાર કોમ્યુનિઝમમાં દૂર દૂર સુધી નથી એટલા માટે

ઈસ્લામ સ્વીકારવાની ઘટનાઓ રશિયામાં ખૂબ અધિક પ્રમાણમાં જોવામાં આવી રહી છે. રશિયાના રાજ્યોના અલગ થઈ ગયા પછી નાસ્તિક્તાની ફિલોસોફી કમજોર થઈ ગઈ છે અને પબ્લિક અનુભવવા લાગી છે કે રોટી, કપડાં, મકાન જ જિંદગીનું બંધારણ નથી બલ્કે આ જગત પછી આવનારા જગતની કલ્પના પણ ઈસ્લામમાં મૌજૂદ છે જેને સમજવાની જરૂરત છે.

રશિયાની ભૌગોલિક સ્થિતિ બીજા દેશોની ભૌગોલિકતાથી ઘણો તફાવત ધરાવે છે. અહીંયાં દૂર દૂર સુધી બરફના મેદાનો અને પહાડ ફેલાયેલા છે. આવવા જવાના માર્ગો કઠિન છે. ઠંડી અને બર્ફીલી હવા પર્યટકોને મૌતનો સંદેશો આપે છે. એટલા માટે એકબીજાના ખયાલો અને વિચારોને આમ લોકો સુધી પહોંચાડવું ઘણુ કઠિન છે, પરંતુ હવે સ્થિરતાના અભાવના કારણે કોમ્યુનિસ્ટ ક઼ાનૂનની પકડ કમજોર પડી ગઈ છે અને જુદા જુદા વિચારો લઈ રશિયાના લોકો એક સ્થાનેથી બીજા સ્થાને આવવા જવા માંડયા છે. ઈસ્લામિક વિચારો અને ખયાલો પણ એક સ્થાનેથી બીજા સ્થળે જઈ રહ્યા છે. રશિયાના સમાચારપત્રો મુજબ આજે ઈસ્લામ જ લોકોના દરમ્યાન ચર્ચાનો મહત્વનો વિષય બની ગયો છે. મોસ્કોની જામા મસ્જિદથી હવે અઝાનનો અવાજ પણ બુલંદ થવા લાગ્યો છે. રશિયન હુકૂમત મજબૂર છે કે તે ઈસ્લામ વિશે પોતાની પોલિસીમાં ફેરફાર કરે. આજે રશિયામાં મુસલમાનો પોતાનામાં પરિવર્તન લાવી ચૂક્યા છે. વિતેલા મહિનાઓમાં મુસલમાનો રશિયન હુકૂમતના વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો પણ કરી ચૂક્યા છે. એ વાત અલગ છે કે એવાં પ્રદર્શનોમાં મુસલમાનોને ઘણુ જાની તથા માલી નુકસાન ઉઠાવવું પડયું હતું, પરંતુ તેનાથી એટલું તો સ્પષ્ટ થઈ જાય છે કે મુસલમાનોની આવનારી પેઢી રશિયામાં ઈન્કિ઼લાબ પેદા કરી દેશે. ઈન્કિ઼લાબનો અમલ સમાજમાં એકદમ ધીમો જ રહે છે. ઈસ્લામી ઈન્કિ઼લાબ લાવવાનો અમલ પણ રશિયામાં ધીમી ગતિમાં નજર આવે છે, પરંતુ એ વાતની ભારે શક્યતા છે કે રશિયામાં મુસલમાન એક મોટી તાક઼ાત બનીને ઉભરશે. એ દિવસ દૂર નથી જયારે રશિયાની બરફવાળી પહાડીઓની ટેકરીઓ પર લાલ ઝંડાના સ્થાને બિલાલી પરચમ લેહરાવાશે ! ઈન્શાઅલ્લાહ ! –*(નઈ દુન્યા, ૧ થી ૭ ફેબ્રુ. ૨૦૧૦)*

પેજ નં. **૧૬** નું ચાલુ...

ખાવા જ એ હશે એનું શું થશે ?!

ઝકૂમ જેવું એક ઝાડ જમીનમાં પણ થાય છે જેને થોળ કહેવામાં આવે છે. જે ઘણુ કડવુ અને ઝેરલુ હોય છે. જંગલો અને પહાડો પર થાય છે. એને પશુ પ્રાણીઓ પણ નથી ખાતાં, ભલે કેટલાય ભૂખ્યાં હોય, જહન્નમીઓને ભૂખમાં એ જ ખવડાવવામાં આવશે, ઉપરાંત પીવા માટે ઉકળતુ પાણી મળશે. *(યા અય્યુહલ્લઝીન આમનૂ, ૨/૫૨૧)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જ્યારે આપણે જહન્નમના દર્દનાક તથા ભયંકર અઝાબનું વર્ણન વાંચીએ તથા સાંભળીએ છીએ અલ્લાહના અઝાબથી આપણા દિલો કાંપી ઉઠે છે અને શરીરની રુંવાટી ઉભી થઈ જાય છે, પરંતુ આ કૈફિયત આપણા માટે ત્યારે લાભદાયી થઈ શકે છે કે જ્યારે આપણે ગુનાહોથી સાચી તૌબા કરીને ગુનાહોથી દૂરી અપનાવી લઈએ, અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺની પવિત્ર તથા પાકીઝા તાલીમ પર અમલ કર્તા થઈને આપણી જિંદગીના રાત દિવસો ગુજારીએ તો ઈન્શાઅલ્લાહ આપણે જરૂર જહન્નમના અઝાબથી બચી શકીએ છીએ.

પણ અફસોસ ! કે આજે આપણા દિલો એટલાં સખત થઈ ચૂક્યાં છે અને આપણા પર આપણી બદઅમલીઓનો એટલા પ્રમાણમાં રંગ ચઢી ચૂક્યો છે કે આપણે જહન્નમના અઝાબનું વર્ણન વાંચીએ તથા સાંભળીએ છીએ પરંતુ તેમ છતાં આપણને આપણી બદઅમલીઓનું તથા ગુનાહોનું નિરીક્ષણ કરવાની અને બુરાઈઓથી બચવાની કદી તૌફીક઼ નથી થતી.

મૌલા તઆલા આપણે આપણા નફસનો હિસાબ લેવાની અને બુરાઈઓથી બચવાની તૌફીક઼ે રફીક઼ ફર્માવે અને જહન્નમના અઝાબથી દરેક ઈમાનવાળાને મેહફૂઝ સલામત રાખે. આમીન. –*(સુન્ની દાવતે ઈસ્લામી ત્રિમાસિક, જાન્યુઆરી થી માર્ચ–૨૦૧૦)*

# હદાઈકે બખ્શિશ

અઝ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા

મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

بسم اللہ الرحمٰن الرحیم

★ હમ્દ : ૧ ★

૦૧. *અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ કૌને વલબશર– હમ્દન દયદૂમુ વામન ગૈર મુન્કસર*
૦૨. *વઅફદ઼લુસ્સલાતિ ઝ઼ઝાકિયાતિ અલા–ખૈરિલ બરીય્યતિ મુન્જિન્નાસિ મિન સકર*
૦૩. *બિકલ અયાઝુ ઈલાહી ઈન અશા હુકમન–સિવાક યા રબ્બના યા મુન્ઝિલ નઝર*

★ તર્જુમો અને ભાવાર્થ ★

૦૧. સર્વ પ્રશંસાઓ અલ્લાહ તઆલા માટે છે જે સર્વ જગત અને માનવને પાલવનાર છે અને તેની પ્રશંસાઓ હમેશાં બેહિસાબ અને અસીમિત થતી રહેશે.

૦૨. અને સૌથી ઉત્તમ ખુદાની રહમત પાકીઝગી અને હોશિયારીથી ભરપૂર તેઓ પર જે મખ્લૂક઼ાત (જગતભર)માં સૌથી ઉત્તમ અને લોકોને જહન્નમ (નેક)થી બચાવનારા છે (એટલે કે આપણા પ્યારા આક઼ા ﷺ)

૦૩. અય અલ્લાહ ! તારા સિવાય કોઈનો પણ હુકમ નથી ચાલતો. હું તારી પનાહ (શરણ) ચાહું છું અને મને તે મુક઼ામ પર પહોંચાડી દે જેનો તેં વાયદો ફર્માવ્યો છે.

★ હમ્દ : ૨ ★

૦૧. *અલ્હમ્દુલિલ્લાહિ મુતવહ્હદિ –બિજલાલિ હિલ્મુતફર્રદિ*
૦૨. *વ સલાતિહી દવામન અલા–ખૈરિલ્અનામિ મુહમ્મદિ*
૦૩. *વલ્આલિ વલ્અસ્હાબિ હિમ–માવા ઈન્દિ શદાઈદિ*
૦૪. *ફઝલલ્ અઝૈમિ તવસ્સુલી–બિકિતાબિહિ વ બિઅહમદિ*

★ તર્જુમો અને ભાવાર્થ ★

૦૧. સર્વ પ્રશંસાઓ એકલા અલ્લાહ માટે જેનો કોઈ ભાગીદાર નથી, જે પોતાની મહાનતા અને અજોડતામાં સર્વોત્તમ છે.

૦૨. અને તેની (દુરૂદ) રહમતો હમેશાં નાઝિલ થતી રહે મુહમ્મદ ﷺ પર જે સર્વ મખ્લૂક઼ (જગત)માં સર્વ શ્રેષ્ઠ છે.

૦૩. અને આપની આલ–ઔલાદ અને સહાબા પર જે તકલીફોમાં અમારા માટે સહારો અને રક્ષણ છે.

૦૪. હું સખત સંકટો અને તકલીફોના સમયે ખુદાની બારગાહમાં અહમદે મુજતબા ﷺ અને તેમના ઉપર ઉતરેલ કિતાબ કુર્આનને વસીલો બનાવું છું.

## મુનાજાત દર બારેગાહે કાઝીયુલ હાજાત (હાજતો પૂરી કરનાર બારગાહમાં પોકાર)

૦૧. *યા ઈલાહી ! હર જગહ તેરી અતા કા સાથ હો–જબ પળે મુશ્કિલ શહે મુશ્કિલ કુશા કા સાથ હો*

૦૨. *યા ઈલાહી ! ભૂલ જાઉં નઝઅ કી તકલીફ કો–શાદીએ દીદારે હુસ્ને મુસ્તફા કા સાથ હો*

૦૩. *યા ઈલાહી ! ગોરે તીરહ કી જબ આએ સખ્ત રાત–ઉન કે પ્યારે મુંહ કી સુબ્હે જાંફિઝા કા સાથ હો*

૦૪. *યા ઈલાહી ! જબ પળે મેહશ્રમેં શોરે દારો ગીર–અમ્ન દેનેવાલે પ્યારે પેશ્વા કા સાથ હો*

### ★ સમજૂતી ★

૦૧. અય મારા મઅબૂદ ! દરેક વખતે અને દરેક જગ્યાએ તારી અતા અને બખ્શિશ મારી સાથે હોય અને જ્યારે પણ મુશ્કેલી આવી પડે ત્યારે મુશ્કિલકુશા (મુશ્કિલોને દૂર કરનાર !) બાદશાહ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો કરમ મારી સાથે હોય.

૦૨. અય ખુદા ! મારી સકરાતના કઠિન સમયે જ્યારે ઘણી તકલીફો હશે ત્યારે પ્યારા હબીબ ﷺના હુસ્નનો દીદાર એટલે કે આકા ﷺની સુંદરતાના દર્શન આપજે જેની ખુશીમાં હું મારી સકરાતની બધી જ તકલીફો ભૂલી જાઉં.

૦૩. યા ઈલાહી ! જ્યારે કબ્રમાં રાત જેવો ગાઢ અંધકાર હોય ત્યારે આકા ﷺના સુંદર ચેહરાની ખુશ કરનાર સવારનો સાથ આપજે કે આકા ﷺના આવતાં જ કબ્રમાં પ્રકાશ ફેલાઈ જાય અને અંધારૂ દૂર થઈ જાય.

૦૪. અય ખુદા ! જ્યારે કયામતના દિવસે ગુનેહગારોની ધરપકડની અવાજો આવે એટલે કે અવાજ આવે કે પકડો ! ફલાણાની ધરપકડ કરો ! ફલાણાને કેદ કરો ! ત્યારે આશ્રય, રક્ષણ આપનાર પ્યારા પેશ્વા અને રહબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો સાથ અતા કર.

૦૫. *યા ઈલાહી ! જબ ઝુબાનેં બાહર આએં પ્યાર સે–સાહિબે કૌષર શહે જૂદો અતા કા સાથ હો*

૦૬. *યા ઈલાહી ! સર્દ મહરી પર હો જબ ખુર્શિદે હશ્ર–સૈય્યિદે બે સાયા કે ઝિલ્લે લેવા કા સાથ હો*

૦૭. *યા ઈલાહી ! ગર્મીએ મેહશ્ર સે જબ ભળકે બદન–દામને મહબૂબ કી ઠંડી હવા કા સાથ હો*

૦૮. *યા ઈલાહી ! નામએ અઅ્માલ જબ ખુલને લગે–ઐબ પોશે ખલ્ક સત્તારે ખતા કા સાથ હો*

### ★ સમજૂતી ★

૦૫. યા ઈલાહી ! જ્યારે હશ્રના મેદાનમાં ગરમી અને પ્યાસ (તરસ)ના કારણે જીભો મોંમાંથી બહાર નીકળી જશે ત્યારે કૌષર (જન્નતની એક નહેર જેનું પાણી મધથી વધારે મીઠુ દૂધથી વધારે સફેદ અને બરફથી વધારે ઠંડુ હશે)ના માલિક, સખાવતના બાદશાહનો સાથ અતા કરજે.

૦૬. અય મારા મઅબૂદ ! જ્યારે ખુર્શિદ (સૂરજ) નિર્દયતા પર હશે જેની ગરમીથી દિમાગો ઉકળતાં હશે તે વખતે અમારા સરદાર જેમનો પડછાયો ન હતો તેમના ઝંડાના પડછાયામાં અમને જગ્યા અતા કરજે.

૦૭. અય પરવરદિગાર ! જ્યારે મેદાને મેહશરમાં સૂરજ સવા નેજા પર હશે તેની ગરમીથી શરીર બળવા લાગશે, તે કઠિન સમયે તારા મહબૂબ ﷺના દામનની ઠંડી હવાનો સાથ અતા કરજે.

૦૮. અય ખુદા ! મેહશરમાં મારા કર્મોની કિતાબ ખોલવામાં આવશે અને જે કાંઈ કર્યું તે આંખો સામે હશે તે વખતે લોકોની બુરાઈઓને છુપાવનાર ભૂલોને ગુપ્ત રાખનાર મારા આકા ﷺનો સાથ અતા કર જેથી મારા ગુનાહો છુપા રહે અને હું મેહશરમાં બેઈજ્જતીથી બચી જાઉં.

*૦૯. યા ઈલાહી ! જબ બહેં આંખેં હિસાબે જુર્મ મેં–ઉન તબસ્સુમરેઝ હોટોં કી દુઆ કા સાથ હો*

*૧૦. યા ઈલાહી ! જબ હિસાબે ખન્દએ બેજા રૂલાએ–ચશ્મે ગિરયાને શફીએ મુર્તઝા કા સાથ હો*

*૧૧. યા ઈલાહી ! રંગ લાએં જબ મેરી બેબાકિયાં–ઉનકી નીચી નીચી નઝરોં કી હયા કા સાથ હો*

*૧૨. યા ઈલાહી ! જબ ચલું તારીક રાહે પુલ સિરાત–આફતાબે હાશમી નૂરુલ હુદા કા સાથ હો*

### ★ સમજૂતી ★

૦૯. અય ખુદા ! જ્યારે ગુનાહોનો હિસાબ આપતી વખતે આંખોમાંથી આંસૂ નીકળે ત્યારે સ્મિત ભરેલ, રડનારાઓને હસાવનાર પ્યારા હોઠોની દુઆનો સાથ નસીબ થાય.

૧૦. અય અલ્લાહ ! જ્યારે ખોટી મઝાક મસ્તીના કારણે હશ્રમાં અમે રડીએ ત્યારે શફીએ મેહશર જેમની શફાઅતની અમને ઉમ્મીદ (આશા) છે એટલે કે અમારા આકા ﷺની ઉમ્મતના ગમમાં રડનાર આંખોનો સાથ અતા કરજે.

૧૧. અય ખુદા ! જ્યારે મારી નીડરતા રંગ દેખાડે અને આઝમાઈશમાં પડું ત્યારે હુઝૂર ﷺની નીચી નજરોની શર્મો હયાનો સાથ આપજે.

૧૨. અય ખુદા ! જ્યારે પુલસિરાતના અંધકાર ભરેલ રસ્તા પર ચાલુ ત્યારે હાશમી સૂરજ હિદાયતના નૂર (પ્રકાશ) મુહમ્મદ મુસ્તફા ﷺનો સાથ નસીબ થાય.

*૧૩. યા ઈલાહી ! જબ સરે શમ્શીર પર ચલના પળે–'રબ્બિ સલ્લિમ' કહનેવાલે ગમ ઝુદા કા સાથ હો*

*૧૪. યા ઈલાહી ! જો દુઆએં નેક મૈં તુઝ સે કરું–કુદ્સિયોં કે લબ સે આમીન રબ્બના કા સાથ હો*

*૧૫. યા ઈલાહી ! જબ 'રઝા' ખ્વાબે ગિરાં સે સર ઉઠાએ–દૌલતે બેદાર ઈશ્કે મુસ્તફા ﷺકા સાથ હો*

### ★ સમજૂતી ★

૧૩. અય અલ્લાહ ! જ્યારે બાલથી વધુ બારીક અને તલ્વારની ધારથી અધિક તેજ ધારવાળા રસ્તા પુલ સિરાતથી હું પસાર થાઉં ત્યારે રબ્બિ સલ્લિમ (મારા રબ સલામત રાખ)ની દુઆ કરનાર ગમઝુદા (ગમ દૂર કરનાર) પ્યારા નબીની સંગત અતા કરજે. (યાદ રાખો ગમઝદા જે ગમ અને તકલીફમાં હોય તેને કહેવામાં આવે છે. અહીંયા મુરાદ ગમ દૂર કરનાર છે જેના માટે ગમઝુદા બોલાય છે)

૧૪. યા ઈલાહી ! હું જ્યારે પણ તારી બારગાહમાં કોઈપણ નેક દુઆ માંગુ ત્યારે કુદ્સીઓ (ફરિશ્તાઓ)ની આમીન (ખુદા દુઆ કબૂલ કર)નો સાથ અતા થાય.

૧૫. અય ખુદા ! જ્યારે "રઝા" (આ'લા હઝરતનો તખલ્લુસ) મૌતની ગાઢ ઉંઘમાં સૂઈ જાય અને જ્યારે જાગે ત્યોર ઈશ્કે મુસ્તફા ﷺની જાગતી કિસ્મતનો સાથ અતા થાય. (આમીન)

# હઝરત અલ્લામા અબ્દુર્રહમાન જામી

رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**નામ અને નસબ** : અબ્દુર્રહમાન બિન નિઝામુદીન અહમદ બિન શમ્સુદીન મુહમ્મદ દશ્તી. વાસ્તવિક ઉપનામ ઈમામુદીન, પ્રસિધ્ધ લક઼બ નૂરૂદીન, કુન્નિયત અબુલ બરકાત અને તખલ્લુસ જામી છે. ઈમામ, શૈખુલ ઈસ્લામ, સૂફી, આરિફ બિલ્લાહ, સાહિત્યકાર અને શાયર તરીકે ઓળખવામાં આવે છે, અને એહલે ઈલ્મમાં "મુલ્લા જામી"થી પ્રસિધ્ધ છે. આપની વંશાવલી ઈમામ મુહમ્મદ બિન હસન શૈબાની (હિ.સ. ૧૮૯) સુધી પહોંચે છે જેઓ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના વિશિષ્ટ શાર્ગિદ હતા. હઝરત ઈમામ મુહમ્મદની ઔલાદમાંથી ક઼િવામુદીન મુહમ્મદ પોતાના વતનથી હિજરત કરી "જામ" આવી ગયા હતા. તેમણે પોતાની સાહબઝાદીના નિકાહ મુફતી હાજી શાહ સાથે કર્યા અને હાજી શાહની સાહબઝાદી શેખ શમ્સુદીન મુહમ્મદ દશ્તીના નિકાહમાં આવ્યાં જેમનાથી શૈખ નિઝામુદીન અહમદ (અલ્લામા જામીના વાલિદે માજિદ) પેદા થયા. વાલિદે માજિદ અને દાદા ઈલ્મ અને તક઼વાવાળા હતા. એમનું અસ્લી વતન અસ્ફહાન હતું. દશ્ત નામના મહોલ્લામાં રહેતા હતા. ત્યાંથી ખુરાસાનના એક સ્થળ "જામ" આવી ગયા અને ક઼ઝા તથા ફત્વાનું કામ સંભાળ્યું.

**વિલાદત તથા વતન** : આપ ૨૩ શાબાન હિ.સ. ૮૧૭, ૭ નવેમ્બર ઈ.સ. ૧૪૧૪માં ઈશાના સમયે ખુરાસાનના એક કસ્બા જામમાં પેદા થયા. હવે ખુરાસાન પશ્ચિમી ઈરાનનું એક રાજય છે જે તુર્કમાનિસ્તાન અને અફઘાનિસ્તાનથી નજીક છે. નીશાપુર એમાં છે, જયારે બલ્ખ તથા હેરાત અફઘાનિસ્તાનમાં સામેલ થઈ ચૂક્યાં છે.

**તા'લીમ અને ફઝલો કમાલ** : નાની ઉમરમાં જ વાલિદે મુહતરમથી આપે ઈલ્મે નહ્વ અને સર્ફ (અરબિક ગ્રામર)ની તા'લીમ પ્રાપ્ત કરી. ત્યાર પછી વાલિદે મુહતરમ સાથે હરાત આવ્યા અને મદ્રસા નિઝામિયામાં રહેવા લાગ્યા. ત્યાં અલ્લામા જુનેદ ઉસૂલીના દર્સમાં હાજર થયા. તે સમયે અમુક તલ્બા શર્હે મિફ્તાહ઼ અને મુતવ્વલ પઢી રહ્યા હતા. નાની વયના હોવા છતાં આપમાં સમજ શક્તિ પુષ્કળ હતી માટે આપ પણ મુતવ્વલ અને હાશિયાએ મુતવ્વલ પઢવા લાગ્યા. પછી સૈયદ શરીફ જુરજાની (હિ.સ. ૮૧૬)ના શાર્ગિદ ખ્વાજા અલી સમરકંદીના હલ્ક઼એ દર્સમાં હાજર થયા અને ચાલીસ દિવસ ઈલ્મ પ્રાપ્ત કર્યો. તે પછી અલ્લામા સઅદુદીન તફતાઝાનીના શાર્ગિદ શૈખ શહાબુદીન મુહમ્મદ જાજરમીના દર્સમાં હાજર થઈ ઈલ્મ પ્રાપ્ત કર્યો. ત્યાર બાદ સમરકંદ જઈ રૂમના ક઼ાઝીઝાદહ સલાહુદીન મૂસા બિન અહમદ શારેહે મુલખ્ખસુલ હયૂઅતના મદ્રસામાં હાજર થયા. પ્રથમ મુલાકાતમાં જ તેમની સાથે બહષ થઈ ગઈ જેમાં આપ ગાલિબ રહ્યા. મૌલાના ફત્હુલ્લાહ તબ્રેઝી જે સુલ્તાન અલ્ગબૈગની કચેરીના સદરૂસ્સુદૂર હતા તેઓ વર્ણન કરે છે કે ક઼ાઝીએ રૂમ અલ્લામા જામી رحمۃ اللہ علیہની પ્રશંસા કરતા રહેતા અને કહેતા કે જયારથી સમરકંદ આબાદ થયું છે કાર્યપધ્ધતિમાં નવીનતા તથા તસર્રૂફની શક્તિમાં જામીના સમાન દરિયાએ આમવિયાની આ પાર કોઈ નથી આવ્યું. મૌલાના અબૂ યુસૂફ સમરકંદી ક઼ાઝીએ રૂમના શાગિર્દ કહે છે કે જયારે અલ્લામા જામી સમરકંદ આવ્યા તો ક઼ાઝીએ રૂમની પાસે શર્હે તઝકિરહ પઢવા લાગ્યા. રૂમના ક઼ાઝીએ એના હાશિયા પર અમુક તઅ્લીક઼ાત લખી રાખી હતી. જામી એના પર વાંધા ઉભા કરતા અને ખૂબ ચર્ચા થતી. છેવટે રૂમના ક઼ાઝીએ આપના કહ્યાનુસાર તેમાં સુધારો કરવો પડતો. રૂમના ક઼ાઝી આપનાથી ઘણા પ્રભાવિત થયા.

આપ હરાતમાં હતા ત્યાં એક દિવસ મુલ્લા અલાઉદ્દીન કૂશન્જી શારેહે તજરીદ સાથે બહષ થઈ ગઈ. તેમણે ફન્ને હયઅતના અમુક ઘણા જ મુશ્કેલ સવાલ રજૂ કર્યા. આપે એના એવા જવાબ આપ્યા કે મુલ્લા

કૂશન્જી આશ્ચર્યમાં પડી ગયા. ત્યાર પછી મુલ્લા કૂશન્જી પોતાના શાગિર્દોને કહેતા કે એ દિવસે મેં જાણી લીધું કે ખરેખર આ દુનિયામાં નફસે કુદ્સી મૌજૂદ છે. (ફિલોસોફીની પરિભાષામાં નફસે કુદ્સી એ શક્તિને કહેવામાં આવે છે જેના દ્વારા વિચાર વિર્મશની મદદ વિના સહેજવારમાં મુશ્કેલ બાબતોને સમજી લેવામાં આવે)

**ઈલ્મી મહાનતા :** નીચેની ઘટના અલ્લામા જામી رحمۃ اللہ علیہના ઈલ્મી જલાલ, ઉચ્ચતા અને વિશ્વખ્યાતિની ગવાહી આપે છે.

''મૌલાએ આ'ઝમ મુહયુદ્દીન અલ્ફનારી પોતાના વાલિદ મૌલા અલી અલ્ફનારીથી રિવાયત કરે છે. એમના વાલિદ કહે છે કે એક દિવસ સુલ્તાને કહ્યું, ''ઉલૂમે હક઼ીક઼તને પ્રાપ્ત કરવાવાળા મુતકલ્લિમીન, સૂફીઓ તથા હુકમા છે (અને તેઓમાં મતભેદ છે) તેમના દરમ્યાન ફૈંસલો થવો જોઈએ. મેં કહ્યું, મૌલાના અબ્દુર્રહમાન જામી સિવાય કોઈ એમનામાં ફૈંસલો નથી કરી શકતું, માટે સુલ્તાને અલ્લામા જામીને આ વિશે કહેવડાવ્યું. આપે આના જવાબમાં એક રિસાલો લખી આ ત્રણેવ જમાઅતોનો છ મસ્અલામાં મુહાકમો કર્યો જેમાં પ્રથમ મસ્અલો વુજૂદનો હતો. અલ્લામા જામીએ સુલ્તાન પાસે આ રિસાલો મોકલી કહેવડાવ્યું કે જો આ રિસાલો પસંદ હોય તો અન્ય મસ્અલાઓ પર પણ ક઼લમ ઉઠાવવામાં આવે, નહીં તો સમય બગાડવાથી કાંઈ ફાયદો નથી.

**રૂહાની પેશ્વા :** આપ ઘણા જ શોખ અને લગનથી ઈલ્મ હાંસલ કરતા રહ્યા ત્યાં સુધી કે પોતાના દોરના મહાન ઉલ્મામાં ગણના થવા લાગી. તો પણ આપને ઈલ્મની તલબ હતી. એક રાત્રે સ્વપ્નમાં એક બુઝુર્ગને જોયા જે કહી રહ્યા હતા, ''કોઈ સાથી શોધો જે તમને બાતિની ઉલૂમનો રસ્તો દેખાડે.'' જામી ઘણા જ પ્રભાવિત થયા, હલચલ મચી ઉઠી, સમરકંદથી ખુરાસાન થઈ મખ્દૂમે મિલ્લત ખ્વાજા સઅ્દુદ્દીન કાશગરી رحمۃ اللہ علیہ (હિ.સ. ૮૬૯)ના હાથ પર સિલસિલએ નક઼્શબંદિયામાં બયઅત થયા. પછી ખ્વાજા નાસિરૂદ્દીન ઉબૈદુલ્લાહ અલ્અહરાર નક઼્શબંદી (હિ.સ. ૮૯૫)ની ખિદમતમાં હાજર થઈ ફૈઝ મેળવ્યો. એમની સાથે ઘણી જ અક઼ીદત રાખતા. પોતાની કિતાબોમાં જગા જગાએ એમના કમાલાત અને એમની સાથે સાથે પોતાની મહોબ્બતનું વર્ણન કર્યુ અને ''ઉસ્તાઝ'' તથા ''મખ્દૂમ''ના લક઼બથી યાદ કરતા.

અલ્લામા જામી رحمۃ اللہ علیہએ ખ્વાજા મુહમ્મદ પારસા, મૌલાના ફખ્રુદ્દીન લોરિસ્તાની, ખ્વાજા બુરહાનુદ્દીન અબૂ નસ્ર પારસા, શૈખ બહાઉદ્દીન ઉમર, ખ્વાજા શમ્સુદ્દીન મુહમ્મદ કોસોઈ, મૌલાના જલાલુદ્દીન પૂરાની વગેરે ઘણા મશાઈખથી મુલાકાત કરી.

**શેઅરો શાયરી :** અલ્લામા જામી رحمۃ اللہ علیہનો એક કમાલ તેમની શાયરી છે. શાયરી તેમની ફિત્રત બની ગઈ હતી. આપની શાયરી મહબૂબે ખુદા صلی اللہ علیہ وسلم સાથે આપની અપાર અક઼ીદતો મહોબ્બતના કારણે હોતી. મહબૂબે ખુદા صلی اللہ علیہ وسلمના અજોડ હુસ્નો જમાલની કલ્પના કરતા તો આપના ક઼લમથી અત્યંત અસરકારક અશ્આર નીકળતા જે આપની સાચી મહોબ્બતની નિશાની છે.

***યા શફીઅલ મુઝનબીન બારે ગુનાહ આવુર્દઅમ***
***બર દરત ઈં બાર બાપુશ્તે દો તાહ આવુર્દઅમ***
***ઈજઝો બેખ્વેશી વ દર્વેશી વદિલરેશી વદર્દ***
***ઈં હમા બર દાઅવએ ઈશ્ક઼ત ગવાહ આવુર્દઅમ***
***દૌલતમ ઈં બસ કે બાદ અઝ મેહનતો વ રંજે દરાઝ***
***બર હરીમે આસ્તાનત મીં નહમ રૂએ નિયાઝ***

**ભાવાર્થ :** ''હે ગુનહગારોની સિફારિશ કરવાવાળા ! હું ગુનાહોનો બોજ લઈને આવ્યો છું. ગુનાહોનો આ બોજ પીઠ પર આપના દ્વારે લાવ્યો છું. બેબસી, બેખૂદી, દર્વેશી, દિલસોઝી, દર્દ અને બેચેની સર્વને આપના ઈશ્ક઼ના દાવા પર સાક્ષી લાવ્યો છું. મારી પુંજી આ જ છે કે ઘણી જ તક઼લીફ અને બેચેની પછી આપની ચોખટ પર અક઼ીદતનું મસ્તક ટેકવી રહ્યો છું.''

**સફર :** અલ્લામા જામી رحمۃ اللہ علیہએ જીવનમાં ઘણા સફર કર્યા જેમ કે :–

**૧.** બાળપણમાં વાલિદે મોહતરમ સાથે જામથી હરાત આવ્યા અને મદ્રસા નિઝામિયામાં રહ્યા.

**૨.** શાહરૂખના યુગ (હિ.સ. ૮૧૭ થી હિ.સ. ૮૫૦)માં હરાતથી સમરકંદ ગયા.

**૩.** સમરકંદથી હરાત પરત થયા. અલાઉદ્દીન અલી

કૂશન્જી સાથે મુલાકાત અને હઝરત સઅ્દુદ્દીન કાશ્ગરીથી બયઅત.

૪. ખ્વાજા ઉબૈદુલ્લાહ અલ્ અહરારની મુલાકાત માટે હરાતથી મરૂ ગયા.

૫. હિ.સ. ૮૭૭માં હજ્જના ઈરાદાથી નીકળ્યા, હમદાન, કુર્દિસ્તાન, બગ઼દાદ થઈ શહરે મહબૂબ મદીના મુનવ્વરા પહોંચ્યા. રોઝએ પાકની ઝિયારત કરી મક્કા મોઅઝ્ઝમાં પહોંચ્યા. હજ્જના અરકાન અદા કરી મદીના મુનવ્વરા આવી ગયા. પછી શામ રવાના થયા અને દમિશ્ક, હલ્બ અને તબરેઝ થઈ ખુરાસાન પહોંચ્યા. આ સફરમાં આપ જ્યાંથી પસાર થયા ત્યાંના ઉલ્મા અને ફુઝૂલાએ આપનું ભવ્ય સ્વાગત કર્યું અને ઘણી તા'ઝીમ કરી. આ સિવાય પણ આપે ઘણા સફર કર્યા.

**બારગાહે રિસાલતમાં મક઼બૂલિયત :** અલ્લામા સૈયદ ગુલામ જીલાની મેરઠી رحمۃ اللہ علیہએ અલ્બીશીરૂલ કામિલમાં અલ્લામા જામી رحمۃ اللہ علیہની મક઼બૂલિયત વિશે આ પ્રસંગ લખ્યો છે :–

''જનાબ ખાન બહાદુર શૈખ બશીરૂદ્દીન મર્હૂમે પોતાના ઉસ્તાઝે મોઅ્ઝ્ઝમ મૌલાના અબ્દુસ્સમીઅ્ બેદિલ રામપૂરી, લેખક : અન્વારે સાતિઆ (હિ.સ. ૧૩૧૮, ઈ.સ. ૧૯૦૦)થી રિવાયત કરી કે એકવાર અલ્લામા જામી رحمۃ اللہ علیہ એક નઅતિયા ક઼સીદો લખી એ ઈરાદાથી મદીના મુનવ્વરા રવાના થયા કે રોઝએ અક઼દસના સમક્ષ અર્ઝ કરીશ. મહબૂબ ﷺના હસીન તસવ્વુરમાં ઝુમતા જઈ રહ્યા છે. જ્યારે મદીના મુનવ્વરાથી નજીક પહોંચ્યા તો મહબૂબે ખુદા ﷺએ એક વ્યક્તિને ખ્વાબમાં આવી હુકમ ફર્માવ્યો, ''જામી આવી રહ્યો છે તેને કહી દેશો કે ક઼સીદાની આ પંક્તિ અહીંયા ન પઢે.''

**ખ્વાહમ અઝ શૌક઼ દસ્તે બોસે તૂ બુરદ**
**દસ્ત બેરૂન કુન અઝ યમાની બુરદ**

**ભાવાર્થ :** ''હું મહોબ્બતમાં આપના પવિત્ર હાથ ચૂમવા ઈચ્છું છું, માટે યમની ચાદરથી હાથ બહાર કાઢો !'' .....નહીં તો એના માટે ક઼બ્રથી હાથ બહાર કાઢવા પડશે અને તેનાથી એક મહાન ફિત્નો ઊભો થશે.

બારગાહે રિસાલતમાં આપની મક઼બૂલિયત આ વાક્યાથી જણાય છે :–

અલ્લામા જામી رحمۃ اللہ علیہ જ્યારે મદીના શરીફથી જવાનો ઈરાદો ફર્માવતા તો હુઝૂર અક઼દસ ﷺના મુવાજહે અક઼દસ ﷺમાં હાજર થઈ આ રીતે ઈજાઝત માંગતા :–

*બસફર મી રવમ ચે ફર્માઈ* (હું જઈ રહ્યો છું આપનો શું હુકમ છે ?!) ક઼બ્રે મુબારકથી અવાજ આવતો, *બસલામત રવી વ બાઝ આઈ* ''સલામતીની સાથે જાવ અને ફરી આવો.''

આ સાંભળી જામી ઝુમી ઉઠતા અને સંપૂર્ણ ઈત્મિનાન સાથે વતન પાછા જતા કે ફરી હાજરી થવાની છે. છેલ્લીવાર જ્યારે જવાની ઈજાઝત માંગી તો આ રીતે જવાબ મળ્યો, *''બસફર રફતનત મુબારક બાદ''* (તમને સફર મુબારક હજો) આટલુ સાંભળતાં જ જામી પર જાણે વીજળી પડી હોય તેમ પોક મૂકી રડવા લાગ્યા. લોકોએ પૂછયું, સરકાર ﷺ આપને મુબારકબાદ આપી રહ્યા છે અને આપ રડી રહ્યા છો ! શું વાત છે ? અલ્લામા જામીએ ફર્માવ્યું, આ પહેલાં જ્યારે ઈજાઝત માંગતો તો હુકમ થતો કે *બસલામ રવી વ બાઝ આઈ.* આ ફરીવાર હાજરીનો સંદેશો હોતો, પરંતુ આ વેળા ઈર્શાદ થયો છે, *બસફર રફતનત મુબારકબાદ* જેનાથી સમજમાં આવે છે કે હવે બીજીવાર હાજરી નસીબ નહીં થાય.

**કરામતો :** આપ એક સાહિબે કરામત બુઝુર્ગ હતા. આપનાથી કેટલીય કરામતો જાહેર થઈ. એક કરામત આ પ્રમાણે છે :–

મૌલાના મુહમ્મદી રૂહી નક઼શબંદીથી રિવાયત છે કે તેઓ અલ્લામા જામી رحمۃ اللہ علیہ સાથે વસંત ઋતુમાં માલાન નદીના કાંઠે બેઠા હતા કે પાણી પર એક મૃત સૈહી (એક જાનવર જેના સર્વ શરીર પર કાંટા હોય છે) જાહેર થઈ. અલ્લામા જામીએ તેને ઉઠાવી લીધી અને તેની પીઠ પર હાથ ફેરવ્યો. હાથ ફેરવતાં જ તેમનામાં જીવનના અંશો જાહેર થવા લાગ્યા. જ્યારે અમે ત્યાંથી શહેર તરફ જવા લાગ્યા તો તે અમારી પાછળ આવવા લાગી.

**વફાત** : ૧૮ મુહર્રમ હિ.સ. ૮૯૮માં જુમ્આના દિવસે ૮૧ વરસની વયે હરાતમાં આપની વફાત થઈ. પીરો મુર્શિદ હઝરત સઅદુદ્દીન કાશગરી رحمۃ اللہ علیہના મઝારની સામે મદફૂન થયા. આપની તારીખે વફાત આયતે કરીમા ومن دخلہ کان امنا થી અંકશાસ્ત્ર (અદદ)ના આધાર પર નીકળે છે :–

***જામી કે બૂદ બુલબુલે જન્નત બશૌક રફત***
***ફી રવઝતીન મુખલ્લદતીન અર્દુહસ્સમા***
***કિલ્કે કૃઝા નવિશ્ત બે દરવાઝ એ બહિશ્ત***
***તારીખુહુ "વ મન દખલહુ કાન આમિના"***

અલ્લામા જામીની વફાતના ૧૯ વરસ પછી હિ.સ. ૯૧૧ પછી ખુરાસન પર સફવિયા હુકૂમત કાયમ થઈ. તેનું કેન્દ્ર ઈરાનનું એક શહેર અર્દબેલ હતુ. સફવિ હાકેમો રાફઝી હતા જ્યારે કે અલ્લામા જામી મહાન ઉલ્માએ અહલે સુન્નતમાંથી હતા એટલા માટે અલ્લામા જામી સાથે તેમનો વર્તાવ ઘણો જ જાલિમાના હતો. અલ્લામા ઈબ્ને અમાદ હંબલી (હિ.સ. ૧૦૮૯) એ આપના મઝાર સાથે કરેલા તેમના કરતૂતોનું વર્ણન આ રીતે કર્યું છે : "જ્યારે અર્દબેલના શૈતાની ટોળા ખુરાસન તરફ આવ્યા તો અલ્લામા જામીના સાહબઝાદા ઝિયાઉદ્દીન યુસૂફે આપની કબ્ર ખોદી આપનું જિસ્મે અત્હર બીજા સ્થળે દફન કરી દીધું. જ્યારે આ શૈતાની ગિરોહનો ખુરાસાન પર કબ્જો થઈ ગયો તો તેમણે અલ્લામા જામીની કબ્ર ખોદી નાખી. પરંતુ ત્યાં સુકી લાકડીઓ સિવાય કાંઈ ન મળ્યું તો તે લાકડીઓ પણ તેમણે સળગાવી દીધી.

**અવલાદ** : આપના ચાર સાહબઝાદા હતા : (૧) માત્ર એક દિવસ જીવંત રહ્યા, હજુ આપનુ નામ રાખવામાં ન આવ્યું હતું (૨) ખ્વાજા સફિયુદ્દીન મુહમ્મદ એક વરસની ઉમરમાં વફાત પામ્યા (૩) ખ્વાજા ઝિયાઉદ્દીન યુસૂફ ૯ શવ્વાલ હિ.સ. ૮૮૨ માં પેદા થયા (૪) ખ્વાજા ઝહીરુદ્દીન ઈસા ૫ મુહર્રમુલ હરામ, હિ.સ. ૮૯૧માં પેદા થયા, ૪૦ દિવસની ઉમરમાં વફાત પામ્યા.

**આપની લખેલી કિતાબો** : આપે અરબી તથા ફારસી ભાષામાં ઘણી યાદગાર કિતાબો છોડી છે જેમાંથી અમુક નીચે પ્રમાણે છે. (૧) તફસીરૂલ કુર્આન (૨) શર્હે ફુસૂસુલ હિકમ (૩) રિસાલા દર તહકીકે મઝહબે સૂફિયા વ મુતકલ્લિમીન વ હુકમા (૪) અલ્ફવાઈદુઝ ઝિયાઈયા ફી શર્હિલ કાફિયા (૫) તર્જુમો અરબઈને હદીષ (૬) શર્હે હદીષે અબી રઝીન લકીત અકીલી સહાબી (૭) શવાહિદુન્નુબુવ્વત (૮) નફહાતુલ્ ઉન્સ મિન હઝરાતિલ કુદ્સ (૯) નકદુન્નુસૂસ (૧૦) અત્તરીકતન નક્શબંદિયા (૧૧) અશિઅતુલ લમ્આત (૧૨) અલ્લવામિઅ (૧૩) શર્હુલ કસીદતુત્તાઈયા (૧૪) શર્હે રૂબાઈયાતિલ્ લવાઈહ (૧૫) શર્હુલ બયતયનિલ અવ્વલયને મિનલ મષ્નવિલ મનવિય્ય (૧૬) શર્હે બયત અમીર ખુસ્રૂ દહેલ્વી (૧૭) મજમૂઅએ કલ્માતે ખ્વાજા મુહમ્મદ પારસા (૧૮) રિસાલા ફી વહદતિલ વુજૂદ (૧૯) રિસાલા અસ્એલતુલ હિંદ વ અજવેબતુહા (૨૦) મનાકિબે મૌલ્વી રૂમી (૨૧) રિસાલા લા ઈલાહા ઈલ્લલ્લાહ (૨૨) રિસાલા મનાસિકે હજજ (૨૩) રિસાલા એ'તેકાદ નામા (૨૪) સર્ફે મન્ઝૂમ (૨૫) સર્ફે મન્ષૂર (૨૬) શર્હે અશ્આર મિઅત આમિલ મન્ઝૂમ (૨૭) શર્હે મિફતાહુલ ગૈબ (૨૮) સિલસિલતુઝ્ઝહબ ફી ઝમ્મિર્રવાફિઝ (૨૯) તોહફતુલ અહરાર (૩૦) યુસૂફ ઝુલેખા (૩૧) લૈલા મજનૂં (૩૨) ખિરદનામાએ ઈસ્કંદરી (૩૩) દિવાને અવ્વલ (૩૪) દિવાને ષાની (૩૫) દિવાને ષાલિષ (૩૬) દિવાને રાબિઅ (૩૭) રિસાલા કબીર દર મુઅમ્મા (૩૮) રિસાલા મુતવસ્સિત દર મુઅમ્મા (૩૯) રિસાલા સગીર દર મુઅમ્મા (૪૦) રિસાલા અસ્ગર દર મુઅમ્મા (૪૧) રિસાલા ફીલ કવાફી (૪૨) રિસાલા ફીલ ઉરૂઝ (૪૩) રિસાલા ફીલ હયઅત (૪૪) રિસાલા ફીલ મન્તીક (૪૫) હાશિયએ મિફતાહ (૪૬) શર્હુન્નકાયહ (૪૭) ઈર્શાદિયા (૪૮) લવાઈહ. આ ઉપરાંત ઘણી બધી કિતાબો છે.

**હવાલા** : (૧) મોઅજ્જમુલ મોઅલ્લિફીન (૨) અલ્ફવાઈદુલ બહિય્યા (૩) અલ્ઈઅ્લામ (૪) અલ્મુન્જિદ ફીલ લુગતિ વલ એઅલામ (૫) હદાઈકુલ હન્ફિયા મુર્તજીમ (૬) કુલ્લિયાતે જામી (૭) જામી મુર્તજીમ (૮) મકાલાતે શારેહે બુખારી (૯) ષમરાતુલ હયાત ફી તબ્કાતિન નુહાત (૧૦) શઝરાતુઝ્ઝહબ વિગેરેની મદદથી.

*–(અશ્રફિયા–મુબારકપુર, જાન્યુ–૨૦૧૦)*

## પાસબાને મિલ્લત
# હઝરત અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી رحمۃ اللہ علیہ

કાર્યાલય

પાસબાને મિલ્લત હઝરત અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી ઈલાહાબાદીના મશ્હૂર તાલુકા ફુલૂપુરના સરાયગનીમાં ઈ.સ. ૧૯૨૨માં જન્મ પામ્યા. આપના પિતા જમીનદાર હતા. હજી પણ આપની મજબૂત હવેલી, ખૂબ જ મોટો કેરીઓનો બાગ અને તથા જમીનો મૌજૂદ છે. પિતા ભલે જમીનદાર હતા અને મલિક બિરાદરીથી સંબંધ ધરાવતા હતા તેમ છતાં ખૂબ જ નેક, દરવેશ સિફત, નમ્રતાવાળા આજિઝ સ્વભાવના દીનદાર બુઝુર્ગ હતા. તેમણે પોતાની દીનદારીના કારણે એવું ચાહ્યું કે મારો આ ફરઝંદ આલમે દીન બને, નહીં તો જમીનદારોમાં (માલદારોમાં) સામાન્યતઃ એવો શોખ હોય છે કે પોતાની ઔલાદ ભણાવે, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, એંજિનયર વગેરે બનાવે.

### ★ તા'લીમ તથા કેળવણી ★

પાસબાને મિલ્લત رحمۃ اللہ علیہએ પોતાના પિતાની ઈચ્છાનુસાર કુર્આન મજીદ તથા ઉર્દૂની રિવાજ મુજબની તા'લીમ પોતાના ગામમાં જ હાંસલ કરી. જ્યારે સમજદાર થઈ ગયા તો તેમના પિતા તેમને સાથે લઈને ખ્વાજએ ખ્વાજગાન સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના આસ્તાના પર ગયા અને ત્યાં જ એ મન્નત માની કે હું આ બાળકને આલિમે દીન બનાવીશ. રજબમાં ઉર્સના મોક઼ા પર આ મન્નત માની હતી એ જ વર્ષે શવ્વાલમાં તેમને લાવીને ઈલાહાબાદની મશ્હૂર દર્સગાહ મદ્રસા સુબ્હાનિયામાં દાખલ કરી દીધા.

એ વખતે મદ્રસા સુબ્હાનિયા ખૂબ જ ઉચ્ચ કક્ષાએ હતો. ઈમામુત્તારિક઼ીન હઝરત મુજાહિદે મિલ્લત મૌલાના હબીબુર્રહ્માન رحمۃ اللہ علیہ એ વખતે એના સદર મુદર્રિસીન હતા. પાસબાને મિલ્લતના વાલિદ માજિદે પોતાના હોનહાર બાળકને હઝરત મુજાહિદે મિલ્લતને સુપ્રત કર્યા અને પ્રસંગો સાક્ષી છે કે હઝરત મુજાહિદે મિલ્લતે પોતાના ફયૂઝો તથા બરકતોથી ભરપુર નવાજ્યા.

ફારસીના પ્રારંભિક સબકો મુલ્લા રહ્મતુલ્લાહ નામના ઉસ્તાદને સુપ્રત થયા, પરંતુ તે ખૂબ જ પૂર્વગ્રહી વહાબી હતો. એ વાત જ્યારે હઝરત મુજાહિદે મિલ્લતના ધ્યાનમાં આવી તો તેમના સબકો ત્યાંથી ઉઠાવી લીધા અને પોતાના પ્રિય શાગિર્દ શયખે તરીક઼ત મૌલાના ક઼ારી અબ્દુર્રબ અઝહરી મુરાદાબાદી رحمۃ اللہ علیہ ના ત્યાં કરી દીધા. હિદાયતુન્નહ્વ સુધી આપે એમનાથી તા'લીમ હાંસલ કરી. પછી શરહે જામી સુધી હઝરત મૌલાના મુફ્તી અબ્દુલ કુદ્દુસ ભદ્રકી رحمۃ اللہ علیہથી પઢયા જેઓ એ જમાનામાં મદ્રસા સુબ્હાનિયાના મુદર્રિસ હતા. ત્યારબાદ પાસબાને મિલ્લતના સર્વ સબક઼ો હઝરત મૌલાના શાહ નિઝામુદ્દીન બલ્યાવી رحمۃ اللہ علیہના ત્યાં થવા લાગ્યા, અને દરમ્યાનમાં ક઼સીદાબુર્દા શરીફ, કન્ઝુદ્દક઼ાઈક઼ અને શર્હે જામીના કેટલાક સબક઼ો હઝરત મુજાહિદે મિલ્લતે પણ આપને પઢાવ્યા. દર્સે આલિયાની કેટલીક કિતાબો દા.ત. દીવાને મુત્તબી, હિદાયા અખીરૈન, સબ્એ મુઅલ્લક઼ા, દીવાને હમાસા વગેરે હઝરત મૌલાના મુફ્તી અબ્દુલ કુદુસ અને મૌલાના મુહમ્મદ ઉમર ઈલાહાબાદીથી પઢયા.

હઝરત મુજાહિદે મિલ્લતને આપની તા'લીમનો એટલો શોખ હતો કે આપને તહજ્જુદની નમાઝ બાદ પણ પઢાવતા હતા. આપ ઈ.સ. ૧૯૪૬માં દર્સે નિઝામિયાથી ફારિગ થયા. તા'લીમ દરમ્યાન આલિમ, મુન્શી, ફાઝિલે અદબ, કામિલની પરીક્ષાઓમાં પણ 1st ડિગ્રી હાંસલ કરી. આપે તિબ્બની પણ તા'લીમ લીધી. મૌલાના હકીમ મુહમ્મદ અહસન બિહારીથી મવજુઝે કાનૂન્ચહ્, શર્હે અસ્બાબે નફ્સી વગેરે પઢી.

### ★ દર્સો તદરીસ (તા'લીમ આપવું) ★

દર્સો તદરીસનો ક્રમ તાલિબે ઈલ્મીના જમાનાથી જ શરૂ કરી દીધો હતો અને મોલ્વી, આલિમની કિતાબો પઢાવવા લાગ્યા હતા. પ્રારંભમાં એક વરસ જામિઆ હબીબિયા મસ્જિદે આ'ઝમમાં મુદર્રિસ રહ્યા. મદ્રસા ફારૂક઼િયા બનારસમાં સદરુલ મુદર્રિસીનના હોદ્દા પર બિરાજમાન થયા પરંતુ થોડાક જ મહિનાઓ પછી મદ્રસા

સુબ્હાનિયાના મેમ્બરોએ તેમને મજબૂર કર્યા અને તે મદ્રસા ફારૂકિયા છોડીને મદ્રસા સુબ્હાનિયામાં મુદર્રિસ થઈ ગયા અને ત્રણ વરસથી કાંઈક અધિક મુદર્રિસ રહ્યા.

### ★ નોકરીનો ત્યાગ અને તબ્લીગ ★

એ અરસામાં આખા દેશમાં આપની તકરીરની ધૂમ મચી ગઈ અને એટલા અધિક પ્રમાણમાં પ્રોગ્રામ આવવા લાગ્યા કે આપે લોકોની દીની પ્યાસને જોતાં મદ્રસા સુબ્હાનિયાની નોકરી ત્યજી અને પછી આખા દેશમાં વઅઝ તથા તબ્લીગના માટે જવા લાગ્યા. તે સમયે આટલા અધિક પ્રમાણમાં જલસા થતા ન હતા તેમ છતાં ખતીબે મશ્રિક પાસબાને મિલ્લતનો હાલ એ હતો કે તે ખૂદ કહ્યા કરતા હતા કે જીવ ભરીને ઘરે બેસવાનું નસીબ નથી થતું. હિંદુસ્તાનનો કયો ખૂણો છે જ્યાં પાસબાને મિલ્લત અલ્લામા નિઝામીની તક્રીરો નથી થઈ. તેમની તક્રીરથી હજારો બદ્મઝહબ સહીહ અકીદા સુન્ની થઈ ગયા અને કેટલાયે મુઝબઝબ (ડાલમડોલ) પાકા સુન્ની થઈ ગયા. તક્રીરમાં એ અસર હતી કે તેમની સર્વ તક્રીર નિઃશક એ કહેવાને પાત્ર હતી કે, *કિસીકી આંખમેં જાદૂ તેરી ઝબાનમેં હે !*

### ★ આપનો શાગિર્દો ★

મૌલાના હાફિઝ કારી નેઅમતુલ્લાહ ગાઝીપૂરી, મૌલાના અબ્દુલ હમીદ મુરાદાબાદી, મૌલાના નૂરૂદ્દીન નિઝામી પ્રિન્સિપાલ મદ્રસા આલિયા રામપૂર, આલી મર્તબત જનાબ મૌલાના અબૂઝર ''માની'' માજી ઈન્સપેકટર અરબી ફારસી બોર્ડ ઈલાહાબાદ ઉત્તર પ્રદેશ, મૌલાના અન્વાર અહમદ નિઝામી—નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ગરીબ નવાઝ ઈલાહાબાદ વગેરે મશ્હૂર—શાગિર્દો છે, એના સિવાય અન્ય સેંકડો છે.

### ★ આપનાં નોંધપાત્ર કારનામાં ★

જ્યારે હઝરત મુજાહિદે મિલ્લતે તબ્લીગે સીરત સ્થાપી તો આપ તેના જોઈન્ટ સેક્રેટરી નિમાયા અને જ્યાં સુધી જો. સેક્રેટરી રહ્યા ત્યાં સુધી ઘણા જ ખુલૂસ, મહેનત તથા લગનથી એનું કામ કરતા રહ્યા. જ્યારે ઓલ ઈન્ડિયા મુસ્લિમ મુત્તહિદા મહાઝ સ્થપાઈ તો આપ તેના ઓર્ગેનાઈઝર સેક્રેટરી નિમાયા. ઓલ ઈન્ડિયા સુન્ની જમિઅતુલ ઉલમાના એક અરસા સુધી જનરલ સેક્રેટરી રહ્યા અને એક મુદ્દત સુધી પ્રમુખ પણ રહ્યા. ''સુન્ની તબ્લીગ જમાઅત'' પણ આપનું સોનેરી કારનામુ છે. ''પાસબાન'' મંથલી નામથી અહલે સુન્નતનું ઉચ્ચ કોટીનું તર્જુમાન (પ્રતીક) ચાલુ કર્યું તો વળી તવક્કલન્ અલલ્લાહ કેવળ પોતાના બાહુબળ પર અયોગ્ય માહોલમાં પણ ઈલાહાબાદમાં દારુલ ઉલૂમ ગરીબ નવાઝની સ્થાપ્ના કરી અને ક્રમે ક્રમે તેની આભ આંબતી ઈમારત પણ બનાવી કાઢી અને તેને અહલે સુન્નતની પ્રથમ કક્ષાની તા'લીમગાહોમાં ખડી કરી દીધી. હિંદુસ્તાનના કોઈપણ ક્ષેત્રમાં ક્યાંય મુનાઝરો થતો તો એમાં અલ્લામા નિઝામીની શિર્કત અવશ્ય રહેતી. આપે મુનાઝરાઓમાં ઘણા મહત્વના મોકાઓ પર એવું નોંધપાત્ર કામ કર્યું છે જે આજે પણ આપની જ વિશિષ્ટતાઓમાંથી છે. ભીવંડીના મુનાઝરામાં એક મોકા પર એવો મુદ્દો ખડો કર્યો હતો કે હઝરત મુજાહિદે મિલ્લતે ફર્માવ્યું, ''જો મારામાં શક્તિ હોત તો તમને રૂપિયાઓથી તોલી આપતો.''

### ★ આપની ઈમાન અફરોઝ કિતાબો★

આપની કિતાબોની ખાસ્સી લાંબી યાદી છે, અમુક આ પ્રમાણે છે : ખૂન કે આંસૂ (બે હિસ્સા), જમાઅતે ઈસ્લામીકા શીશ મહલ (જે ગુજરાતીમાં પણ આપણા ત્યાં મળે છે) ઈન્કેશાફાત, હિંદકે રાજા, મુજરિમ કૌન હૈ ? કર્બલાકા મુસાફિર, દીનદારકે બેનકાબ ચેહરે, નસીમે રહમત (ત્રણ હિસ્સા), ફિરદોસે અદબ (ચાર હિસ્સા), મીનારાએ હિદાયત, તન્વીરુલ ઈમાન, કહરે આસ્માની, વહાબી દેવબંદીયોંકી પેહચાન, તબ્લીગી જમાઅતકે ઢોલકા પોલ, ખુત્બાતે નિઝામી, દેવબંદીકી ખાનાતલાશી, દેવબંદી બોલતે હૈં મગર સમઝતે નહીં.....વગેરે

હઝરત પાસબાને મિલ્લત મહાન ખતીબ હોવાની સાથોસાથ ઉચ્ચ કક્ષાના પત્રકાર (સાહિત્યકાર) પણ હતા. આપે અતિશય કઠિન માહોલમાં 'પાસબાન' મંથલી ચાલુ કર્યું અને સુન્ની જગતમાં વૈચારિક ક્રાંતિ ખડી કરી દીધી. એ માસિક સંજોગો અનુચિત હોવાના કારણે કેટલીયે વાર બંધ થયું પણ સખ્ત સબ્રવાળા તંત્રીએ એને કેટલીયે વાર ચાલુ કરી નવી જિંદગી બખ્શી. વર્તમાન સંજોગો પર બારીક દૃષ્ટિ, ઉલમા તથા મશાઈખની ઓળખ આપતા લેખો, દીની તથા રૂહાની વિષયો પર અણમોલ લખાણો, જમાઅતે અહલે સુન્નતની એક્તા, દા'વત તથા તબ્લીગના ઉત્કર્ષ માટે ચિંતનાત્મક દર્દમંદાના લેખો, ગુસ્તાખાને રસૂલની પોલ ખોલતાં લખાણો, દીન ફરોશોનો સખ્ત ઈલ્મી તથા

દીની ઘેરાવ, વર્ણન શૈલીની અજોડતા અને ભાષા તથા સાહિત્યની ઉચ્ચતા તેમની સાહિત્યિક સેવાઓનું વિશિષ્ટ પાસુ છે.

આપે મુંબઈથી 'તાજદાર' અઠવાડિક પણ ચાલુ કર્યું અને હિંદના મુસલમાનોની રાજકીય તથા મિલ્લી રહનુમાઈ ફર્માવી. એમના કલમી લબો લેહજાની મનોહર સુંદરતામય શૈલી આજે પણ ઈલ્મ તથા દાનિશવાળાઓના દિમાગમાં તરોતાઝા છે, પણ અફસોસ કે એમના ઈલ્મી વારસદારો તથા અક્રીદતમંદોએ એમનાં ઈલ્મી કારનામાઓની સાથે ઈન્સાફ નથી કર્યો. હે કાશ ! કોઈ કલમકાર તેમનાં લખાણો, લેખો, ઈલ્મી ચર્ચાઓ અને તંત્રી લેખોના સંગ્રહને સંપાદિત કરી આપતો.

સારાંશ એ કે હઝરત અલ્લામા નિઝામી સાહબ એક એકલી વ્યક્તિનું નામ નથી બલ્કે એક વ્યક્તિના રૂપમાં એક પૂરી અંજુમન હતા અને ફઝાઈલ તથા કમાલોના સમૂહ તથા સાચા અર્થમાં મિલ્લતના પાસબાન હતા. અલ્લાહ તઆલા તેમને ઈસ્લામ તથા મુસ્લિમો તરફથી ખૂબ ખૂબ જઝા અતા ફર્માવે.

### ★ બીમારી તથા વિસાલ ★

આપના વિસાલના લગભગ ત્રણ વરસ પહેલાં નાસિકમાં નિઝામી સાહબને સખત લકવાનો હુમ્લો થયો ત્યાંથી ઈલાજના માટે મુંબઈ ગયા. ''જસલોક'' હોસ્પિટલમાં ઈલાજના માટે દાખલ કરવામાં આવ્યા. મોટામાં મોટો જે ડોકટર મળી શક્યો અને ઉચ્ચથી ઉચ્ચ કક્ષાનો ઈલાજ જે થઈ શક્યો કરવામાં આવ્યો. છ મહિના બાદ કાંઈક અંશે સફરના લાયક બન્યા હતા અને પછી ક્રમે ક્રમે કાંઈક તક્રરીર પણ કરવા લાગ્યા હતા. આશા એ બંધાયી હતી કે હવે અલ્લામા નિઝામી સાહબ હજી અધિક દિવસો સુધી પોતાના ફયૂઝ તથા બરકતોથી પબ્લિકને નવાઝતા રહેશે, પરંતુ એક વાર મુંબઈથી ઘરે આવતાં માર્ગમાં ૧લી ઓગસ્ટ ૧૯૯૦ના રોજ ટ્રેનમાં લકવાનો સખત હુમ્લો થયો અને સતત બેહોશી છવાઈ ગઈ. છેલ્લા શબ્દો જે જીભથી અદા કર્યા તે દુરૂદમાં હુઝૂરે અક્રદસ ﷺનું નામ મુબારક મુહમ્મદ ﷺ હતું, ત્યારબાદ તદ્દન કોઈપણ વાત ન કરી શક્યા. બીજી ઓગસ્ટે ઈલાહાબાદ પહોંચ્યા. સ્ટેશનથી જ તેમને ઈલાહાબાદની સૌથી ઉચ્ચ પ્રાઈવેટ હોસ્પિટલમાં ઈલાજ માટે દાખલ કરવામાં આવ્યા. પરંતું હોશ ન આવવાનો હતો તે ન આવ્યો. બીમારીનો ઈલાજ છે મૌતના સંદેશાનો કોઈ ઈલાજ નથી. فَاِذَا جَآءَ لَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّ لَا يَسْتَقْدِمُوْنَ ''જ્યારે એનો વાયદો આવી જશે એક ઘડી ન પાછળ થાય ન આગળ.'' *(અઅ્રાફ—૨૪)*

***જાતે હુએ કહતે હો ક઼યામત કો મિલેંગે***
***ક્યા ખૂબ ક઼યામત કા હૈ ગોયા કોઈ દિન ઔર***

પાસબાને મિલ્લત ખતીબે મશ્રિક હઝરત અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી ૮ રબીઉલ આખર, ૨૯—ઓકટોબર ઈ.સ. ૧૯૯૦ સોમવાર (પીર)ના દિવસે ૧૧ વાગીને ૪૦ મિનિટે આપણને હમેશાંના માટે અલવિદા કહીને ચાલ્યા ગયા. ઈશા બાદ દારુલ ઉલૂમ ગરીબ નવાઝ ઈલાહાબાદના પશ્ચિમ—ઉત્તર (વાયવ્ય ખૂણા)ના કમરામાં આપની વસિયતના પ્રમાણે દફન કરવામાં આવ્યા.

### ★ અશરફિયાથી લગાવ ★

અલ્ જામિઅતુલ અશરફિયા અને કારવાંને અશરફિયા સાથે આપના ઘણા ગાઢ સંબંધો હતા. જામિઆની સૌથી ઉચ્ચ બાઈખ્તિયાર કમિટી ''મજલિસે શૂરા''ના મહત્વના સભ્ય હતા. જામિઆના બાની જલાલતુલ ઈલ્મ હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہથી ઘણી જ અક્રીદત ધરાવતા હતા. હાફિઝે મિલ્લતને સૌ પ્રથમ ''ઉસ્તાઝુલ ઉલમા'' તથા ''જલાલતુલ્ ઈલ્મ'' સૌ પ્રથમ આપે લખ્યા. હાફિઝે મિલ્લત પણ આપના પર ઘણા જ મહેરબાન તથા લાગણીવાન હતા, પોતાના પ્રિય શાગિર્દની જેમ નવાજતા હતા. આપની ફર્માઈશ પર ફુરસદ ન હોવા છતાં ''પાસબાન'' મંથલીના માટે ''મઆરિફે હદીષ''ની કોલમ લખવાનું શરૂ કર્યું હતું. જ્યારે પણ આપનાથી મળતા બાગ બાગ થઈ જતા, સીનાથી લગાડતા અને ખૂબ દુઆઓથી નવાજતા. હાફિઝે મિલ્લતના વિસાલ બાદ પણ અશરફિયાના નાના મોટા સૌના સાથે પાસબાને મિલ્લતના આપસમાં અક્રીદત તથા મહોબ્બતના સંબંધો યથાવત રહ્યા હતા.

મૌલા કરીમ આ મર્દે મુજાહિદની ક્બ્ર પર દિન રાત રહમતો નૂરની વર્ષા વરસાવે અને જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે. (આમીન)

*(અશરફિયા મંથલી—મુબારકપુર, ડિસેમ્બર—૧૯૯૦ના આધારે બહવાલા ''શહરે ખમોશાંકે ચિરાગ, અઝ : મુબારક હુસૈન મિસ્બાહી)*

# યહૂદીઓની
## શાંતિ વિરોધી પોલીસીઓ
## કાલે અને આજે

કાર્યાલય

ધોકો તથા પ્રપંચ, જોર જુલ્મ તથા સખ્તી, રબની તા'લીમાતથી બેપરવાઈ, સરકશી તથા ફિત્નાઅંગેઝી, જાતીય સમાગમમાં ગુનાખોરી હરામકારી, શરાબનોશી અને સંસ્કારિક પદ્ધતિઓનું પતન વગેરે ખરાબીઓને એક કડીમાં પરોવવામાં આવે તો ''યહૂદી કૌમ''ની છબી ઉપસી આવશે. અલ્લાહ તબારક વ  તઆલાએ એ કૌમને નબુવ્વત તથા રિસાલતના મન્સબની સાથોસાથ માલો દૌલતથી પુષ્કળ પ્રમાણમાં નવાજી હતી. દિલી ખરાબીઓ અને ફિત્નાપરવર વિચારશ્રેણીના ઝંડાધારીઓએ યહૂદિયતને ન દુનિયામાં બાઈઝ્ઝત મક઼ામ અતા કર્યો ન આખેરતની નેક નસીબીઓથી લાભાવંત થવા દીધા બલ્કે ભટકતી જિંદગી અને શક્તિશાળી ક઼ૌમની ચાપલૂસી તેમની તક઼દીર બની.

અલ્લાહના હુકમથી યહૂદીઓના માથાંઓ પર બેઈજ્જતી તથા મિસ્કીનીની કાળી ઘટાઓ છવાઈ ગઈ. જેમાં પણ રહ્યા પોતાની આંત્રિક ગંદકીની ભરપૂર સાબિતી આપતા રહ્યા જેના લીધે વિવિધ દેશોએ આ ફસાદી (દંગલખોર) ક઼ૌમને સડેલી લાશ સમજીને પોતાની સરહદોથી બહાર ફેંકી દીધી. ઈશ્ક઼ની દુનિયાની રાજધાની મદીના પાકમાં બનૂ નઝીર, બનૂ ક઼ુરીઝા તથા બનૂ કનીકાઅ્ નામના યહૂદી ક઼બીલાઓ વરસોથી વસતા હતા. હુઝૂર સૈયદે આલમ ﷺએ તેમની ફિત્નામય પ્રવૃત્તિઓના સબબે તેમને ત્યાંથી નીકળી જવાનો હુકમ કર્યો.

### વિવિધ દેશોએથી યહૂદીઓની હકાલપટ્ટી

ઈ.સ. પૂર્વે ૫૮૬માં બાબિલના મશહૂર સત્તાધીશ બખ્ત નુસરે જેરૂસલમ પર હુમ્લો કરીને તેમનાં ચિથડાં ઉડાવી દીધાં અને બની ઈસ્રાઈલીઓને ગિરફતાર કરીને પોતાના દેશમાં લઈ ગયો. તેઓ લાંબા અરસા સુધી બેઈજ્જતીભરી જિંદગી ગુજારતા રહ્યા છેવટે ઈ.સ. પૂર્વે ૫૩૬માં ઈરાનના બાદશાહ ખુસ્રૂએ બાબિલ ફતહ કર્યું તો તેમને આઝાદીનું વાતાવરણ અને સુકૂનના દિવસો નસીબ થયા.

યહૂદીઓના શાંતિ વિરોધી વલણે તેમને ક્યાંય ચૈનથી રહેવા ન દીધા. કદીક પોર્ટુગલથી કાઢવામાં આવ્યા તો ક્યારેક સ્પેનથી તેમને હાંકી કઢાયા. ઈ.સ. ૧૨૯૦માં બ્રિટનથી તડીપાર કરવામાં આવ્યા. ઈ.સ. ૧૩૦૬માં પ્રથમવાર અને ઈ.સ. ૧૩૯૪માં બીજીવાર ફ્રાંસથી ખસેડી કાઢવામાં આવ્યા. ઈ.સ. ૧૩૭૦માં બેલ્જિયમથી ભગાડવામાં આવ્યા તો ઈ.સ. ૧૩૮૦માં જેકોસ્લેવિયામાં તેમને જીવવું મુશ્કેલ કરીને ત્યાંથી તગેડી મૂકવામાં આવ્યા. ઈ.સ. ૧૪૪૪માં હોલેન્ડની ગવર્નમેન્ટ તરફથી યહૂદીઓના વિશે ''ગેટ આઉટ''નું સરકારી ફર્માન બહાર પાડવામાં આવ્યુ.

એ જ પ્રમાણે હિ.સ. ૧૫૪૦માં ઈટાલીની ભૂમિથી ''બળે બેઆબરૂ હોકર તેરે કૂચેસે હમ નિકલે''ના જેમ યહૂદીઓએ નીકળવું પડયું. ઈ.સ. ૧૫૫૧માં જર્મનીએ તેમને ધક્કા મારીને બહાર કાઢી મૂક્યા. ઈ.સ. ૧૫૧૦માં રશિયાએ યહૂદી ફિત્નાખોરોને તગેડીને પોતાના દેશને પવિત્ર કર્યો. અને આ રીતે ફર્માને ઈલાહી وَضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ ''તેમના માટે નક્કી કરી દેવામાં આવી બેઈજ્જતી તથા નાદારી.'' *(બક઼રહ–૬૧)*ની સચ્ચાઈ જાહેર થઈ અને દુનિયાવાળાઓએ જોઈ લીધું કે ઝિલ્લત તથા રુસ્વાઈ (બેઈજ્જતી)નો જે ક઼ાયમી અઝાબ જબ્બાર તથા કહ્હાર ખુદાએ યહૂદીઓ પર લાગુ કર્યો તે કઈ રીતે તેમના હક્ક઼માં ક઼યામતખેઝ પુરવાર થયો. અલ્ અમાન વલ્ હફીઝ.

### યહૂદીઓની શરારતના કેટલાક નમૂના

જુલ્મો તથા બળપ્રયોગ, ફિત્નાઅંગેઝી તથા ત્રાસવાદના થકી વિશ્વશાંતિને ડિસ્ટર્બ કરનારાઓનો કાળો ઈતિહાસ રચનારાઓની યાદી તૈયાર કરવામાં આવે તો એમાં યહૂદીઓ અગ્રક્રમે હશે. આધુનિક પ્રચાર માધ્યમો થકી પૂરી દુનિયાને યહૂદિયતના રંગમાં રંગવાની કોશિશ અને અને ઈલેક્ટ્રોનિક મીડિયાના માધ્યમ થકી સેક્સ સંબંધી ગુમરાહી, ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ પબ્લિકના દિમાગને ભમાવવું, સંસ્કારિક સભ્યતાનું પતન એ યહૂદી ખરાબીઓના નોંધપાત્ર નમૂના છે. ઈ.સ. ૧૯૪૮માં પેલેસ્ટાઈનના જિગરમાં ઈઝરાઈલ રાજયની સ્થાપ્ના, ઈ.સ. ૧૯૬૭માં બયતુલ મુક઼દસ (ક઼િબ્લએ અવ્વલ) પર

કબજો, પેલેસ્ટાઈની પબ્લિકની નાહક્ક ખૂના મરકી, દિન પ્રતિ દિન તેમની જમીનોને ઈઝરાઈલી સામ્રાજ્યનો હિસ્સો બનાવવું અને હવે મસ્જિદે અક્સાને તોડી પાડી તેની જગાએ ''હયકલે સુલૈમાની'' (પૂરાણી યહૂદી ઈબાદતગાહ) બનાવવવાનું ભૂગર્ભ ષડયંત્ર....આ તે મજબૂત હકીકતો છે જેના પર શંકાકુશંકા અથવા જૂઠ કે નકારના બનાવટી પર્દા નથી ઢાંકી શકાતા.

દીને ઈસ્વી જે હકીકતમાં હઝરત ઈસા علیہ السلام ની પવિત્ર તા'લીમાત પર આધારિત હતો તેનું ભૂતકાળનું સ્વરૂપ વિકૃત કરીને મનઘડત અકીદા તથા માન્યતાઓવાળો એક નવો ધર્મ સ્થાપવો અને તૌહીદ (એક અલ્લાહની માન્યતા)ને બદલે હઝરત ઈસામાં અલ્લાહનું હુલૂલ (પ્રવેશી જવું) તથા અલ્લાહ માટે શરીર માનવાની માન્યતા તથા ત્રણ ખુદામાં માનવાવાળી તથા ખુદાના પુત્ર હોવાની માન્યતાની ઈમાન સોઝ ગંદકીને ભેળવીને દીને ઈસ્વીમાં શિર્કનું ઝહેર ભેળવનાર અન્ય કોઈ નહીં, બલ્કે તે યહૂદી આલિમ પૌલુસ (સેન્ટપાલ) હતો, જેથી વર્તમાન ઈસાઈયતના સ્થાપક ઈસા મસીહ علیہ السلام નથી બલ્કે સેન્ટપાલ છે.

સામ્યવાદ તૂટયા પછી સાંસ્કૃતિક ટકરાવની માન્યતા રજૂ કરીને જગતની કૌમને ઈસ્લામ વિરુદ્ધ મોરચો માંડવાનું ઉત્તેજન આપવામાં યહૂદી લોબીઓનો મોટો હાથ રહ્યો છે. જેમ કે ઈ.સ. ૧૯૯૦માં અમેરિકી વિદેશ નીતિના મહત્વના સભ્ય ''હેનરી કીસિન્જરે'' આંતર રાષ્ટ્રીય વ્યાપાર સંબંધી વાર્ષિક કોન્ફરન્સમાં ભાગ લેનારાઓને સંબોધન કરતાં કહ્યું હતું કે, ''હવે પરિસ્થિતિ એ છે કે પશ્ચિમ સમક્ષ અરબી તથા ઈસ્લામી જગતમાં જે નવો દુશ્મન છે અને જેનો તેણે સામનો કરવાનો છે તે ઈસ્લામ છે.''

એમનું બીજુ નિવેદન ઈ.સ. ૨૦૦૧માં આ પ્રમાણે સામે આવ્યું કે, ''ઈસ્લામી ત્રાસવાદ તથા આતંકવાદના વિરુદ્ધ કાલને બદલે આજે જ જંગનો આરંભી કરી દેવો જોઈએ.'' *(મગરિબી મીડિયા ઔર ઉસ્કે અષરાત, પેજ–૩૧)*

ઈસ્લામની રહમતની ચાદર પર આતંકવાદનો ડાઘ લગાડનારા યહૂદી કદાચ આવી રીતે ઈસ્લામ વિરોધી નિવેદનો આપીને પોતાના ગુનાહોના ધબ્બાને ધોવા ચાહે છે, નહીં તો દુનિયા એ હકીકતથી સારી પેઠે વાકેફ છે કે **પ્રારંભિક દિવસોથી લઈને આજ સુધી યહૂદીઓથી વધીને કોઈ આતંકવાદી કૌમ પૃથ્વીના પટ પર પેદા થઈ નથી.**

અમેરિકી વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉડાડવામાં યહૂદી ષડયંત્ર દુનિયા સમક્ષ જાહેર થઈ ચૂક્યું છે. આ દાવાની સૌથી મોટી દલીલ એ છે કે આ વ્યાપારિક સેન્ટરમાં પાંચ હજારથી અધિક યહૂદી કામ કરતા હતા પણ હુમ્લા વખતે એક પણ યહૂદી મૌજૂદ ન હતો !

ઉપરોક્ત સર્વ બનાવોથી અનુમાન કરી શકાય છે કે આજે યહૂદી ચળવળ પોતાની ખરાબીઓ, ડિપ્લોમેસી તથા શતરંજી ચાલોનો પાછલો રેકોર્ડ તોડીને કઈ રીતે પૂરી દુનિયામાં હોંશભેર ફરી રહી છે અને પોતાની આતંકવાદી કાર્યવાહીઓ થકી વિશ્વ શાંતિને નાબૂદ કરી રહી છે. વિશ્વની કૌમોના લીડરોએ આતંકવાદની નાબૂદીને નિશ્ચિત કરવા માટે યહૂદીઓની શાંતિ વિરોધી પોલીસીઓ પર કડક નજર રાખવાની જરૂરત છે. જુર્મની કબૂલાતના રૂપે નીચેનું એક લખાણ વાંચી લો : ''અમે સ્વીકાર કરીએ છીએ કે આજે ચો તરફ જે આતંકવાદ તથા જુલ્મનું સામ્રાજ્ય ફેલાયેલું છે તેનું મૂળ અમે (યહૂદી) જ છીએ.'' *(યહૂદી પ્રોટોકલ્ઝ, પેજ–૧૩૫)*

## શાંતિ વિરોધી પોલીસીઓ

વિશ્વની કૌમો પર રાજ કરવાના કાલ્પનિક ખયાલને હકીકતનું રૂપ આપવા માટે સ્વીત્ઝરલેન્ડના શહેર ''બાલ''માં ૩૦૦ યહૂદી બુદ્ધિજીવીઓ ભેગા થયા અને આખા જગત પર અન્યની ભાગીદારી વિના રાજ કરવાનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો અને દરેક પ્રકારની કૌમી, આર્થિક, શૈક્ષણિક, રાજનૈતિક, સામાજિક, તથા સાંસ્કૃતિક પ્રગતિની પ્રાપ્તિના માટે મીડિયાને પ્રાથમિક હથિયારના રૂપે વાપરવા પર જોર દેવામાં આવ્યું એ જ કારણે આજે વિશ્વનાં અર્વાચીન પ્રચાર માધ્યમોના ૯૫% હિસ્સા પર યહૂદીઓનો કબજો છે જે યહૂદી વિચારધારાનું પળેપળ વિજ્ઞાપન તથા ઈસ્લામ વિરુદ્ધ જગતની કૌમનું બ્રેઈન વોશિંગ કરતુ રહે છે. ઈસ્લામ અને મુસલમાનોના સંબંધી ગલત પ્રોપેગન્ડા તથા નફરત તથા ધૃણાનો માહોલ ખડો કરવામાં દુનિયાભરના મીડિયાની હાલત લગભગ સરખી છે.

યહૂદી ચિંતકોએ પોતાના ૧૯ પ્રોટોકોલ્ઝમાં વિશ્વમાં ઉથલપાથલ કરવાના સંબંધે જે કલમો નિશ્ચિત કરી છે તેના અમુક નમૂના જે માનવતા વિરુદ્ધ તથા

સુસંસ્કારોના મહત્વથી માઈલો દૂર છે તેને વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ : "ફ્રી મેસેન્જ" યહૂદીઓની નોંધપાત્ર સંસ્થા છે એ સંસ્થાએ અન્ય ધર્મો સાથે ચળવળ ચલાવી યહૂદી કુસંસ્કૃતિને ફેલાવવા માટે નીચે મુજબની ફરજો સોંપવામાં આવી : "લોકોને ધર્મથી વિમુખ તથા નફરત કર્તા કરવામાં આવે. સ્થાનિક ધર્મોનો ટીકાત્મક અભ્યાસ કરીને તેમાંથી નકારાત્મક મુદ્દાઓ એ રીતે સંપાદિત કરવામાં આવે કે તેને ફેલાવીને વિખવાદનો માહોલ ઉભો કરી શકાય. વિવિધ ધર્મોની આગળ પડતી હસ્તીઓને આપસમાં લડાવવામાં આવે. ધાર્મિક કિતાબોના પાનાંઓ ફાડીને રાતોમાં જાહેર જગાઓ પર ફેલાવી દેવામાં આવે. વિવિધ ધર્મો તથા પંથોની વચ્ચે ચાલી આવતી પૂરાણી અનબન તથા માજી ખેંચતાણને તેજ કરી દેવામાં આવે." *(યહૂદી પ્રોટોકોલ્ઝ, પેજ–૯૮, મિલ્લી પબ્લિકેશન્સ–દિલ્હી)*

વાંચકો ! આ લખાણથી તમે અંદાઝો લગાડી લીધો હશે કે આ શરૂથી જ બદ્‌બખ્ત કૌમ આજે દુનિયાને કઈ રીતે તબાહીના મોઢા સુધી લઈ જવા ચાહે છે અને વિવિધ ધર્મોના લોકોને આપસમાં લડાવીને પોતાનો ઉલ્લુ સીધો કરવાનો મનસૂબો ધરાવે છે.

વર્ચસ્વ વિસ્તારવાના નિશ્ચયોની પૂર્ણતા તથા રાજકીય લાભોની પ્રાપ્તિ ખાતર દરેક પ્રકારની જાઈઝ નાજાઈઝ પોલીસીઓ અપનાવવાને યહૂદીઓ પોતાના માટે જાઈઝ સમજે છે : "કામયાબ રાજસત્તાએ બળ પ્રયોગ તથા ક્રુરતાના થકી જ થઈ શકે છે, ઈલ્મી ચર્ચા વિચારણાઓથી નહીં." *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૦૬)*

"મજબૂત રાજસત્તાના ઈચ્છુક શખ્સમાં ધોકો પ્રપંચ, ચાલાકી, બદ્‌માશી, જાહેરમાં સારુ લાગે તેવું બનાવટી વર્તન અપનાવવામાં નિપૂણતા હોવી જોઈએ. પ્રમાણિક્તા, અમાનત, કૌમી સારો કિરદાર તથા હક્કગોઈ વગેરે પ્રકારની સુસંસ્કારિક્તાઓને રાજકરણ સાથે કોઈ સંબંધ નથી. રાજકરણમાં આ ચીજો ખૂબીઓ નથી બલ્કે અયબ ગણાય છે. જો લાંચ, દગો પ્રપંચ તેમજ ગદ્દારી તથા બેવફાઈના હથિયારોથી કામયાબી મળી શકે છે તો તેના ઉપયોગથી રજમાત્ર પાછા હટવું ન જોઈએ." *(ઉપર મુજબ, પેજ–૧૦૯, ૧૧૧)*

આજે વિશ્વ કક્ષાએ ધાર્મિક લડાઈઓ તથા વિવિધ કૌમો વચ્ચે દુશ્મનાવટની જે વિશ્વવ્યાપી ચિંગારીઓ ભડકી રહી છે એનાથી એ વાતની સંપૂર્ણ શક્યતા છે કે કોઈપણ સમયે "ત્રીજુ વિશ્વ યુદ્ધ" ફાટી નીકળશે. એવામાં યહૂદીઓની શાંતિ વિરુદ્ધની પોલીસીઓ જોતાં દાવા સાથે કહી શકાય છે કે આ ગંભીર પરિસ્થિતિની અસલ જિમ્મેદાર યહૂદી કૌમ જ છે.

જુલ્મ તથા જબરદસ્તીના ઈતિહાસમાં હિટલરની જેમ જાલિમ તથા જાબિર અને ઈન્સાનિયત દુશ્મન વ્યક્તિઓ ખૂબ જ ઓછી મળશે, પણ પેલેસ્ટાઈની પ્રજાની સાથે ઈઝરાઈલી જુલ્મોથી માલૂમ પડે છે કે યહૂદીઓ જુલ્મ તથા ક્રુરતામાં હિટલરથી પણ બે કદમ આગળ છે. યહૂદિયતના ચાહકોને તેમની શરારતોથી મજા ચખાડવા માટે ૫૦ લાખથી અધિક યહૂદીઓને મૌતના ઘાટ ઉતાર્યા બાદ હિટલરે એ કૌમની શરારત તથા ડબલ પોલીસીની રજૂઆત આ પ્રમાણે કરી હતી : "દરેક યહૂદી અસલમાં આંતર રાષ્ટ્રીય દષ્ટિએ કામ લે છે. તેનો હેતુ રૂપિયા પેદા કરવા અને અન્યોને લૂટવા સિવાય કાંઈ જ નથી. તે (યહૂદી) વિવિધ ગૃપોમાં પ્રવેશીને અંદરથી જંગ ખડો કરે છે." *(કિતાબેં જિન્હોંને દુન્યા બદલ ડાલી, પેજ–૨૨૩)*

હિટલરના બયાનથી એકગણી સંમતિ કરી શકાય છે, કેમ કે દરેક યુગમાં આ જ જંગી કૈફિયત રહી છે. વર્તમાનકાળમાં યહૂદીઓ આયોજનપૂર્વક ઈસાઈયતના ઉપર સંપૂર્ણપણે પર છવાયેલા છે. ખાસ કરીને અમેરિકામાં યહૂદી વર્ચસ્વની એ સ્થિતિ છે કે એમની મરજી વિના અમેરિકા એક ડગ આગળ નથી માંડી શકતું. અમેરિકી મીડિયા પર યહૂદીઓનો કબજો છે. મશ્હૂર અમેરિકી કલાકાર હેનરી ફોર્ડના કથનાનુસાર કે, "ઈ.સ. ૧૮૮૫થી પહેલાં અમેરિકી સમાજમાં બેહયાઈનું વજૂદ નહિવત હતું, પરંતુ યહૂદી કૌમે પત્રકારત્વ તથા મીડિયાના થકી અમેરિકી સમાજને તબાહી તથા બર્બાદીના કિનારા પર ખડુ કરી દીધું." *(મગરિબી મીડિયા ઔર ઉસ્કે અષરાત, પેજ–૨૬)*

આર.એસ.એસ. જેવી કૌમવાદી સંસ્થા સાથે યહૂદીની ગુપ્તચર સંસ્થા "મૌસાદ"ની ગુપ્ત સાઝિશ જ્ઞાની લોકોથી છુપી નથી, જેથી જગતની કૌમોના લીડરોએ આતંકવાદની નાબૂદીની ચળવળ ચલાવતાં પહેલાં યહૂદીઓની શાંતિ વિરોધી પોલીસીઓ પર નજર રાખવી જોઈએ તો ક્યાંક આગળ જતાં એમની કોશિશ સફળ થઈ શકે છે, નહીં તો વિશ્વના નક્શા પર ઈઝરાઈલ રાજ્યની મૌજૂદગીમાં આતંકવાદનો ખાત્મો લગભગ અશક્ય છે. *(અશ્રફિયા, જાન્યુ. ૨૦૧૦)*

# દહેજની માંગણી કરનારાઓ સાવધાન !

**રજૂકર્તા : મૌલાના સાદિક઼ સાબરી દહેગામી**

આપણા દેશમાં દહેજનું દિન પ્રતિદિન દૂષણ ખૂબ જ વકરતુ જઈ રહ્યું છે. કેટલીય નિર્દોષ દીકરીઓ પતિ તથા સાસરીવાળાઓના તરફથી દહેજ માટે અપાતા ત્રાસમાં ક્યાંક શરીરે કેરોસીન છાંટી સળગી મરે છે તો ક્યાંક ઝહેરી દવા પીને મરી જાય છે. ગૈર ક઼ૌમોમાં આ જુલ્મો સિતમ ખૂબ જ આમ છે. જેના સમાચારો રોજ વર્તમાનપત્રોમાં આપણે વાંચીએ છીએ. પણ અફસોસ ! કેટલાક મુસલમાન કે જે ક઼બ્ર, ક઼યામત, જહન્નમના અઝાબ પર ઈમાન ધરાવવાનો દાવો કરતા હોવા છતાં ગૈરોની દેખાદેખી દુનિયાવી લાલચમાં પડી કોઈની વહાલસોયી તેમને સોંપાયેલી નમણી નાઝુક દીકરીઓ પર જુલ્મો સિતમના પહાડ તોડીને સતામણી કરે છે જેનાં ઘણા ભયાનક પરિણામો પણ આવે છે. જેથી મુસલમાનોના ઈસ્લામી રીતે શરીઅત હેઠળના માર્ગદર્શન માટે અત્રે દહેજના દુષણ સંબંધે આ લેખ રજૂ કરીએ છીએ. *–તંત્રી*

એમાં શંકા નથી કે દહેજનું વર્તમાન સ્વરૂપ એક બર્બાદ કરનાર રસમ બનીને રહી ગયું છે. છોકરીને મા બાપ પોતાની મહોબ્બત તથા હેતમાં વિદાય કરતી વેળા જે કાંઈ આપે છે તે એક મુસ્તહસન કામ તથા માનવ પ્રકૃતિનો તકાઝો છે. પણ ગૈર ક઼ૌમની દેખાદેખી હવે મુસલમાનોમાં પણ આ બુરી રસમ જબરદસ્તી માંગણી કરવાનું રૂપ અપનાવી ચૂકી છે. દહેજની માંગણીઓને પૂર્ણ કરવા માટે આજે કેટલાંય ઘરો તબાહ થઈ ચૂક્યાં છે અને પુત્રી જન્મ નિ:શંક ! ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ ﷺની તા'લીમાતની રોશનીમાં નેક નસીબીની નિશાની છે, તેને આપણે આપણા હાથો વડે બદ્‌બખ્તીમાં બદલી નાખેલ છે. આશ્ચર્ય તો એના પર છે કે છોકરી તથા તેનાં ઘરવાળાંની વિસાતનો ખયાલ કરવામાં આવે, પણ આ થનારા જમાઈ કે તેનાં ઘરવાળાંને ક્યાંથી હક્ક઼ પહોંચે છે કે છોકરી અથવા તેનાં મા બાપથી કોઈ પ્રકારનો સવાલ કરે ?! આ તો એક સભ્ય પ્રકારની ભીખ છે ! જેને રસમ તથા રિવાજના નામ પર સ્વીકારવામાં આવી રહી છે.

ઈસ્લામ બે જ સ્થિતિઓમાં માંગવાની રજા આપે છે, ક્યાં તો માંગનારનો કોઈ હક્ક઼ બીજા પાસે નીકળ તો હોય, અથવા એ માંગનારો એટલો તંગદસ્ત ગરીબ હોય કે તેનો ગુજારો મુશ્કેલ હોય અને સવાલ કર્યા વિના કોઈ આરો જ ન હોય તો તેણે સવાલ કરવો જાઈઝ છે, અને તે પણ જરૂરત પૂરતો જ ! હાજત તથા જરૂરતથી વધુ તો તેણે પણ માંગવું જાઈઝ નથી. જાહેર છે કે થનાર જમાઈનો થનારી પત્ની અથવા સાસુ સસરા પર કોઈ વાજિબ હક્ક઼ તો હોતો નથી કે જેની માંગણી એના માટે જાઈઝ થાય, જેથી હવે બીજી સ્થિતિ તંગદસ્તી, ગરીબીવાળી રહી જાય છે, જ્યારે કે સમાજમાં એની પણ ગુંજાઈશ નથી કે કોઈ ગરીબ જમાઈ પોતાની ગરીબી પ્રદર્શિત કરીને સાસરી પક્ષવાળાંથી કાંઈક માંગે, જ્યારે બંને સ્થિતિઓ નથી તો યક઼ીનન ! આ સવાલની માંગણી મનાઈની કક્ષામાં આવે છે, એટલે કે વિના જરૂરતે માંગવું જેની શરીઅત સખ્ત બુરાઈ વર્ણવે છે, બલ્કે હરામ ગણાવે છે. એના અનુસંધાનમાં અમુક હદીષો સાંભળો. જુઓ ! આક઼ા ﷺ એવી માંગણી કરનારાઓ માટે શું ફર્માવે છે ? :–

**હદીષ-૧** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, માણસ સવાલ કરતો રહેશે ત્યાં સુધી કે ક઼યામતના દિવસે એ સ્થિતિમાં આવશે કે તેના ચહેરા પર માંસનો ટુકડો હશે નહીં. એટલે કે ખૂબ જ બેઈજ્જત થઈને આવશે. *(બુખારી તથા મુસ્લિમ)*

**હદીષ-૨** : રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, સવાલ એક પ્રકારની ખરાશ (ખુજલી) છે કે માણસ સવાલ કરીને પોતાના મોઢાને ચૂંથે છે. જે ચાહે પોતાના મોઢા પર એ ખુજલીને બાકી રાખે અને જે ચાહે ત્યજી આપે. હા ! માનવી જો સત્તાવાળાથી પોતાનો હક્ક઼ માંગે અથવા એવી બાબતમાં સવાલ કરે કે તેના વિના ચારો

ન હોય. (તો જાઈઝ છે) આ રિવાયત વિવિધ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી શબ્દોના ફેરફાર સાથે આવેલ છે. *(અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને હબ્બાન, મુસ્નદે ઈમામ અહમદ તથા તિબ્રાની)*

**હદીષ-૩** : હુઝૂરે અક્દસ ﷺ એ ફર્માવ્યું, જેના પર ન ફાક઼ો ગુજર્યો અને ન એટલાં બાળ બચ્ચાં છે જેની શક્તિ નથી અને સવાલનો દરવાજો ખોલે તો અલ્લાહ તઆલા તેના પર ફાક઼ાનો દરવાજો ખોલી આપશે એવી જગાએથી જે એના ખયાલમાં નથી. *(બયહક઼ી)*

**હદીષ-૪** : હઝરત ઈમરાન ઈબ્ને હસન رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે હુઝૂરે અક્દસ ﷺ ફર્માવે છે, ખુશ હાલવાળાનું સવાલ કરવું ક઼યામતના દિવસે તેના ચહેરામાં અયબ થશે. અને એક રિવાયતમાં એ પણ છે કે ગનીનો સવાલ આગ છે, થોડુ આપવામાં આવ્યો તો થોડી, વધુ આપવામાં આવ્યું તો વધુ. *(ઈમામ અહમદ, બઝ્ઝાર, તિબ્રાની)*

**હદીષ-૫** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, જે માલ વધારવા માટે સવાલ કરે છે તે અંગારાનો સવાલ કરે છે, તો ચાહે અધિક માંગે કે કમ. *(ઈબ્ને માજહ)*

આ દહેજ માંગનારાઓ સંબંધે ખાસ દલીલ છે, જે સામાન્યતઃ એ જ બુરી નિય્યતથી દહેજનો સવાલ કરવામાં આવે છે.

**હદીષ-૬** : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સદક઼ાથી માલ ઓછો નથી થતો અને હક્ક઼ માફ કરવાથી ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા બંદાની ઈજ્જત વધારશે અને કોઈ સવાલનો દરવાજો ખોલશે પણ અલ્લાહ તઆલા તેના પર મોહતાજીનો દરવાજો ખોલશે. *(ઈમામ અહમદ, અબૂ યઅ્લા, બઝ્ઝાર)*

**હદીષ-૭** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما બયાન ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મિમ્બર પર બિરાજમાન હતા, સદક઼ા તથા સવાલ (કરવાથી) બચવાનો ઉલ્લેખ કરી રહ્યા હતા, (એ દરમ્યાન) ફર્માવ્યું કે ઉપરવાળો હાથ નીચેવાળા હાથથી બેહતર છે અને ઉપરવાળો હાથ ખર્ચ કરવાવાળો છે અને નીચેવાળો હાથ માંગવાવળો છે. *(ઈમામ માલિક, બુખારી, મુસ્લિમ)*

**હદીષ-૮** : હઝરત ક઼બીસા બિન મખારિક઼ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે. કહે છે કે મારા પર એકવાર પ્લેગ લાગુ થયો. મેં હુઝૂરે અક્દસ ﷺ ની ખિદમતમાં હાજર થઈને સવાલ કર્યો. ફર્માવ્યું, થોભો! અમારી પાસે સદક઼ાનો માલ આવશે તો તમારા માટે હુકમ કરીશ. પછી ફર્માવ્યું, હે ક઼બીસા! સવાલ હલાલ નથી પણ ત્રણ વાતોમાં : કોઈએ ઝમાનત કરી હોય તો તેના માટે સવાલ હલાલ છે ત્યાં સુધી કે તે માત્રા પ્રમાણે પામે, પછી (સવાલથી) દૂર રહે. અથવા કોઈ શખ્સ પર આફત આવી કે તેના માલને તબાહ કરી નાખ્યો તો તેના માટે સવાલ કરવો હલાલ છે, ત્યાં સુધી ગુજારો કરવા પૂરતુ મેળવી લે, અથવા કોઈને ફાક઼ો થયો (ભૂખે ટંક જાય) અને તેની ક઼ૌમના ત્રણ બુદ્ધિવાળા ગવાહી આપે કે ફલાણાને ફાક઼ા પહોંચ્યા છે, તો તેણે સવાલ કરવો હલાલ છે ત્યાં સુધી કે ગુજારા પૂરતુ મેળવી લે. અને આ વાતો સિવાય હે ક઼બીસા ! સવાલ કરવો હરામ છે, કે સવાલ કરનારો હરામ ખાય છે. *(મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ)*

ફાક઼ો કરવા સંબંધે ત્રણ વ્યક્તિઓની ગવાહી જમહૂર (બહુમતિ ઉલમા) નજીક મુસ્તહબના રૂપે છે અને આ હુકમ તે વ્યક્તિના માટે છે જેનું માલદાર હોવું માલૂમ તથા મશ્હૂર હોય, અને જેનું માલદાર હોવું માલૂમ ન હોય તે વ્યક્તિનું કેવળ કહી દેવું જ પૂરતુ છે કે પોતાને ફાક઼ા જાય છે. *(બહારે શરીઅત, ભાગ-૫)*

ઈમાનવાળા મુસલમાન તથા હોશ ધરાવનાર વ્યક્તિ માટે તો આ થોડાક મુબારક આદેશો જ પૂરતા છે જેના થકી વિના જરૂરતે સવાલ કરવાની બેઈજ્જતી તથા બુરાઈનો સારી રીતે અંદાજો કરવામાં આવી શકે છે અને વિના શંકાએ જમાઈનું દહેજ માંગવું વિના જરૂરતે કેવળ માલ એકત્ર કરવા, મોટાઈ તથા દેખાડો કરવા અથવા એશ આરામની સગવડો પામવા તથા માલદાર થવા માટે હોય છે. એને એવી જરૂરત હોય છે કે ન માંગવું હલાલ થાય ન એનો કોઈ શરઈ હક્ક઼ એના સંબંધ હોય છે જેને

વસૂલ કરવાના માટે સવાલ જાઈઝ થાય, જેથી એવા સવાલ તથા માંગણીનું મન તથા આગ્રહ કરવું હરામ હોવામાં કોઈ શંકા જ નથી અને તે સર્વ હદીષો જે સવાલ કરવાના માટે આવેલી છે તે દહેજની માંગણી કરનારાઓ પર ચોક્કસ લાગુ થશે.

ઉપરોક્ત હદીષોમાં એક જગાએ સ્પષ્ટ મૌજૂદ છે કે, "આપનારો ઉપરવાળો હાથ બેહતર છે અને લેવાવાળો નીચેવાળો હાથ કમતર છે." અને કુર્આને પાકમાં રબ તઆલાએ પુરૂષોને ઉપરીપણુ તથા હાકિમપણુ અતા ફર્માવ્યું છે, અને ઈર્શાદ ફર્માવ્યો છે, الرجال قوامون علی النساء "પુરૂષ હાકિમ છે સ્ત્રીઓ પર." પણ અફસોસ ! કે આજે મરદ હાકિમ થઈને પોતાના મક઼ામ તથા હોદ્દાની વિરુદ્ધ સ્ત્રીના સાથે સાઈલ બનીને ઝલીલ થાય છે. માલના એતબારથી પત્નીનો પતિ પર હક્ક઼ છે, અને પતિનું પત્ની પાસે કાંઈ માંગવું શરીઅતમાં હરગિઝ જાઈઝ નથી. આ સરાસર બુરી રસમ તથા ગૈરોનું અનુકરણ છે.

કેટલાક લોકો ઉઘાડે છોગે તો નથી માંગતા પણ સંબંધ નક્કી કરવામાં એનો ખાસ રીતે લેહાઝ કરે છે કે એવી જગાએ રિશ્તો થાય કે જેમાં દહેજ અધિક મળવાની આશા હોય. જેથી જ્યારે ધાર્યા કરતાં ઓછુ દહેજ મળે છે તો સખત નારાજગી પ્રદર્શિત થાય છે. આ પ્રકારની લાલચ પણ શરીઅતમાં સખ્ત ટીકાપાત્ર છે જેને શરીઅતમાં "અસરાફે નફ્સ" કહેવામાં આવેલ છે.

**હદીષ-૯** : હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે. ફર્માવે છે કે હુઝૂર ﷺ મને અતા ફર્માવતા. હું અર્ઝ કરતો, એવાને આપી દો જે મારાથી અધિક હાજતમંદ છે. ઈર્શાદ ફર્માવ્યો, એને લો અને અપનાવીને ખૈરાત કરી દો. **જે માલ તમારી પાસે લાલચ વિના અને વણ માંગ્યે આવી જાય તેને લઈ લો, અને જે ન આવે તો તેની પાછળ તમારા નફ્સને ન નાખો.** *(બુખારી, મુસ્લિમ)*

અત્યાર સુધીની સર્વ ચર્ચા દહેજ માંગવા અને તેની લાલચ કરવા સંબંધિત હતી જેની બુરાઈ ઘણેખરે અંશે વર્ણન કરવામાં આવી ચૂકી, પણ આ મહાન બલાના સબબો પર જ્યારે વિચારણા કરવામાં આવે છે તો તેનો એક મહાન સબબ એ પણ સમજમાં આવે છે કે ઘણીવાર છોકરો માંગણી તો નથી કરતો પરંતુ છોકરીનો બાપ કેવળ વાહ વાહ કરાવવા તથા નામ કરવા માટે શક્તિ બહારનું એટલા પ્રમાણમાં દહેજ આપે છે જે અન્ય લોકો માટે દષ્ટાંત અને ઉત્તેજીત કરવાનો સબબ બને છે, પરિણામે આસપાસના અન્ય લોકો પણ પ્રભાવિત થઈને તેનાથી વધીને આપવા અને અમુક લેવાના ઈચ્છુક થઈ જાય છે અને વિચારણા કરવામાં આવે તો એ જ બુરાઈઓનો પાયો છે જેના પર યોગ્ય રોકથામ જરૂરી છે.

દરેક માણસ મધ્યમમાર્ગી તથા શક્તિ અનુસાર માંગ્યા વિના પોતાની ખુશીથી છોકરી કે છોકરાને કાંઈક આપી દીધા કરે તો એની અસર એટલી ગલત ન થશે. અને જો સમાજના લીડરો મશ્વરાથી કાંઈક હલકો ફુલકો સામાન નિશ્ચિત કરી આપે કે જેથી દરેક અમીર તથા ગરીબ માણસ સરળતાપૂર્વક તેને આપી શકે તો એ સૌથી બેહતર છે. જેમ કે મુસલમાનોમાં અમુક સ્થળોએ એનો રિવાજ પણ છે. પણ અફસોસ! કે આ ભૌતિકવાદના યુગમાં દીન તથા મઝહબ અને સારા કિરદારને અભરાઈએ ચઢાવીને કેવળ સોના ચાંદી અને માલ તથા દૌલત પર ધ્યાન આપવામાં આવે છે જેનો વબાલ તથા અઝાબ આખેરતમાં જે થશે તે તો થશે જ ! પણ ખૂદ દુનિયામાં પણ તેનાં નુકસાનો તથા ખરાબીઓ હદ તથા ગણત્રી બહારનાં છે. તેનાં દુનિયાવી નુકસાનોનો અંદાજો લગાડવા માટે એ જ પૂરતુ છે કે જે ગૈરોના અનુકરણમાં આ બુરી રસમના આપણે આદી થઈ ચૂક્યા છીએ તેઓ જ આપણાથી અધિક આજે દહેજ તથા તલાક઼ વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. તે લીડરો જેઓ સમાજમાં પોતાની વાત મનાવવાની સ્થિતિ ધરાવે છે તેઓ ખાસ કરીને ધ્યાન આપે તો આ બુરી રસમનો ખાત્મો થઈ શકે છે, અને ખાસ કરીને ઉલમાએ કિરામ અને મસ્જિદના ઈમામોથી ગુઝારિશ છે કે તેઓ પણ આના વિરુદ્ધ અવાજ ઉઠાવે અને તેની તબાહકારીઓથી ક઼ૌમને વારંવાર માહિતગાર કરે અને પોતે પણ પોતાની શાદીઓ એવા સાદા અંદાજથી કરે કે ક઼ૌમના માટે દષ્ટાંતરૂપ બને.

*(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક ઉર્દૂ, જાન્યુ. થી માર્ચ–૨૦૧૦, અઝ : મૌલાના અબ્દુલ મુબીન નોઅમાની)*

# બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

**★ ઉર્સે ખ્વાજા દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ★**

**બીરપુર શરીફ** ખાતે ષાનીએ ગૌષે આ'ઝમ, મહબૂબે સુબ્હાની, કુત્બે રબ્બાની, વલીએ કામિલ હઝરત ખ્વાજા કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક રબીઉલ આખર ચાંદ ૭ થી ૧૧ (તા. ૨૪ માર્ચ થી ૩૦ માર્ચ)ના દિવસોમાં મનાવવામાં આવશે. જેમાં રબીઉલ આખર ૧૦મા ચાંદે (૨૭/૩/૨૦૧૦)ના રોજ ઈશા બાદ કુર્આનખ્વાની, શજરાશરીફ, ફાતેહાખ્વાની સાથે સંદલની રસ્મ અદા થશે. આ મહાન હસ્તીના દરબારમાં દેશ વિદેશના લોકો ભૂત, પ્રેત વગેરે નડતરો તથા બીમારીઓથી નજાત પામવા તથા મુરાદો માંગવા હાજર થાય છે અને ફૈઝયાબ થાય છે. બેઔલાદવાળા ઔલાદ પામે છે. આ મુબારક અવસરે સર્વ અકીદતમંદોને ફૈઝે દરિયાઈ પામવા નિમંત્રણ છે. ચાંદ ૨૯ના થશે તો ૨૬/૩/૨૦૧૦ના રોજ સંદલ થશે.

*–હઝરત પીર સૈયદ સફીયુલ્લાહબાવા એફ. દરિયાઈ*

**વેરાવળ** : તા. ૧/૧/૨૦૧૦ (૧૪ મુહર્રમ)ના રોજ ઈશા બાદ જૂની મામલતદાર ઓફીસ પાસે અલ બરકાતી ગૃપ–વેરાવળ થકી "ઝિક્રે શોહદાએ કર્બલા તથા ઉર્સે નૂરી" મનાવાયો જેમાં મુફતીએ મહારાષ્ટ્ર ખલીફાએ હુઝૂર મુફતીએ આઝમ હઝરત અલ્લામા મુજીબ અશરફ સાહબ નાગપુરીએ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. મદ્રસા ગૌષિયા રઝવિય્યાના તલબાનો નઅત, તકરીરનો મુકાબલો પણ થયો હતો જેમને હઝરતના મુબારક હસ્તે ઈનામો વિતરણ થયાં હતાં. એનાઉન્સર તરીકે મૌલાના નજમુલ હુદા સાહબે સારું સંચાલન કર્યું હતું.

*–રજૂ. હાજી કાલુ કરવત 'રઝવી'*

**વલણ** : (તા. કરજણ) મુકામે તા. ૧૯/૧૨/૨૦૦૯ના રોજ 'જશ્ને શહીદે આઝમ' નિમિત્તે સુન્ની દાવતે ઈસ્લામીનો શાનદાર સુન્ની ઈજતેમા થયો જેમાં મુકર્રિરે ઝી શાન હઝરત મૌલાના સૈયદ અમીનુદ્દીન કાદરી (નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ) સાહબે ખૂબ જ શાનદાર બયાન કર્યું હતું.

**વલણ** : તા. ૧૪/૧/૨૦૧૦ના રોજ ઈશા બાદ સુન્ની દાવતે ઈસ્લામીનો અઝીમુશ્શાન ઈજતેમા યોજાયો હતો જેમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામી, ખતીબે બેમિષાલ, પીરે તરીકત હઝરત મૌલાના મુહમ્મદશાકિર રઝવી નૂરી સાહબે ઈમામે હુસૈન رضی اللہ عنہની કુર્બાનીઓ તથા કિરદારના વિશે સબકઆમોઝ બયાન કર્યું હતું તથા અંતમાં યુ.કે. લેસ્ટર ખાતેના સુન્ની દાવતે ઈસ્લામીના ચાહક મર્હૂમ ઈસ્માઈલ અહમદ દાના વલણવાળાને યાદ કરીને તેમના માટે દુઆએ મગફેરત પણ કરી હતી.

**દયાદરા** : ખાતે તા. ૧૦/૨/૨૦૧૦ ના રોજ ઉર્સે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નિમિત્તે શાનો શૌકતથી 'જશ્ને ઈમામ અહમદ રઝા' મનાવાયો જેમાં હઝરત મૌલાના મુફતી હાફિઝ અશ્રફ રઝા બુરહાની પોરબંદરવાળા સાહબે આ'લા હઝરતની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યુ હતું તથા વહાબી દેવબંદીઓની ગુસ્તાખીઓને તેમની કિતાબોના હવાલા સાથે રજૂ કરી તેમની રદ કરી હાજરજનોનાં ઈમાનોમાં તાજગી ભરી દીધી હતી.

**જામ જોધપુર** : ખાતે ખલીફએ આ'લા હઝરત મુજાહિદે કાઠિયાવાડ હઝરત મૌલાના મુફતી શાહ મેહમૂદ જાન સાહબ رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે હુઝૂર તાજુશ્શરીઆ પીરે તરીકત હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝાખાં مدظلہ العالی તશરીફ લાવ્યા હતા. તથા શાહઝાદા તાજુશ્શરીઅહ હઝરત મૌલાના અસ્જદ રઝા સાહબ, હઝરત મૌલાના શોએબ રઝા સાહબ, હઝરત મૌલાના અબ્દુલ મુસ્તફા સાહબ હશ્મતી (રુદોલી શરીફ) તથા હઝરત મૌલાના અન્વાર અહમદ કાદરી (ઈન્દોર), હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાલાનાં ઈમાન અફરોઝ બયાનો થયા હતાં. મોટી સંખ્યામાં પબ્લિક હાજર રહી ફૈઝયાબ થઈ હતી. *–રજૂ. અલ્તાફ નાથાણી (ઉપલેટા)*

**ઉપલેટા** : બઝમે નૂરી કમિટી થકી તા. ૩૧/૧૨/૨૦૦૯ના રોજ હુઝૂર મુફતીએ આઝમ

મુસ્તફા રઝાખાં નૂરી رحمۃ اللہ علیہનો ૨૯ મો ઉર્સ શાનો શૌકતથી મનાવાયો જેમાં પ્રથમવાર શાનદાર જુલૂસનું પણ આયોજન થયું હતું. ઝકરિયા મસ્જિદમાં હઝરત મૌલાના કારી સખાવત હુસૈન સાહબ મુરાદાબાદીનું શાનદાર બયાન થયું હતું. તે ઉપરાંત તા. ૧૧/૧/૨૦૧૦ના રોજ ઉર્સે હઝરત જલ્દીશાબાવા رحمۃ اللہ علیہના ઉર્સ પ્રસંગે સુન્ની દાવતે ઈસ્લામીનો અઝીમુશશાન સુન્ની ઈજતેમા યોજાયો જેમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામી પીરે તરીકત હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. *–રજૂકર્તા : અલ્તાફ નાથાણી*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**મુબારકપુર** : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના મુદર્રિસ હાફિઝ ક઼ારી અજમલ સાહબનાં વાલિદા મોહતરમા મૈમૂન્નિસા મુહમ્મદ અહમદ અન્સારીનો ઈન્તેકાલ તા. ૧૬/૧/૨૦૧૦, ૨૯–મુહર્રમ ૧૪૩૧ના રોજ થયો છે. મૌલા કરીમ મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. ક઼ારી સાહબ તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પોરબંદર** : મર્હૂમ હાજી યુસુફ ઉસ્માન હામદાણીનો ઈન્તેકાલ ૨૬ ઝીલ કઅદને શનિવારે તા. ૧૪/૧૧/૨૦૦૯ના રોજ થયો હતો તેમના ઈસાલે સવાબ અર્થે **Rs. 500/-** ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરામાં આપ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : તા. ૧૯/૧/૨૦૧૦ (૩ સફર ૧૪૩૦)ના રોજ હૈદર અબ્દુલ ગીધાનો છાતીમાં દુઃખાવો થતાં અચાનક ઈન્તેકાલ થયો છે. તેમજ દાઉદ ઈસ્માઈલ બરેડીયાનો તા. ૩૦/૧/૨૦૧૦ના રોજ અચાનક ઈન્તેકાલ થયો છે તેમજ લેન્કાસ્ટર (યુ.કે.) ખાતે અબ્દુલભાઈ મજેનો તા. ૪/૨/૨૦૧૦ના રોજ અને કેનેડા ટોરન્ટો ખાતે ગુલામભાઈ દેસાઈનો તા. ૨૪/૧/૨૦૧૦ના રોજ ઈન્તેકાલ થયો છે. તથા ફાતમાબેન ઈસ્માઈલ કીડીવાલાનો તા. ૮/૨/૨૦૧૦ ના રોજ દયાદરા મુકામે ઈન્તેકાલ થયો છે.

**વલણ** : (તા. કરજણ) મુક઼ામે ૨૨ સફર હિ. ૧૪૩૧, તા. ૭/૨/૨૦૧૦ના રોજ જનાબ રુસ્તમભાઈ વકા તથા યુસુફભાઈ વકાના વાલિદા બીબીબેન મૂસા વકા ઈન્તેક઼ાલ કરી ગયાં. રબ તઆલા તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمના સદક઼ામાં મર્હૂમાની મગફેરત ફર્માવે તથા જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. (આમીન)

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ) ખાતે સર્વ મોમિન મર્હૂમોની મગફેરત માટે કુર્આન ખ્વાની કરી ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો તથા દુઆ ગુજારવામાં આવી હતી. *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

**જામનગર**માં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા તથા અંજુમનના મેમ્બર, ડોનર થવા માટે સંપર્ક કરો

**અબ્દુર્રઝઝાકભાઈ કાસમાણી, મો. ૦૯૭૨૩૩૫૨૧૫૪**

## મસ્જિદ માટે સહાય કરો

**આમોદ** : (જિ. ભરૂચ) ખાતેથી મુહમ્મદ ઈકબાલ અશરફી પોષ્ટ કાર્ડ લખી જણાવે છે કે બજારમાં સીદી મસ્જિદની સંગે બુનિયાદ હઝરત સૈયદ મેહમૂદ અશરફ અશરફી સાહબના હસ્તે તા. ૨૮/૨/૨૦૧૦ના રોજ થઈ તો સખીદાતોઓને વિનંતિ કે મસ્જિદના તામીરી કામમાં ભરપુર ઈમદાદ કરશો. સંપર્ક કરો : સલીમભાઈ દલાલ, મો. ૯૪૨૬૮ ૯૪૬૦૨, અબ્દુલક઼ાદર કંબોલીવાળા, મો. ૯૪૨૭૧ ૫૮૨૭૨

**મુબારકપુર** : (જિ. આઝમગઢ) ખાતે મસ્જિદે ગૌષુલવરા મહોલ્લા પૂરાખિઝર રૂા. **૨,૫૦,૦૦૦/–** તથા મસ્જિદે નૂરાની મહોલ્લા હૈદ્રાબાદ **રૂા. એક લાખ** અને અહસનુલ મસાજિદ, કસ્બા નિઝામાબાદ **રૂા. દોઢ લાખ**ની મસ્જિદના સ્લેબો ભરવામાં જરૂરત છે તો સખીદાતાઓ તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)નો સંપર્ક કરે કે કામો અટકેલાં છે. *(રજૂ. મુહમ્મદ શોએબ, હક્ક઼ એકેડમી–મુબારકપુર)*

# અમારું અવલોકન

**કિતાબ** : **બુઝુર્ગોના અક઼ીદા** (પેજીસ : ૩૩૬) પ્રથમ આવૃત્તિ, કિંમત : રૂા. **૧૨૫/-** (રૂા. ૫ ટપાલ ખર્ચ)

**લેખક** : ફક઼ીહે મિલ્લત મુફતી **જલાલુદ્દીન અહમદ અમજદી** رحمۃ اللہ علیہ
*(બાની : મર્કઝે તર્બિયતે ઈફતા દારુલ ઉલૂમ અમજદિયા–ઓઝગંજ, યુ.પી.)*

**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી** (હાલ : પ્રેસ્ટન–યુ.કે.)

**પ્રકાશક** : **અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦, ફોન નં. (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

ખૂબ જ ઉમદા વિષયમાં પ્રસ્તુત કિતાબ મુસલમાનના નામ પર નવા નવા નીકળેલા વહાબી, દેવબંદી વગેરે ફિર્કાવાળાઓના ફેલાવેલા બદ્અક઼ીદગીના પ્રદૂષણને દૂર કરતી તથા વાંચકને સિરાતે મુસ્તક઼ીમ પર મજબૂત કરી અને પોતાના અહલે સુન્નતના અક઼ીદા પર સંતોષ તથા સુકૂન અર્પતી આ કિતાબ **''બુઝુર્ગોના અક઼ીદા''** આપણી જમાઅતના મશહૂર ફક઼ીહ હઝરત અલ્લામા મુફતી **જલાલુદ્દીન અમજદી** رحمۃ اللہ علیہ ની લખેલી અણમોલ કૃતિ છે. અલ્લાહનું જ ફર્માન જેને આપણે નમાઝની દરેક રકાતમાં દોહરાવીએ છીએ અને રબની બારગાહમાં અર્ઝ કરીએ છીએ કે, ''અમને સીધા રસ્તે ચલાવ તેઓના રસ્તા પર જેના પર તેં એહસાન કર્યું, નહીં કે તેઓના જેમના પર ગઝબ થયો અને ન ભટકેલાઓના.'' (સૂરએ ફાતિહા) હવે અલ્લાહનું એહસાન (ઈનામ) પામેલા બંદા કોણ ? નબી, સહાબા, તાબઈન, શહીદો, વલીઓ ! તો આ કિતાબમાં એ સીધા માર્ગે ચાલનારા અને રબનું ઈનામ પામનારા બંદાઓનો શો અક઼ીદો છે તે જોઈ લો અને તેના પણ જામી જાવ ! એમનો અક઼ીદો છે કે નબી વલીના સંબંધે ઈલ્મે ગયબ માનવું, હાઝિર નાઝિર માનવું, હાજત રવા માનવું, મન્નતો માનવી, મુશ્કિલ કુશા માનવું, ''યા''થી પોકારવું વગેરે જાઈઝ છે, એના સંબંધે તેમના જ જીવનના પ્રસંગો તથા કથનો વર્ણવવામાં આવ્યા છે. હવે આ ઈનામવાળા બંદાઓથી ઉલ્ટા માર્ગે જે ચાલે તે યક઼ીનન ! અલ્લાહનો ગઝબ પામનાર અને ગુમરાહ લોકો જ છે. જેથી દેવબંદી, વહાબી વગેરે જે ઉપરોક્ત સર્વ વાતો નબી વલી વિશે માનવાને શિર્ક કહે છે અને એ ઈનામવાળા બંદાઓથી ઉલ્ટો અક઼ીદો ધરાવે છે જેથી નક્કી કે તેઓ ખુદાના ગઝબનો શિકાર તથા ગુમરાહ છે. વધુ માટે આ કિતાબ વાંચો અને તમારા ઈમાનમાં પુખ્તગી ભરી દો. લેખક, અનુવાદક, પ્રકાશકને તથા સહાયકોને રબ તઆલા જઝાએ ખૈરથી નવાઝે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નોંધ : Rs 300/- ભરી ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''ના મેમ્બર થનારને તથા ડોનરને આ કિતાબ ઘર બેઠાં ફ્રીમાં મોકલવામાં આવશે.**




# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

3 X 2 લકઝરી બસ

**આયોજિત જમવા રહેવા સાથે**

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ સાથે, કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, પાણીપત, દિલ્હી, આગ્રા, ફતેહપુર સીક્રી, જયપુર, મીરાદાતાર પરત ધોળકા.**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/- | રૂા. ૩,૫૦૧/- | ૧૮ |

**બસ ઉપાડવાનું સ્થળ** : તાલુકા પંચાયત, સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૫૦૯૫૨૫૪, ૯૭૨૪૬૫૯૮૫૩**

**નોંધ** : ૧. ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી પેસેન્જરના શીરે રહેશે.
૨. તા. ૨૨/૫/૨૦૧૦ અને ૨૮/૫/૨૦૧૦ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે.

# નઅતે રસૂલ صلى الله عليه وسلم

અઝ: **હઝરત અલ્લામા અબ્દુર્રહમાન જામી** رحمة الله عليه

**તનમ ફર્સુદા, જાં પારા, ઝે હિજરાં યા રસૂલલ્લાહ !** صلى الله عليه وسلم
**દિલમ પઝમુર્દા, આવારા, ઝે ઈસયાં યા રસૂલલ્લાહ !** صلى الله عليه وسلم

''યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم આપની જુદાઈમાં મારું શરીર નકામુ તથા જીવ ટુકડે ટુકડા છે.
અને ગુનાહોના બોજથી દિલ મુરઝાયેલું અને માર્ગથી ભટકેલું થઈ ગયું છે.''

**ચૂં સૂએ મન ગુઝર આરી, મને મિસ્કીં ઝે નાદારી**
**ફેદાએ નક્શે નઅલયનત, કુનમ જાં, યા રસૂલલ્લાહ !** صلى الله عليه وسلم

''યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم જો આપ કદી આ બાજુ ધ્યાન કેન્દ્રિત કરો તો હું ગરીબ મિસ્કીન
મારી નાદારીમાં, આપના જોડાઓના નિશાન પર મારી જાન નિછાવર કરીશ.''

**ઝે કર્દા ખ્વેશ હૈરાનમ, સિયાહ શુદ ઈસ્યાનમ**
**પશેમાનમ, પશેમાનમ, પશેમાં, યા રસૂલલ્લાહ !** صلى الله عليه وسلم

''યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم હું મારા કરતૂતો પર હેરાન છું કે હિસાબના દિવસે મારું આમાલનામુ
ગુનાહોથી કાળુ હશે. હું પસ્તાવા તથા શરમિંદગીથી પાણી પાણી થઈ રહ્યો છું.''

**ઝે જામે હુબ્બે તૂ મસ્તમ, બ ઝંજીરતે તૂ દિલે બસ્તમ**
**નમી ગોયમ કે મન હસ્તમ, સુખનદાં, યા રસૂલલ્લાહ !** صلى الله عليه وسلم

''યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم હું તો આપની મહોબ્બતથી ચૂર અને આપના ઈશ્ક઼ની જંઝીરનો કેદી છું.
હું કેવી રીતે દાવો કરી શકુ છું કે હું મહાન સુખનદાં (પ્રવક્તા) છુ.''

**ચૂં બાઝુએ શફાઅત રા, કુશાઈ બર ગુનાહગારાં**
**મકુન મહરૂમ "જામી" રા, દર આં, યા રસૂલલ્લાહ !** صلى الله عليه وسلم

''યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم જ્યારે હિસાબના દિવસે આપ આપનો શફકત (હેત)નો હાથ
ગુનેહગારોના માટે ફેલાવો, તો આ આજિઝ ''જામી''ને મેહરુમ રાખશો નહીં.''

**નોંધ** : હઝરત અબ્દુર્રહમાન ''જામી'' رحمة الله عليه એક મહાન વલી તથા આશિકે રસૂલ થઈ ગયા જેમનો જન્મ ૨૩ શાબાન હિ.સ. ૮૧૭, ૭ નવેમ્બર ઈ.સ. ૧૪૧૪માં થયો હતો. રસૂલલ્લાહ صلى الله عليه وسلمને ''યા'' કહીને પોકારવું તથા તેમને અલ્લાહની અતાથી મદદ કર્તા સમજી મદદ માટે પોકારવાનું ''શિર્ક'' છે એવું કહેવાવાળો ત્યારે હજી કોઈ પેદા થયો ન હતો. ''શિર્ક–શિર્ક''ની બૂમો પાડનારા નવા ધર્મવાળા છેલ્લા ૨૫૦–૩૦૦ વર્ષથી **નજ્દ** તથા **દેવબંદ**માં પેદા થયા. જે સાબિત કરે છે કે આ નવા અક઼ીદાવાળાનો ધર્મ જૂઠો છે અને અસલ સહીહ સુન્ની અક઼ીદો એ જ છે જેને આજે આપણે સુન્નીઓ 'મસ્લકે આ'લા હઝરત'ના નામની ઓળખીએ છીએ, એ જ અસલ 'અહલે સુન્નત વ જમાઅત' છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મુઝકો જાના હૈ બહુત ઉંચા હદ્દે પરવાઝસે

*મંઝૂર હૈ ઈસ બઝ્મ મેં ઈસ્લાહે મફાસિદ–નશ્તર જો લગાતા હૈ વોહ દુશ્મન નહીં હોતા*
*વોહ ઈશરત મૌત હૈ યા રબ ! જો નઝર પર ડાલ દે પર્દે–વોહ દૌલત કહર હૈ જો દિલ કો તુઝસે બે ખબર કર દે*

જનાબ અલ્હાજ શબ્બીર પટેલ રઝવી સાહબ મુજાહિદે કૌમો મિલ્લત અસ્સલામુ અલૈકુમ ! ''બરકાતે ખ્વાજા'' (માસિક) ફેબ્રુઆરી–૨૦૧૦નો અંક સમયસર મળ્યો એમાં આવતા લેખો ખુસૂસન આપનો તંત્રી લેખ ''ઈસ્લામની તબ્લીગમાં રસૂલ ﷺ તથા સહાબાએ વેઠેલી તકલીફો'' ઘણો જ ગમ્યો જે દિલો દિમાગને ઝંઝોળી નાખે છે. એવું જણાય છે કે *લવ સરકત ફાતિમતુ બિન્તી મુહમ્મદીંન લક અતુયદહા*નો ફયૂઝ આપને પણ મળ્યો છે. જઝબાત અને જોરે કલમ તેજતર જણાય છે. *અલ્લાહ કરે જોરે કલમ ઔર જ્યાદા હો. ખુદા ઐસી કુવ્વત દે તેરે કલમ મેં ! કે બદ્અમલો કા સુધારા કરે તૂ.* તેમજ મૌલાના ગુલામ યાસીન તથા મૌલાના ઈમરાન તથા મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહીયાનના લેખો પણ ઘણા સરસ તેમજ મુદલ્લલ આવે છે. અઝીઝમ્ મેં ''બરકાતે ખ્વાજા'' માસિક જેવું ગુજરાતી માસિકોમાં બીજુ નથી જોયું કે જે મુદલ્લલ પણ હોય અને નીડર પણ હોય. લખવાવાળા નીડરનું ટાઈટલ જરૂર લખે છે પણ હોય છે એના સિવાય !

અઝીઝમ્ ! આપનુ આ પ્યારુ ''બરકાતે ખ્વાજા'' માસિક અમોને તેમજ અમારા દોસ્તોને ઘણુ પસંદ આવ્યું. આજના પુર આશુબ તેમજ ફેશનેબલ જમાનામાં ઈસ્લામી વર્ગના દરેક લોકોને ''બરકાતે ખ્વાજા'' (માસિક) નસીહત અને સત્ય રસ્તો બતાવે છે. અને આપ પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયાની અસલિયતનો જે હુસ્ને ખૂબી તથા નીડરતાથી પર્દાફાશ કરો છો તે ખરેખર મુબારકબાદીને લાયક છે. અંતમાં દુઆગો છું કે અલ્લાહ રબ્બુલ આલમીન આપના વુજૂદે મસ્ઊદને હવાદિષાતે જમાનાથી મહફૂઝ રાખે અને આપને સેહત તથા આફિયત તેમજ સુકૂનો ઈત્મિનાનથી નવાઝે. (આમીન) *–(હાફેઝ) મુહમ્મદ અબ્દુલ મજીદ કુરચણવી*

મોહતરમ હાફેઝ સાહબ વઅલૈકુમુસ્સલામ, પત્ર બદલ આભાર જઝાકલ્લાહ ! અલ્લાહ આપના બોલ મુબારક રાખે. તેમજ અન્ય ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના ચાહકોના ઘણા પત્રો તથા ફોન મુબારકબાદીના મળતા રહે છે તે સૌનો હું આભારી છું. હોસલા અફઝાઈ બદલ શુક્રિયા, જઝાકલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનાં સાહબઝાદી મોહતરમાનો ઈન્તેકાલ પુરમલાલ !

સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનાં ત્રીજાં સાહબઝાદી ''બરકાત ફાતિમા'' (رضی اللہ عنہا) લગભગ ૯૬ વરસની વયે ૨૯ ઝીલ હજ્જ હિ.સ. ૧૩૪૦, તા. ૧૭–૧૨–૨૦૦૯ને જુમેરાતે ઈશાની નમાઝ પઢયા બાદ આ ફાની જગતને અલવિદા કહી અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. *ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન.* મોહતરમા ખૂબ જ ખૂબીઓનાં માલિક હતાં. પોતાના દાદા મોહતરમ સરકાર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہથી મુરીદ હતાં. આ'લા હઝરતે આપને પોતાની ગોદમાં ખવડાવેલું. આપ ફિક્હી મસાઈલમાં ખૂબ જ નિપૂણતા ધરાવતાં હતાં. તક્વા તથા પરહેઝગારીનો આલમ એ હતો કે આ ઝઈફીના આલમમાં પણ લોકો આપનો સાયો સુદ્ધાં જોઈ શકતાં ન હતા. કોઈ ગૈર મેહરમે કદી તેમનો અવાજ પણ નથી સાંભળ્યો. કોઈ મસ્અલામાં લોકો ઉલઝતા તો તે પોતાના વાલિદે ગિરામી સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના મુબારક અમલનો હવાલો આપીને તેને બઆસાની હલ કરી આપતાં. આપ હઝરત મૌલાના સાજિદ અલીખાં رحمۃ اللہ علیہના અહલિયા સાહેબા અને હઝરત મૌલાના ખાલિદ અલીખાં رحمۃ اللہ علیہના વાલિદા મોહતરમા હતાં. ૩૦ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૩૦ જુમ્આના રોજ મગરિબ પહેલાં ઈન્ટર કોલેજમાં આપની નમાઝ અદા કરવામાં આવી અને સાહબઝાદા ગિરામી હઝરત મૌલાના અલ્હાજ ખાલિદ અલીખાંના મઝારેપાકના સાથે આપની દફનવિધિ થઈ. ખુદાએ વહદહૂ લાશરીક તેમના બાપદાદા તથા મશાઈખનાં તુફૈલ પળેપળ તેમની કૃબ્ર પર રહમત તથા નૂરની વર્ષા વરસાવે અને એમના મર્તબાઓમાં રાત દિવસ વધારો કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*